॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ

[ શ્રી० જૈન શ્વે० કૉન્ફરન્સનું માસિક-પત્ર ]


પુસ્તક ૨ | પોષ

અંક ૫ | ૧૯૮૩



માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઈ


## સામાજિક અંક.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવે છેઃ—

( ૧ ) હાઇસ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણથી અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

( ૨ ) ટ્રેઇનીંગ કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.

( ૩ ) મિડવાઇફ કે નર્સ થવા માટે.

( ૪ ) હિસાબી જ્ઞાન, ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, વિગેરેના અભ્યાસ માટે.

( ૫ ) કળા કૌશલ્ય એટલે ચિત્રકળા, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વિજળી ઇત્યાદીના અભ્યાસ માટે.

( ૬ ) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે

લોન તરીકે મદદ લેનારે લિખિત કરારપત્ર કરી આપવું પડશે. કમીટીએ મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચ સહીત વગર વ્યાજે પાછી વાળવાની છે.

વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે લખોઃ—

| | |
|---|---|
| ગોવાળીઆ ટેંકરોડ, | ઓનરરી સેક્રેટરી, |
| ગ્રાંટરોડ, મુંબઈ. | શ્રી મહાવીર જૈન વિદ્યાલય. |

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડનું

## વિશાળ કાર્યક્ષેત્ર.

૧ સદરહુ બૉર્ડ નવી તેમજ ચાલુ પાઠશાળાઓને મદદ આપી પગભર કરે છે.

૨ જે વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ વધારવા માગતા હોય પણ નાણાની સગવડ ના હોય તેમને સ્કૉલરશીપો આપી ઉચ્ચ કેળવણી અપાવે છે.

૩ બાલકો, બાલીકાઓ, સ્ત્રીઓ તેમજ પુરૂષોની હરીફાઈની ધાર્મિક પરીક્ષા દરવર્ષે ડીસેમ્બરમાં લેછે. અને લગભગ રૂ. ૧૦૦૦નાં ઇનામો દરવર્ષે વ્હેંચી આપે છે.

૪ ઉચ્ચ કેળવણી માટે ખાસ સગવડ કરી આપે છે.

૫ વાંચનમાળાઓ તૈયાર કરાવરાવે છે.

૬ બીજા પરચુરણ કામો પણ કરે છે.

આ ખાતાના લાઇફ મેમ્બરો અને સહાયક મેમ્બરોની આર્થિક મદદથી ઉપરનાં કાર્યો થાય છે. આ ખાતાને રકમો મોકલવી તે પોતાની જાતને ચેતન આપવા બરાબર છે.

**—: મેમ્બરો માટે :—**

લાઇફ મેમ્બર થવાને રૂ. ૧૦૦) એકી વખતે સહાયક મેમ્બર થવાને દર વર્ષે ફક્ત રૂ. પાંચ જ આપવાના છે.

૨૦ પાયધુની, મુંબાઇ ૩.

ઓન. સેક્રેટરીઓ,
**શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશનબોર્ડ.**

---

**રાજા મહારાજાઓ.**

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે–ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવ એનાલાઈઝ થયેલ છે.

# બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ–કાઠીયાવાડ.

# જૈન યુગ.

## સામાજિક અંક.

ૐ સર્વજ્ઞાય નમઃ—દેહનું અને પ્રારબ્ધોદય જ્યાં સુધી બળવાન હોય ત્યાં સુધી દેહ સંબંધી કુટુંબ, કે તેનું ભરણ પોષણ કરવાનો સંબંધ છૂટે તેવો ન હોય, અર્થાત્ આગારવાસ પર્યંત જેનું ભરણપોષણ કરવું ઘટતું હોય તેનું ભરણપોષણ માત્ર મળતું હોય તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુ જીવ આત્મહિતનો જ વિચાર કરે, તથા પુરૂષાર્થ કરે. દેહ અને દેહ સંબંધી કુટુંબનાં મહાત્મ્યાદિ અર્થે પરિગ્રહાદિની પરિણામપૂર્વક સ્મૃતિ પણ ન થવા દે, કેમકે તે. પરિગ્રહાદિની પ્રાપ્તિ આદિ કાર્ય એવાં છે, કે આત્મહિતનો અવસરજ ઘણું કરીને પ્રાપ્ત થવા ન દે. S. R.

પુસ્તક ૨ અંક ૫. વીરાત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. પોષ.

## તંત્રીની નોંધ.

**૧. દ. મ. જૈન શ્વે. પ્રાંતિક પરિષદ્. ૪થું અધિવેશન**

ગત ડિસેંબરની ૨૭ અને ૨૮ મીએ આ પરિષદ્ કોલ્હાપુર રાજ્યના શિરોલરોડ સ્ટેશનપર ખાસ ઉભા કરેલા સાદા મંડપમાં ભરાઈ હતી. દક્ષિણ મહારાષ્ટ્રમાં અનેક જૈન ગૂજરાતીઓ પોતાનાં કુટુંબ સહિત વસે છે અને તેમનો વંશ તપાસતાં દોઢેક સૈકા લગભગ તેમના પૂર્વજો અમદાવાદ પ્રાંત અને તેની આસપાસથી આવેલા જણાય છે અને પછી પૈસે ટકે સુખી થઇ એક બીજા સાથે સંબંધ સગપણ રાખી પોતાનો સંસાર વ્યવહાર ચલાવતા ગયા અને તેથી મોટે ભાગે ગૂજરાત આવી લગ્નાદિ પ્રસંગો કરવાનું અટકી ગયું. આ રીતે સાક્ષાત્ સંબંધ ગૂજરાત સાથે બંધ પડયો; છતાં ગૂજરાતી સંસ્કૃતિ તો કાયમજ રહી. માતૃભાષા ગૂજરાતીનો હજુ સર્વાંશે લોપ થયો નથી. બાપદાદાનો જૈન ધર્મ કાયમ છે અને તેના સંસ્કારો પણ અબાધિત ચાલ્યા આવે છે.

આ ગૂજરાતી ભાઇઓના ઉત્સાહ અને પ્રેમથી દક્ષિણ મહારાષ્ટ્ર જૈનશ્વેતામ્બર પ્રાંતિક પરિષદ્નો જન્મ થયો. ત્રણ અધિવેશનો ભરી ચોથું અધિવેશન આ પત્રના તંત્રીના અધ્યક્ષપણા નીચે ભરાયું. પ્રમુખ તરીકેનું ભાષણ આ અંકમાં પ્રકટ થયેલું છે તેમજ તે પરિષદ્ના સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી સખારામ દેવચંદનું ભાષણ અને પરિષદ્માં થયેલા ૧૩ ઠરાવો પણ પ્રકટ કરવામાં આવ્યા છે તે પરથી આખી પરિષદ્નું કાર્ય અને ગૌરવ સમજી શકાશે.

પોષ ૧૯૮૩ ના 'જૈન ધર્મ પ્રકાશ'માં વર્તમાન ચર્ચાના સુજ્ઞ લેખકે જણાવ્યું છે કે

"આપણી કોન્ફરન્સના સંદેશા સર્વત્ર ફેલાવવા માટે પ્રાન્તિક અધિવેશનની બહુ આવશ્યક્તા છે, અને એ સંબંધમાં મહારાષ્ટ્રના જૈન બંધુઓનો સતત્ પરિશ્રમ ખરેખર પ્રશસ્ય છે. શ્રી કોન્ફરન્સે જે ઠરાવો કર્યા હોય તેને આધીન રહીને આવા પ્રાન્તિક મેળાવડા થાય તેમાં યોગ્ય ઠરાવો થાય અને કોઈ વાર મુખ્ય સંસ્થા શિથિલ કે મંદ પડી જતી જણાય તો તેને જાગૃત પણ કરાય એટલે અનેક રીતે આવા મેળાવડા લાભકારક થઈ પડે એ સ્વાભાવિક છે. વળી આખા સમુદાયમાં કેટલાક વ્યાવહારિક સુધારાઓ કરવામાં ઘણી અગવડ પડે છે, પણ પ્રાન્તિક પરિસ્થિતિ સમજીને વિચારક આગેવાનો ઘણું કાર્ય કરી શકે. કોન્ફ-

રન્સના ઠરાવો ભલામણ રૂપનાજ હોઇ શકે, ત્યારે અનુકૂળતા પ્રમાણે પ્રાન્તિક પરિષદમાં અમલના રૂપમાં પણ ઠરાવો થઈ શકે. એ ઉપરાંત એક પ્રાંતના લોકો પોતાના વ્યાપાર અને કેળવણીના સવાલો પર તથા બોર્ડિંગ આદિ સંસ્થાઓપર સીધું ધ્યાન આપી શકે, અગવડો દૂર કરાવી શકે અને સક્રિય રચનાત્મક કાર્યનો વિચાર કરીને અમલ કરી શકે."

**આ વિચારો સાથે મુખ્યતઃ અમે સંમત છીએ. આ પ્રાંતિક પરિષદ્‌ના બાંધેલા નિયમોમાં એક એ પણ નિયમ ઉમેરવામાં આવ્યો છે કેઃ—**

"આ પ્રાંતિક પરિષદે આપણી મુખ્ય એવી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની ઑફિસ–મુંબઇ સાથે સંબંધ રાખી તેની સાથે વ્યવહાર રાખવો ને તેની સલાહ સૂચના લેવી."

આ નિયમ પ્રમાણે પરિષદ્‌ના કાર્યવાહકો વર્ત્તશે તો ઘણો લાભ અરસપરસ સંબંધથી અને વ્યવહારથી મેળવી શકાશે. અમે મુખ્ય કૉન્ફરન્સના મંત્રીઓ અને કાર્યવાહકોને ખાસ વિનંતિ કરીએ છીએ કે તેઓએ દરેક પ્રાંતમાં જઇ ત્યાં પોતાના પ્રાંતિક સેક્રેટરીઓની મદદ લઇ પ્રાંતિક પરિષદોનો પ્રબંધ કરવો ઘટે અને તે રીતે કૉન્ફરન્સ–જૈન મહાસભાના સંદેશ દરેક પ્રાંતમાં ફેલાવવા ઘટે. જ્યાં સુધી આમ નહિ થાય ત્યાં સુધી વિશેષ વ્યાપક કાર્ય નહિ બની શકે. આ પ્રાંતિક પરિષદ્‌માં આપણી કોન્ફરન્સના એક પણ મંત્રી હાજર રહ્યા હોત તો વધારે ઉપયોગી કાર્ય કરી શકત, હમણાં તો દરેક પ્રાંતિક પરિષદ્ પોતાને યોગ્ય લાગે તેમ કાર્ય કરે છે. તે એક રીતે યોગ્ય છે, પણ મુખ્ય કોન્ફરન્સની બાંહેધરી નીચે તે કાર્ય થાય તે ઘણું સુંદર પરિણામ લાવી શકે. દરેક પ્રાંતમાં અને ખાસ કરી આ ભૂલાયેલા દક્ષિણ મહારાષ્ટ્રના ભાગમાં કૉન્ફરન્સે પોતાના ઉપદેશકો અને ઉત્સાહી કાર્યકરો મોકલી ત્યાંના બંધુઓને ઉત્સાહિત અને જાગ્રત કરવાની જરૂર છે.

મુંબઈથી રા. ઓધવજી ધનજી સોલિસિટર, શેઠ લલુભાઇ કરમચંદ દલાલ, શેઠ વાડીલાલ સાકલચંદ શા. શાંતિલાલ ઉજમશી, તથા રાજકોટવાળા રા. ગોકળદાસ નાનજી ગાંધીએ આ પરિષદ્‌માં ખાસ આવી પોતાની હાજરી તેમજ પોતાના વિચારોનો લાભ આપ્યો તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. રા. ગોકુળદાસે આખી પરિષદ્‌નો વિગતવાર રીપોર્ટ લીધો હતો અને તે વૃત્તપત્રોમાં આવવાનો હતો પણ આવી નથી શક્યો તે માટે અમે દિલગીર છીએ. કોલ્હાપુર રાજ્યના દિવાન રા. બ. લઠ્ઠે સાહેબ એક સુશિક્ષિત દિગંબર જૈન છે તેમણે ખાસ તે રાજ્યના ક્ષાત્ર જગતગુરૂની સંગાતે આ પરિષદ્‌માં આવી ઉચ્ચ શિક્ષણની જૈન સમાજને પૂરી જરૂર છે, શિક્ષણ-અંગ્રેજી શિક્ષણ વગર સુધારા થઇ શકે તેમ નથી તેમ સમાજની ઉન્નતિ અને વેપારની પ્રગતિ બને તેમ નથી એ પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ક્ષાત્ર જગતગુરૂશ્રીએ સરસ્વતિ અને લક્ષ્મી એ બંનેની ઉપયોગિતા સમજાવી સરસ્વતીની પ્રધાનતા વ્યાખ્યાનથી સિદ્ધ કરી હતી. આ બંને મહાશયોને તેમની હૃદયવિશાલતા માટે ધન્યવાદ ઘટે છે. એવી હૃદયવિશાલતા આપણા આગેવાનોએ ગ્રહણ કરવાની છે. આવી પરિષદ્ વખતો વખત દરેક પ્રાંતમાં ભરાય ને તે માટે તેમને વિજય મળો એમ ઇચ્છીએ છીએ.

## ૨ સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ.

શ્વે૦ સ્થાનકવાસી જૈનો શ્વેતામ્બર દેરાવાસી મૂર્તિ પૂજક જૈનોથી કેમ જૂદા થયા તેનો ઇતિહાસ જોતાં જણાય છે કે સ્થાનકવાસી સંપ્રદાયના સ્થાપક શ્રી લોંકાશા સં. ૧૫૦૮ માં થયા. અને તેનો સમુદાય વધી ચારેક લાખ થઇ ગયો. આ રીતે આ સમુદાય ઉભો થવામાં વધવામાં શું શું કારણો, પરિસ્થિતિ ઉપસ્થિત થયેલ હશે તે ઇતિહાસકાર માટે ઘણો સુંદર અને મનનીય વિષય છે. મૂર્તિપૂજાના નિષેધ સિવાય બીજા થોડા અહીં તહીંના વિધિ વિધાનના તેમજ અમુકજ સૂત્રો માનવા ઉપરાંત બીજા વિશેષ ભેદ નથી. તે સંપ્રદાય શ્રી વીરપ્રભુના સંતાનરૂપ છે અને પોતાની પ્રગતિ જે જે રસ્તે સહુ અન્ય ભાઇઓ કરી રહ્યા છે તે તે રસ્તે પોતે કરી રહ્યા છે એ આનંદનો વિષય છે.

તેઓએ પોતાની પરિષદ્ તા. ૩૧ મી ડીસેંબર ૧૯૨૬, ૧લી અને બીજી જાન્યુઆરી ૧૯૨૭ ને રોજ મુંબઇમાં મોટા પાયા પર ભરી હતી અને તેમાં લગભગ ૧૩ ઠરાવો કર્યા હતા. (૧) સ્વામી

શ્રદ્ધાનંદજીના ખૂન પ્રત્યે તિરસ્કાર (૨) પરિષદ્‌ની કાર્ય પદ્ધતિ માટે દરેક પ્રાંતમાં સેક્રેટરીની નિમણુક, દરેક પ્રાંતમાં, અને ત્યારે પગારદાર એસિસ્ટંટની યોજના, (૩) સેવા સમર્પણ કરનારાનો 'વીરસંઘ' સ્થાપવાની આવશ્યકતાનો સ્વીકાર અને તે માટેના નિયમો ઘડવા નીમેલી કમિટી. (૪) જુદે જુદે દિવસે જુદે જુદે સ્થળે પર્યુષણ સંવત્સરી થયાના દાખલાથી તેને માટે એક નિશ્ચિત દિવસ દર વર્ષે કરવા માટે એક કમિટીની નિમણુક (૫) શત્રુંજય તીર્થની પરિસ્થિતિથી દુઃખ, તે સંબંધીના મી. વૉટ્સનના ચુકાદા સામે વિરોધ અને બ્રિટિશ સરકારને ન્યાય આપવાની અપીલ. ને ખાસ કરીને પાલીતાણાના હિંદુ રાજા, શ્વેતામ્બરોની ભાવના ધ્યાનમાં લઈ તેને માન આપવાની જરૂર ઉદારતા બતાવશે એવી આશા (૬) પરિષદ્‌નો સંદેશ સર્વસ્થળે મળે તે માટે જુદા જુદા પ્રાંતમાં પ્રાંતિક પરિષદ્ ભરવાની ભલામણ (૭) ઘાણેરાવ સાદડીના સ્થાનકવાસીઓને શ્વેતાંબર મંદિરમાર્ગી ભાઇઓ તરફથી અન્યાય ને તે દુર કરવાની સૂચના (૮) પરિષદ્‌માં પ્રતિનિધિ માટે કરેલા ૨૫ પ્રાંતોમાં પૂર્વ અને પશ્ચિમ દક્ષિણની સ્ફુટતા અને બર્માનો સ્વતંત્ર પ્રાંત વધાર્યો. (૯) જુદી જુદી ધારાસભામાં થયેલા જૈન સભાસદો માટે હાર્દિક હર્ષ (૧૦) સ્વર્ગસ્થ થયેલા આગેવાનો માટે શોક (૧૧) ગાય તેમજ દૂધાળાં અને ખેતીને ઉપયોગી ઢોરનો વધ બંધ કરવા મુંબઇ સરકારને પ્રાર્થના અને ધારાસભાના સભાસદોને પ્રયાસ કરવા આગ્રહ (૧૨) વેજીટેબલ ઘીના પ્રચાર સામે વિરોધ ને બહિષ્કાર (૧૩) બર્મામાં થતો માંસાહાર દૂર કરવા ઉપદેશકો મોકલાવાના પ્રબંધની ભલામણ.

આ ઉપયોગી પ્રસ્તાવોમાં શત્રુંજય તીર્થ સંબંધી કરેલા ઠરાવથી શ્વે૰ મૂર્તિપૂજક બંધુઓ પ્રત્યે બતાવેલી સહાનુભૂતિ, અને સંયુક્ત જૈનોની પરિષદ્ મેળવવાના ઠરાવથી શ્રી વીરપ્રભુના સર્વ સંપ્રદાયોની એકત્રતા કરવાની ઇચ્છા બતાવી આ પરિષદે પોતાની હૃદયવિશાળતા (liberalism) બતાવી આપી છે. મુસલમાનો હિંદુ સાથે, હિંદુ અહિંદુ સાથે, જૈન જૈનેતરો સાથે સહકાર કરે તો દેશની એકસંપીમાં વધારો થાય. પણ સાથે સાથે સર્વે કોમ અને સંપ્રદાયો એક બીજા સાથે સહકાર સાધે એ ખાસ આવશ્યક છે. ઠરાવોમાં કેળવણી, હાનિકારક રિવાજો દૂર કરવા વગેરે સંબંધી ચુપકીદી અમને તાજુબીમાં નાંખે છે.

આ પરિષદમાં એક લાખ રૂપિયા જેટલી મોટી રકમ એકઠી કરી તે પૂનામાં જૈન વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ ખોલવા ને નિભાવવા વાપરવાનો ઠરાવ કર્યો છે તે માટે તેના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. ઉચ્ચ શિક્ષણ વગર કોમનો અભ્યુદય નથી તેથી તે પર તેઓએ આ રીતે ખાસ લક્ષ આપ્યું છે એ જોઇ અમને અતિ સંતોષ થાય છે.

### ૩ જૈન સાહિત્ય પરિષદ્‌ની જરૂર.

જોધપુરમાં જૈનસાહિત્ય સંમેલન થયું હતું અને તેનું બંધારણ એટલું બધું પકવ ને મક્કમ રહી શક્યું નહિ ને તેથી સાહિત્ય સંમેલનનું બીજું અધિવેશન ન થયું. 'આરંભે શૂરા' આપણે છીએ તેનું આ દૃષ્ટાંત છે. વળી જે કાર્ય થાય છે તે 'શૂરવીરતા' બતાવતાં બતાવતાં એટલું બધું ઉતાવળીઉં થાય છે કે તેમાં પકવ વિચાર, ગંભીર કાર્યક્રમ અને ભવિષ્યની કાર્યકારી અમલમાં મૂકવા જેટલી મક્કમતાનું પ્રદર્શન થતું નથી. આવો ઉતાવળીઓ પ્રયત્ન સુરતમાં જૈન સાહિત્ય પરિષદ્‌નો સમારંભ અમુક ધાર્મિક ઉત્સવનો લાભ લઇને કરી નાંખવામાં આવ્યો હતો. જોધપુરના સંમેલનનો રીપોર્ટ—નિબંધો સહિત પ્રકટ થયો હતો, પણ આ સુરતની 'પરિષદ્'નો રીપોર્ટજ હજુ અપ્રકટ રહ્યો છે તે ક્યારે બહાર પડશે તેનાં સ્વપ્નમાં આવે છે.

જમાનો કાર્ય કરવાનો જાગૃતિનો અને અપ્રમાદનો છે; સૌ સૌ પ્રયત્નો કરી રહ્યા છે, જ્યારે જૈનોની નિર્બળતા અને નિષ્ક્રયતા ચાલુજ છે. તેનો લાભ લઈ કોઈ 'કલિકાલ સર્વજ્ઞ'ના બિરૂદવાળા આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચારી પ્રખર વિદ્વાન્ શિરોમણી અને શાસન પ્રભાવક શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને 'માનસિક વ્યભિચારી' તરીકે નવલકથાના બહાના તળે ચીતરે છે, કોઇ મેવાડના રાણા પ્રતાપને અણીને સમયે મહાસહાય આપનાર જૈન ભામાશાને વૈષ્ણવ તિલકધારી અને વિલાસી સિનેમાની ફિલમમાં બતાવે છે. કોઇ જૈનધર્મના સંબંધે ઇતિહાસ વિરૂદ્ધ કપોલકલ્પિત

વાતો 'ભારતવર્ષના ઇતિહાસ'ની અંદર મૂકે છે, કોઈ જૈન ધર્મ અને સાહિત્યની વિરૂદ્ધ મિથ્યા આરોપો અને આક્ષેપો મૂકવા ધૃષ્ટ બને છે. આના પ્રતિકાર રૂપે નિષેધક નહિતો વિધાયક સ્વરૂપે જૈનધર્મ અને સાહિત્યનો ઇતિહાસ એકત્ર કરવા, તે માટેની સામગ્રીનો સંગ્રહ કરવા, તે સામગ્રીનો ઉપયોગ કરી નિબંધો લખવા લખાવવા માટે જૈન સાહિત્ય પરિષદ્ અમુક અમુક સમયના આંતરે થવાની અતિ જરૂર છે એમ સર્વ કોઈ સમજુ વીરશાસનરસી જૈન સ્વીકારશે.

આવી પરીષદ્ થવા માટે—તેને અર્થેની ભૂમિકા તૈયાર કરવા અર્થે જૈનોની સારી સંખ્યા ધરાવતા દરેક શહેરોમાં જૈન સાહિત્ય સભા સ્થાપિત કરવી ઘટે છે અને તેમાં ત્યાં ત્યાંના જૈન અને જૈનેતર લેખકો અને વિદ્વાનોનાં ભાષણો કરાવવાં યા નિબંધો વંચાવવાં ઘટે છે—અને તે ભાષણો યા નિબંધો આ પત્ર કે એવાં સાહિત્યમાં રસ લેતાં માસિકોમાં યા જુદા ચોપાનિયા રૂપે પ્રકટ કરવા યોગ્ય છે. જૈન સાહિત્ય પરિષદ્ સ્થાયી રૂપ લે તે માટે તે પહેલાં આવી જૈન સાહિત્ય સભાઓ સ્થાપવાની જરૂર છે.

સુરતની જૈન સાહિત્ય પરિષદ્ ભરાઇ ગયા પછી ૧૯૨૫ ના જાન્યુઆરીમાં પરિષદ્‌ની ઑફિસ સ્થાપવા માટે મુંબઇમાં અમારા પ્રમુખપણા નીચે મળી હતી તેમાં તે પરિષદ્‌ના છએ ઠરાવો વંચાયા પછી તેના એક ઠરાવમાં નીમેલી કમિટી માથે તે ઠરાવની રૂએ કંઇ પણ કરવાપણું રહેતું નહોતું એમ અમે જણાવ્યું હતું. વિશેષમાં જો કંઇ પણ કાર્ય થાય તો જ ઓફિસ જેવી સંસ્થા સ્થાપવી તેમજ શું શું કાર્ય કરવા જેવું હતું તે નીચે પ્રમાણે સૂચવ્યું હતું કે—

(૧) આનંદકાવ્ય મહોદધિનું પ્રકાશન તથા સંપાદન કાર્ય પરિષદ્‌ને આપવા તેના કાર્યકર્તા ખુશી છે તો તે માટે તેમનો સર્વ સરતો સાથેનો પત્ર મેળવવો ને પછી કાર્ય હાથ ધરવું.

(૨) શ્રી બુદ્ધિસાગરજી સૂરિ પોતાનો વીજાપુરનો ભંડાર તથા તે માટેનું મકાન્ પરિષદ્‌ને આપવા તૈયાર છે તો તેમનો તે બાબતનો લિખિત પત્ર લેવો. (હાલ તેઓશ્રી સ્વર્ગસ્થ થયા છે)

(૩) ત્રિમાસિક 'જૈન સાહિત્ય' કે એવા નામથી મહાવારી કાઢવું.

(૪) ઇતિહાસનાં જે પુસ્તકો છે તેને ભાષાંતર કરી કરાવી છપાવવાં.

(૫) 'Men of Letters' જેવી ગ્રંથમાળા આપણા જૈન ગૂર્જર કવિઓ માટે રચાવવી ને કાંઇ નહિ તો તેમનું જીવન વૃત્તાંત અને કાવ્ય વિવેચન સહિતનાં ચોપાનીઆં લખાવી તૈયાર કરાવવાં-છપાવવાં.

(૬) જુદા જુદા મુનિ મહારાજાઓ દ્વારા તેમનાં પુસ્તકો-ગ્રંથ ભંડાર લેવા તેમજ તેમની દ્વારા આર્થિક સહાય મળે તો મેળવવી.

(૭) પ્રદર્શન અંગેની ખાસ ચીજો-તાડ પત્ર પરનાં પુસ્તકો, કપડાંઓ પરનાં પુસ્તકો-લખાણો, શ્રીમદ્ યશોવિજયાદિની હસ્તાક્ષરની પ્રતિઓ, તામ્રપત્રો, રાજ તરફથી મળેલા લેખો, ચિત્રપટ્ટો, અસલનાં વિજ્ઞપ્તિપત્રો વગેરે એકઠાં કરવાં ઇત્યાદિ.

રા. પાદરાકરે wholetime worker-આખો સમય કાર્ય કરશે એ વીશે ખાયેશ બતાવી હતી, તેથી તેમને તથા તેમની સાથે શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી અને રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલીસીટર એ ત્રણને મંત્રીઓ નીમવામાં આવ્યા; પરિષદ્‌ની ઑફીસ મુંબઇમાં રાખવી એ નક્કી થયું ને ફંડને માટે બીજી સભામાં ચર્ચા કરવાનું ઠર્યું. આ પછી આ સંબંધી કંઇ પણ થયું નથી. મંત્રીઓ નીમાયા હતા તેઓ જાગૃત થાય તો સારૂં. બધું કાગળપર રહી ન જાય એમ થવું ઘટે.

કચ્છી સાહિત્ય માટે મુંબઇમાં કચ્છી સાહિત્ય સભા હમણાંજ થઈ છે. જૈન સાહિત્ય તો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગૂજરાતી, તામિલ, કાનડી આદિ દરેક ભાષામાં અને વળી સાહિત્યના દરેક અંગ ઉપર વિદ્યમાન છે તો તે માટે તો જબરો પ્રયાસ જૈનોએ સેવ્યા વગર છૂટકો નથી. પરાવલંબી ક્યાં સુધી રહેવાનું થશે? જૈન સાહિત્યના દરેક અંગ તેમજ દરેક ભાષામાંના જૈન સાહિત્યના ઇતિહાસ લખાવાની જરૂર છે. જૈન લેખકો, વિદ્વાનો; શ્રીમંતો, મુનિ મહારાજાઓ કંઇ ચેતશે કે? સાંભળવા પ્રમાણે પુરાતત્વમંદિરના આચાર્ય શ્રી જિનવિજયજી પોતાનું બંધ પડેલું 'જૈનસાહિત્ય સંશોધક' નામનું ત્રિમાસિક સજીવન કરવાના છે-એમ થાય તો તે અમને વધામણીરૂપ છે.

# મારી કેટલીક નોંધો.

[ લેખક—તંત્રી ]

## ૧ જૈન શુધ્ધિ.

જૈનોનો ઇતિહાસ જોતાં અનેક જૈન ધર્મમાંથી નિકળી પરધર્મી થયા છે. આનાં કારણો ઘણાં છે—૧ તો જૈનમાં નાની જ્ઞાતિઓને બીજી મોટી જ્ઞાતિઓથી જેવું જોઇએ તેવું ઉત્તેજન મળેલું નહિ, તેમજ પોતાનામાં લેવાની સ્પષ્ટ ના થયેલી. ૨ જૈન મુનિઓનો સર્વત્ર અખંડ અને ગ્રામાનુગ્રામ વિહાર કેટલાયે આખા પ્રાન્તોના પ્રાન્તોમાં થયો નહિ, ૩ જૈન ધર્મની સંયમ અને વૈરાગ્ય—પ્રધાનતા તે હાલના અસંયમી જમાનામાં કેટલાકથી સચવાઇ નહિ ૪ પરધર્મી થયેલાને પાછા સ્વધર્મમાં આવવા માટે જોઇતી સગવડતાઓ મળે નહિ. ૫ કડક બંધનો અને ચુસ્તતા હોવાથી બીજા શિથિલ અને અલ્પચુસ્ત પ્રત્યે તિરસ્કાર ને દ્વેષ, ૬ પર ધર્મીઓનો જૂલમ વગેરે. હિન્દુ સમાજમાં 'આર્ય સમાજ' અહિન્દુને હિન્દુ બનાવવા માટે નિકળ્યો, પણ જેમ પૂર્વના આચાર્યો, યતિઓ, સાધુઓએ અન્યને જૈન બનાવ્યા તેમ જૈન બનાવવાનો લગરીકે પ્રયત્ન થતો હોય એમ હાલમાં જોવાતું નથી. હાલના સમયમાં હિન્દુ મહાસભા આદિ તરફથી સંગઠન અને શુદ્ધિની હિલચાલો ચાલી રહી છે તે વખતે એક જૈન મહાશય નામે અયોધ્યા પ્રસાદ ગોયલીય ('દાસ') દીલ્હીમાં થયેલ જૈન સંગઠન સભાના મંત્રીએ નીચેની જુસ્સાદાર ગઝલ બનાવી છે તે 'જૈન જગત'માંથી આપીએ છીએ.

વોહ કામ કરકે આજ હમ તુમકો દિખાયેંગે,
દુનિયાં મેં સચ્ચે ધર્મકા ડંકા બજાયેંગે. ૧
ચિઢતે હૈં સંગઠનસે પુરાને ખયાલકે,
ઉનકો ભી દેખ લેના હમ અપના બનાયેંગે. ૨
ગફલતસે અપની હો ગયે ગૈરોંકે જો રફીક,
સીનેસે અપને શૌકસેં ઉનકો લગાયેંગે. ૩
ગૂજર સરાગ મીને યે ભી તો એક દિન,
મુંહસે તુમ્હારે દેખના જૈની કહલાયેંગે. ૪
સીને પૈ હાથ રખલેં જો શુદ્ધિ કે હોં ખિલાફ,
ફરદે બશર કો ફિરસે હમ જૈની બનાયેંગે.
પિનહાં હમારે સીને મેં કયા કયા ઔસાફ હૈં,
જલવા હમ અપની શાનકા તુમકો દિખાયેંગે. ૬
રશ્કે ઉદૂકે ધર્મ કે મૈદાનમેં એ 'દાસ'
જૌહર હમ અપની તેગકા એક દિન દિખાયેંગે. ૭

આનો અર્થ સરલ થાય તે માટે આમાંના ઉર્દૂ શબ્દો બીજા પાસેથી જાણી અત્ર મૂકીએ છીએ. ચિઢતે—ગુસ્સે થતા, ગફલત—ભૂલ, ગૈરાં—બીજા, પરધર્મી, રફીક—દોસ્ત, સીનો—છાતી—હૃદય, શૌક—પ્રેમ. ખિલાફ—વિરૂદ્ધ, ફરદે બશર—મનુષ્ય જાતના આદમીઓ—વ્યક્તિઓ. પિનહાં—છૂપાયેલા. ઔસાફ—ગુણ. જલવા—ભવ્યતા. શાન—બુદ્ધિ, ફત્તેહ. રશ્કે ઉદુ—શત્રુઓની અદેખાઇઓ. જૌહાર—જવાહીર, પાણી, સત્તા. તેગ—તલવાર.

મહાત્મા ગાંધી તા. ૯—૧—૨૭ ના નવજીવનમાં શુદ્ધિ સંબંધી પોતાના વિચાર 'શ્રદ્ધાનંદજી સ્મારક' પર લખતાં જણાવે છે તે પણ મનનીય છે.

'મને પોતાને તો અત્યારે શુદ્ધિનો જે સામાન્ય અર્થ કરવામાં આવે છે તેવી શુદ્ધિની પ્રવૃત્તિની અગત્યની વાત હજુ પણ ગળે ઉતરતી નથી. પાપીની શુદ્ધિ એ તો એક કાયમની આંતરક્રિયા છે. જેઓ નથી હિંદુમાં, નથી મુસલમાનમાં, અગર તો જેઓ તાજાં વટલાએલાં છે પણ ધર્માન્તર એટલે શું એ કશું જાણતાં નથી ને માત્ર પોતાને હિંદુ તરીકે ગણાવવાજ માગે છે, તેમનું ધર્માન્તર ધર્માન્તર નથી પણ પ્રાયશ્ચિત છે. ત્રીજું શુદ્ધિનું સ્વરૂપ એ ચોખ્ખી ધર્માન્તરની પ્રવૃત્તિ છે અને એવા ધર્માન્તરની પ્રવૃત્તિ આજના વધતી જતી સહિષ્ણુતા અને જ્ઞાનના જમાનામાં કેટલે દરજ્જે ઉપયોગી છે એ વિષે મને શંકા છે. હું તો કોઇ પણ જાતની ધર્માન્તરની પ્રવૃત્તિથી વિરૂદ્ધ છું, પછી તેને હિંદુઓ શુદ્ધિ કહેતા હોય, મુસલમાનો તબલીગ કહેતા હોય કે ખ્રિસ્તીઓ ધર્મપ્રચાર કહેતા હોય. ખરૂં ધર્માન્તર એ તો હૃદયની પ્રવૃત્તિ છે જેનો સાક્ષી એક અંતર્યામી ઇશ્વર જ છે. એ પ્રવૃત્તિને બેદખલ વહેવા દઇ સ્વતંત્ર ભાવે પોતાનું કામ કર્યે જવા દઇએ.

'પણ ધર્માન્તર વિષેના મારા વિચારો રજૂ કરવાનું આ સ્થળ નથી. જેમને એવી પ્રવૃત્તિને વિષે આસ્થા છે તેમને જ્યાં સુધી તેઓ ઘટતી મર્યાદામાં રહી પોતાનું કામ કર્યે જાય-એટલે કે જ્યાં સુધી એ કામમાં કોઇપણ જાતની બળજોરી, છેતરપીંડી અગર તો દુન્યવી લાલચોનો આશ્રય ન લેવામાં આવે અને એવાં ધર્માન્તર કરવા તૈયાર થનાર પુખ્ત ઉમ્મરે અને સમજણે પહોંચેલાં સ્ત્રી પુરૂષો હોય-ત્યાં સૂધી તેમને બેખટકે પોતાનું કામ ચલાવવાનો સંપૂર્ણ અધિકાર છે.

'સંગઠન એ ખરેખર સરસ પ્રવૃત્તિ છે. જ્યાં સુધી દરેક કોમને સ્વતંત્ર હસ્તી ટકાવીને રહેવું છે ત્યાં સૂધી દરેક કોમને પોતપોતાનું સંગઠન કરવાનો હક છે, બલ્કે તેવું સંઘઠન કરવાને તે બંધાએલી છે, અને જો હું આવી પ્રવૃત્તિથી અત્યાર લગી અલગ રહ્યો હોઉં તો તે કેવળ સંઘઠનને લગતા મારા જે કેટલાક વિચારો ખાસ બંધાએલા છે તેને લઇને છે. હું સંખ્યાબળમાં નહિ પણ ગુણબળમાં માનનારો છું, આજકાલ ગુણ સામું જોવાની વિશેષ દરકાર ન રાખતાં સંખ્યા અગર જથ્થા ઉપરજ ગણતરી બાંધવાનો ધો ચાલ્યો છે, સામાજિક અને રાજદ્વારી વહેવારમાં સંખ્યા અગર જથ્થાને પણ અવશ્ય સ્થાન છે."

## ૨. દાનવીર કાર્નેગી.

'દાનવીર કાર્નેગી' એ પુસ્તક અમદાવાદના સસ્તુ સાહિત્યવર્ધક પુસ્તકાલય તરફથી દોઢ રૂપીઆની સસ્તી કિંમતે હમણાં બહાર પડયું છે એ જૈન-વ્યાપારી કોમના તરૂણો અને લક્ષ્મીપુત્રો વાંચી વિચારી તેમાંથી સુન્દર અને પ્રેરણાભર્યો બોધ લેશે એવી અમારી ઉત્કટ વાંછના છે, તેના સંબંધમાં 'સૌરાષ્ટ્ર' ૩. ૭. ૨૬ ના અંકમાં સમાલોચના કરતાં જે લખે છે તે ઉપયોગી ધારી અત્ર ઉતારીએ છીએઃ—

"મહાપુરૂષોના જીવનવૃત્તાન્તનો એ તરૂણ જનતાના જીવન-ઉત્કર્ષનાં સાધનો છે. રાષ્ટ્રની અસ્મિતાનો એ ઇતિહાસ છે. એક થોમન પેઇન કે એક વોશિંગ્ટનનું જીવન અમેરિકાની સ્વાધીનતાની ઇમારતજ છે. એક રોકફેલર એક કાર્નેગીનો વૃત્તાન્ત એની ગરવી સીમંતાઇ અને દાનવીરતાનો જીવન્ત આદર્શ બની રહે છે.

કાર્નેગી અમેરિકાનો કર્ણ છે. એનું જીવન એટલે કંગાલીયતમાંથી સમૃદ્ધિ અને જાહોજલાલીને શિખરે પહોંચેલો પુરૂષાર્થ-નિર્ધનતામાંથી કુબેરતાને અધીન બનાવનાર અથંગ આત્મપ્રયાસ, ગરીબ વણકરનો એ ચીંથરેહાલ છોકરો કોઇ કારખાનામાં દિનરાત તન તોડ મજુરી કરી કરીને એક સામાન્ય કારકુન બને છે. એ કોલસા સારનાર હલકેરીનું જીવન જીવે છે અને ઘણીકવાર અન્નદાંતનું વેર પણ અનુભવે છે. પરંતુ એની ઉદ્યમશીલતા, એનો પુરૂષાર્થ અને જીવનસાફલ્યની એની મહત્ત્વાકાંક્ષા અણનમ રહે છે. એ કામ કરે છે ત્યારે અર્જુનના આત્મવિશ્વાસથી ઝંપલાવે છે. એના ઉત્સાહ આગળ એના સહચારીઓની કીર્તિ ઝાંખી પડે છે. વસ્તુને અને વસ્તુસ્થિતિને અવલોકી તેને અનુરૂપ બનવાની એનામાં અદ્ભુત કુનેહ છે. એક વખતનો આ મજુર આટલી ચીવટ નેપ્રતાપે મજુરપતિ બને છે. કારખાનાનો કામદાર કારકુનમાંથી મીલમાલેકને પદે વિરાજેછે. અને છતાં એનો મજુરપ્રેમ એટલોજ અનહદ જળવાઇ રહે છે. એ કરોડોને હિસાબે દૌલત કાયમ છે, પણ તે વિલાસમાં વેડફી નાંખવા માટે નહીં. એને આંગણે સમૃદ્ધિની છોળો ઉડે છે, પણ તે ઉડાઉગીરીને પોષવા સારૂ નહી. એની ધનાઢ્યતા તો સ્વાધીન રાષ્ટ્રની અનન્ય સેવિકા બને છે, અજ્ઞાન બાંધવોને જ્ઞાનપ્રકાશ આપનારી સરસ્વતીનું સ્વરૂપ ધારણ કરે છે. રોગીઓના રોગ હરનારાં આરોગ્યભુવનો રૂપે વિચરે છે. જનતાને શિક્ષણ આપનારાં પુસ્તકાલયોમાં પરિણામ પામે છે. રાષ્ટ્રને ઉન્નત બનાવનાર વિદ્યાપીઠોમાં વેરાય છે. એની દૌલતમાંથી યતીમખાનાં, તબીબખાનાં વિદ્યામંદિરો, અનાથાલયો, ઉદ્યોગગૃહો અને વ્યાયામ-અખાડાઓ ઉભાં થાય છે. એ કંજુસની મિસાલે એકલો ધનસંચય નથી કરતો પણ આખાયે દેશને તેનો લાભ સાંપડે એમ સંસ્થાઓમાં ફાળી નાંખે છે. એની લક્ષ્મી રાષ્ટ્રોન્નતિની સ્વયં સંસ્થા બને છે. કાર્નેગી એ સંસ્થાનો સંચાલક થાય છે, છતાં પોતે હુકમ નથી ફરમાવતો કે નથી એની તંત્રીઓને

ઇચ્છા મુજબ હલમલવતો. એ તો પ્રજાને કેટલીક આદર્શ સૂચનાઓ આપી, દૂર ખસી જાય છે અને મહાપુરૂષના ગૌરવથી એનું સફળ તંત્ર નિહાળ્યા કરે છે. એ કૈલાસવાસી થાય છે, ત્યારે છેલ્લી ઘડીએ પોતાની અનર્ગલ દૌલતને રાષ્ટ્રને અધીન કરતો જાય છે. સંતાનોને માટે લક્ષ્મીભંડારો ભરી રાખવામાં એ માનતો નથી. લક્ષ્મીનંદનોનાં સંતાનોને તે નિર્ધન અને સ્વાવલંબી જોવા ઇચ્છે છે. એણે પોતે ગરીબી જોઇ છે, એટલે એ એની મહત્તા સમજે છે.

'ગઇ કાલે જ વિદેહ થએલા આવા નરવરની આત્મકથા અમદાવાદનું સોઘું સરસ્વતી-મંદિર ગુજરાતને ચરણે ધરે છે. ગુજરાતના લક્ષ્મીસૂતોને એમાંથી કંઇક પ્રેરણા મળશે. ગરીબોને એમાંથી વ્યવસ્થા શકિત અને આત્મોન્નતિના બોધપાઠ મળશે, તો સસ્તા કાર્યાલયની વર્ષોની ઝુંબેશ લેખે લાગી ગણાશે. "

# વ્યકિત સ્વાતંત્ર્ય.

'પાટીદાર' નામના માસિકના વિદ્વાનૂ તંત્રી રા. નરસિંહભાઇ ઇશ્વરભાઇને એક સજ્જને સવાલ પૂછ્યો 'કે તમારા ઘણા વિચારો મને રુચે છે, પણ એક વિચાર ખુંચે છે, તમે લગ્ન મરણનાં ખર્ચ ઉપર અંકુશ મુકવાનું વારંવાર કહો છો, એવું કહેવાંનો એક પણ પ્રસંગ જવા દેતા નથી. વાત સાચી છે કે એવાં ખર્ચ ઓછાં થાય તો લાભજ છે, પણ એવાં ખર્ચ જેમને કરવાની ઈચ્છા હોય તેમણે શા માટે નહિ કરવાં ? એમની સ્વતંત્રતા ઉપર શા માટે અંકુશ મુકાવો જોઈએ ? હું વ્યકિતસ્વાતંત્ર્યનો હિમાયતી છું ને તેથી એવો અંકુશ મને ખુંચે છે.'

આ બાબતનો ઉકત તંત્રીએ જે ખુલાસો તે માસિકના ગત શ્રાવણમાસના અંકમાં આપ્યો છે તે મનનીય હોવાથી અત્ર મૂકયો છે.

'હું પણ વ્યકિતસ્વાતંત્ર્યનો ખુબ હિમાયતી છું એમ તમને મારા લેખોના ઉંડા અભ્યાસથી જણાઇ આવશે. પણ તમે જે વ્યકિત સ્વાતંત્ર્યની વાત કરો છો એમાં ત્રણ વાતોને ગુંચવી નાખી છે, માટેજ તમને શંકા થઇ છે. એ ત્રણ વાતો તે આ છે. (૧) વ્યકિતગત સ્વતંત્રતા (૨) સમાજગત સ્વતંત્રતા (૩) સમાજગત પરતંત્રતા. આ ત્રણે વાતોનું એકેએકે નિવારણ કરીશું તો ખુલાસો થઇ જશે.

**(૧) વ્યકિતગત સ્વતંત્રતા:**—જે કાર્યની સાથે આપણને એકલાનેજ લેવાદેવા હોય, ત્યાં આપણે ગમે તેમ કરવાને સ્વતંત્ર છીએ. એકલો માણસ દશ વાગ્યે ખાય કે બાર વાગ્યે ખાય, રોટલો ખાય કે ભાત ખાય આમાં એ કેવળ સ્વતંત્ર છે. લગ્નમરણનાં ખર્ચની સાથે આપણને એકલાને જ લેવાદેવા હોય, સમાજ કે સમાજમાંના બીજા કોઇને એ સાથે કશી લેવાદેવા ના હોય, તો આપણે ગમે તેવાં ખર્ચ કરવાને સ્વતંત્ર છીએ. પણ સાચો પ્રશ્ન તો એ છે કે આપણે વ્યક્તિગત સાચી સ્વતંત્રતા ભોગવી શકીએ છીએ ? ના. આપણે પાઘડીના ઘાટ બદલી શકીએ છીએ ? ના. આપણે મુંછ મુંડાવી કે દાઢી રાખી શકીએ છીએ ? ના. આપણે ઘર બાંધવાનો વહીવટ ને પદ્ધતિ ફેરવી શકીએ છીએ ? ના. આમાં સમાજને કશી લેવાદેવા નથી, છતાંયે વ્યક્તિગત સ્વતંત્રતા ભોગવી શકતા નથી. તેવી જ રીતે લગ્નમરણનાં ખર્ચો કરીએ છીએ, તે આપણી પોતાની જ ઇચ્છાથી કરીએ તેવાં કરીએ છીએ ? એમાં આપણી વ્યક્તિગત સ્વતંત્રતા કામે આવે છે ? બહુ ઉંડો વિચાર કરશો તો જવાબ મળશેઃ ના. પાણીમાં ઉતરવું હોય ને છતાં યે તરવું હોય, જીવવું હોય તો શ્વાસ લેવાને માથું પાણી બહાર રાખવું જ જોઇશે; આખું શરીર ભલે પાણીમાં રહે, પણ માથું તો પાણીની સપાટી ઉપરજ રાખવું જોઇશે; જો એ પણ પાણીમાં ગયું તો ડુબ્યા સમજો. તેવી જ રીતે સમાજમાં પણ રહેવું હોય ને છતાં યે તરવું હોય, જીવવું હોય તો માથું ઉપર રાખવું જ જોઇશે, બુદ્ધિ વાપરવી જ જોઇશે, વ્યક્તિગત સ્વતંત્રતા સાચવવી જ જોઇશે; ભલે બધો વ્યવહાર સમાજમાં કરો, પણ બુદ્ધિ વાપરીને, વ્યક્તિગત સ્વતંત્રતા વાપરીને જ કરવો જોઇશે; જો એ બુદ્ધિનિકેતન

માથું, એ વ્યક્તિગત સ્વતંત્રતા પણ વ્યવહાર સાથે સમાજમાં મુકે તો આપણું આવી બન્યું! અને આજે એમ શું નથી થયું? આપણે વ્યક્તિએ સ્વતંત્ર છીએ? ખરી રીતે આપણામાં વ્યક્તિગત સ્વતંત્રતા રહી જ નથી.

**(૨) સમાજગત સ્વતંત્રતા:** પણ આપણા કાર્યની સાથે સમાજને કે સમાજમાંના કોઇને લેવા-દેવા હોય તો તેના સુખદુઃખ તરફ નજર રાખીને આપણે આપણાં કાર્ય કરવાં ઘટે, બીજાને દુઃખ થતું હોય તો આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખવો ઘટે એજ ધર્મ રહ્યો. કુટુંબનાં બધાં દશ વાગ્યે જમતાં હોય ને આપણા બાર વાગ્યાના જમવાથી કુટુંબને કે તેમાંના એકને પણ દુઃખ કે અડચણ થતી હોય તો બનતા સુધી આપણે દશ વાગ્યે જમી જ લેવું જોઇએ. તેમજ લગ્નમરણનાં આપણે કરેલાં ખર્ચથી સમાજને કે તેમાંના કોઇને પણ દુઃખ કે અડચણ થતી હોય તો આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર અંકુશ રાખવો ઘટે. આજનો સમાજ એવાં ભારે ખર્ચથી રિબાય છે, આપણું જોઇને બીજાને તેવાં ખર્ચ કરવાની ફરજ પડે છે, માટે તેવાં ખર્ચ કરવાની આપણી ઇચ્છાસ્વતંત્રતા ઉપર અંકુશ રાખવો ઘટે, સંયમ રાખવો ઘટે. આપણા ભાઇઓમાં સાચી વ્યકિતગત સ્વતંત્રતા કેળવાઇ નથી, તેથી પરાધીનતાએ એ પારકાનું અનુકરણ કરે છે; માટે સમાજમાં સાચી વ્યકિતગત સ્વતંત્રતા કેળવાય ત્યાં સુધી તો એવો સંયમ જરૂર રાખવો જ ઘટે. વૈશાખ માસની 'પ્રસંગકથા' જોશો તો ડા. સુમંતભાઈનું એ બાબતનું સુંદર દૃષ્ટાંત જણાઈ આવશે. દેશના ગરીબ લોકને પહેરવાને પૂરાં કપડાં નથી મળતાં એમ જાણીને, કપડાં પહેરવે સમર્થ હોવા છતાં મહાત્માજીએ લાજ ઢાંકવાં સિવાયનાં બધાં કપડાં પહેરવાં નથી ત્યજ્યાં? એ જ નિયમે શહેરનું સ્વાસ્થ્ય જાળવવા આપણું ઘર આડે આવતું હોય, ને તે તોડી પાડવા સુધરાઇ ખાતું આપણું ઘર માગી લે ત્યારે વ્યકિતગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખી સમાજગત સ્વતંત્રતાને આધીન થઇ બાપીકું એ ઘર તોડવાને માટે પણ સોંપી દેવું ઘટે. માનો કે સાંજના આપણે બે ફરવા નીકળીએ. મને દમનો વ્યાધિ છે, મારાથી ઉતાવળે ચાલી શકાતું નથી; ત્યારે તમારે મારી સાથે ધીરે ધીરે ચાલવું એ તમને તમારો ધર્મ નથી લાગતો?

(૩) હવે રહી **સમાજગત પરાધીનતા:** પણ આપણે લગ્નમરણનાં જે ખર્ચ કરીએ છીએ તેમાં તો નથી રહી વ્યકિતગત સ્વતંત્રતા કે નથી રહી સમાજગત સ્વતંત્રતા; છે તે માત્ર સમાજગત પરાધીનતા. સમાજનું ભલું થાય એટલા માટે આપણી વ્યકિતગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખીને સમાજનું ભલું થાય તે પ્રમાણે આપણી ઇચ્છાથી આચરીએ તે સમાજગત સ્વતંત્રતા. સમાજનું ભલું થતું હોય કે ના હોય, પણ આપણી ઇચ્છા વિરૂદ્ધ સમાજ આપણું નાક પકડીને દોરે તે માર્ગે જવું પડે ને જઇએ તે સમાજગત પરાધીનતા. અને આવી પરાધીનતા આપણે ડગલે ને પગલે નથી ભોગવતા? આપણે લગ્નમરણનાં જે ખર્ચ કરીએ છીએ તે ઘણું કરીને સમાજના દબાણથી નથી કરતા? સમાજના સુખદુઃખની પરવા કર્યા વગર તેની વાહવાહ લેવા નથી કરતા? તેનાં મહેણાંમાંથી બચવા નથી કરતા? ત્યારે આમાં આપણી વ્યકિતગત સ્વતંત્રતાને સ્થાન જ કયાં છે?

ભાઇ, સાચો સિદ્ધાંત એ જ છે કે સમાજને સુખદુઃખ ના આવતું હોય તો લગ્નમરણના ખર્ચમાં જેને કંઇ ના કરવું હોય તે કંઈ ના કરે લાખોનું કરવું હોય તે લાખોનું કરે; પણ જો આપણા એ કાર્યનું અંધ અનુકરણ સમાજમાંના કોઇને પણ કરવું પડતું હોય તો સમાજમાં સાચી વ્યકિતગત સ્વતંત્રતા કેળવાય, કોઈ કોઇનું અંધ અનુકરણ ના કરે એવી કેળવાય, ત્યાં સુધી ડા. સુમન્તભાઇની પેઠે પોતાની વ્યકિતગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખવો ઘટે ને તે સમાજના ભલાને માટે જ. પણ પોતાની ઇચ્છા વિરુદ્ધ સમાજના કે તેમાંના કોઇનાથી દબાઇને તો એક પાઇ પણ વધારે ખર્ચ કરવું ના ઘટે. આનું નામ સાચી વ્યકિતગત સ્વતંત્રતા—સાચું વ્યકિતસ્વાતંત્ર્ય. હું આ જ વ્યકિતસ્વાતંત્ર્યનો હિમાયતી છું. આપણા સમાજમાં ઉંડી દૃષ્ટિ નાખીને તપાસી જોશો તો જણાશે કે આપણામાં આવું વ્યકિતસ્વાતંત્ર્ય બહુ જ થોડું છે."

## શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે૦ પ્રાન્તિક પરિષદ.

### ૪ થું અધિવેશન તા. ૨૭ અને ૨૮-૧૨-૧૯૨૬ શીરોળ રોડ.

# પ્રમુખ રા. મોહનલાલ દલીચંદ દેશાઈનું ભાષણ.

અરિહંતને ભગવંતને નમો નમો નમો
આદિકર તીર્થંકરને નમો નમો—
અભયદાતા ચક્ષુદાતા માર્ગદાતા તે
શરણદાતા બોધિદાતાને નમો નમો—
જિન ને જીતાડનાર, તરેલ તારનાર
બુદ્ધ ને બીજાને બોધનારને નમો—
મુક્ત ને બીજાને મુક્ત કરી આપનાર
સર્વજ્ઞ સર્વદર્શીને નમો નમો નમો—
જેણે સૌ ભય જિત્યા એવા જીતભયને
અરિહંતને ભગવંતને નમો નમો નમો—

**શ્રી વીરશાસનપ્રેમી સ્વધર્મી બંધુઓ અને બહેનો !**

દેવોના મુખી શક્રેન્દ્ર જે શબ્દોમાં પ્રભુને વંદના કરે છે તેમાંનાં થોડાં પ્રાકૃત સુવચનોથી સર્વ કર્મોને જીતી જિન થનાર, સર્વ આવરણોથી મુક્તિ આપનાર, સર્વ ભયોને જીતનાર એવા શ્રી અર્હત્ ભગવાનને નમસ્કાર કરી દક્ષિણ મહારાષ્ટ્રના જૈન શ્વેતામ્બરોની પ્રાંતિક પરિષદ્‌ની ચોથી બેઠકના અધ્યક્ષ તરીકેની મોટી જવાબદારી ભરેલું કામ આપ સૌની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી મારી અલ્પ શક્તિથી પૂરો વાકેફ છતાં બ્હીતો બ્હીતો માથે ચડાવું છું, અને આપ સહુનો હૃદયપૂર્વક આભાર માની મારા આ કાર્યમાં સહકાર આપશો એવી વિનંતિ કરૂં છું.

જે મોક્ષ પ્રભુએ ઉપદેશ્યો છે તેમાં ગૃહસ્થ કે સાધુ, સ્વલિંગી કે અન્ય લિંગી, ગરીબ કે શ્રીમંત સર્વે સમાન છે. આ સમાનતાનું તત્ત્વ સર્વ ધર્મો સદ્દબોધે છે. આપણામાં **સમાનતા** જનસમાજ સાધી શકી નથી તો સામાજિક કે રાજકીય ધર્મ બજાવવા આપણામાં એકતા થવાની જરૂર છે. 'સમભાવી અપ્પા' થયા વગર કદી પણ મુક્તિ થનારી નથી.

તેજ સમાનતાપર વિશ્વપ્રેમ વિરાજિત છે. તે પર દયાનો—અહિંસાનો—બંધુભાવનો સિદ્ધાંત ચણાયો છે. **मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणइ**—'સર્વ જીવોથી છે મૈત્રી, મારે વેર ન કોઇથી.' એ ભગવદ્દવાક્ય બંધુભાવનું કેવું મીઠું સ્મરણ કરાવે છે ! માત્ર પર્યુષણ પર્વમાંજ આ સ્મરણ કરી બેસી નથી રહેવાનું, પરંતુ જીવનમાં તે સૂત્ર વણી લઈ વ્યવહારમાં મૂકવાનું છે. મનુષ્ય જીવનની આ સમાજમાં રહીને પ્રકૃતિજ એવી છે કે એકલા ઉભા રહી ન શકાય. જનસમાજમાં જ દરેક વ્યક્તિ શોભી શકે. આ ભિન્નતામાંથી એકતા સાધવી અને બંધુભાવ કેળવવો ઘટે. પ્રેમ અને સેવા એજ બંધુભાવ, એજ મૈત્રી અને એજ સમાનતા.

ફ્રાન્સના ત્રણ મહાન્ વિચારો સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ—સમસ્ત આલમને ધ્રુજાવી શકતા. સમાનતા અને બંધુત્વમાંથી સ્વતંત્રતા પ્રકટે. આ સર્વનો ઉદય આત્મબળપરજ અવલંબે છે. એ આત્મબળ વ્યવહારમાં કદિપણ એમ નહી કહે કે સ્વીકારે કે **एगो हं नत्थि मे कोइ नाहमन्नस्स केणइ**—હું એકલો છું, મારૂં કોઇ નથી, હું અન્ય કોઇનો નથી. આવી દીન—ભાવના કે જે અધ્યાત્મમાં અદીનમનસ્ક થઇને ભાવવાની કહી છે—તે વ્યવહારમાં વીસરી જઇ **बन्धु मम सर्वं जगत्** એ વિશુદ્ધ વિચારમાં તલ્લીન થઇ આત્મબળવાળો આગળને આગળ પોતાના સહધર્મીઓ—દેશબંધુઓની પ્રગતિ અર્થે ધપ્યાંજ કરશે.

પ્રસિદ્ધ કવિ મૈથિલીશરણ ગુપ્ત કહે છે કે

અનર્થ હૈ કિ બન્ધુ હી ન બન્ધુકી વ્યથા હરે;
વહી મનુષ્ય હૈ કિ જો મનુષ્યકે લિએ મરે,
ચલો અભિષ્ટ માર્ગમેં સહર્ષ ખેલતે હુએ,
વિપત્તિ-વિઘ્ન જો પડેં ઉન્હેં ઢકેલતે હુએ.
ઘટે ન હેલમેલ હાં બઢે ન ભિન્નતા કભી
અતર્ક એક પંથકે સતર્ક પાન્થ હોં સભી
તભી સમર્થ ભાવ હૈ કિ તારતા હુઆ તરે
વહી મનુષ્ય હૈ કિ જો મનુષ્યકે લિએ મરે.

**શ્રી શત્રુંજય પ્રશ્ન.**

આટલું પ્રસ્તાવમાં કહી હવે આપણી સમસ્ત સમાજનો શ્રી શત્રુંજય મહાતીર્થનો વિકટ પ્રશ્ન ચર્ચીએ. તેના સંબંધીની હકીકત બહુ બહાર પડી છે અને ચર્ચાઇ ચૂકી છે. છતાં આ પ્રદેશમાં તેના સંબંધી હજુ ઘણું અજ્ઞાન છે તેથી તે પ્રશ્ન મારે વિશેષ ચર્ચવો યોગ્ય છે એમ મને જાણ થતાં અત્ર ટુંકમાં કેટલીક વિગતોનું નિવેદન કરૂં છું. તે મહાતીર્થનું માહાત્મ્ય શ્રી ધનેશ્વર સૂરિએ અતિશય પોતાના શત્રુંજય માહાત્મ્યમાં ગાયું છે. તે જે નગર પાસે છે તે પાલીતાણાની સાથે પાદલિપ્ત-પાલિત્તસૂરિનું નામ જોડાયેલું ગણાય છે. તે તીર્થની યાત્રા ઐતિહાસિક કાળમાં થયેલા શ્રી વિક્રમાદિત્ય રાજાએ શ્રીમદ્ સિદ્ધસેન દિવાકર નામના મહાસમર્થ આચાર્ય સાથે કરી; સં. ૪૭૭ માં મલ્લવાદીએ બૌધ્ધોને શિલાદિત્ય રાજાની સભામાં વાદમાં હરાવી તે તીર્થનો ઉધ્ધાર કર્યો. સં. ૮૫૦ લગભગ બપ્પભટ્ટ સૂરિએ અને બારમા સૈકામાં શ્રી હેમાચાર્યના ઉપદેશથી કુમારપાળ રાજાએ ઉધ્ધાર કર્યો. ત્યાર પછી તાજા અને સાચા ઇતિહાસની ગણનાયોગ્ય બાહડ મંત્રીનો સં. ૧૨૧૩ નો, ઓસવાલ સમરાશાનો સં. ૧૩૭૧ નો, અને કર્માશાનો સં. ૧૫૮૭ નો એમ ત્રણ ઉધ્ધાર થયા. તે પર અનેક શ્રીમંતોએ મંદિરો અને પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી તે તીર્થને 'દેવાલયોનું શહેર અને જગતનું અદ્વિતીય સ્થાન' કરી મૂકયું.

સોળમા સૈકામાં પ્રધાનપણે શ્રી હીરવિજય સૂરિએ અને પછી તેવામાં જિનચંદ્ર સૂરિએ અકબર બાદશાહનાં ફરમાનો મેળવી તે તીર્થને શ્વેતામ્બર જૈનોનું કુલ માલેકીનું કર્યું અને કરથી તદ્દન મુક્ત કર્યું. ત્યાર પછી અનેક ફરમાનો મોગલ બાદશાહ, સૂબાઓ તરફથી નીકળી પૂર્વ ફરમાનોને સંમતિ મળી ગઇ; તેમાંનું એક અમદાવાદના નગરશેઠ શાંતિદાસને કરી આપવામાં આવ્યું હતું. આ વખતે પાલીતાણાના હાલના ઠાકોર સાહેબના પૂર્વજોનો કંઈ પણ અખત્યાર તે ગામ પર હતો નહિ. રેલ્વે, આગબોટનાં સાધનો ન હતાં. સંઘો નીકળતા તે પાદવિહાર કરી નદી દરિયાને હોડી-વહાણોથી ઉતરી સાથે રખેવાળો -પહેરેગીરો વગેરે રાખી યાત્રા કરવામાં આવતી. શત્રુંજય તીર્થ આસપાસ ઘીચ ઝાડી હતી; લુંટારૂઓ અને ચોર જાતિની બૂમ બહુ રહેતી તેથી તેની સામે બદોબસ્ત હથિયાર વગેરેનો રાખવામાં આવતો, અને તેને માટે મોટો ખર્ચ કરવો પડતો.

સને ૧૬૫૧ માં આ ત્રાસ અને ખર્ચને દૂર કરવા ગારીઆધરના ગોહેલ રજપૂતોને આ તીર્થનો ચોકી પહેરો કરવા યાત્રાળુની સહીસલામતી માટે તેમની જામીનગીરી લઇ જૈન આગેવાનોએ એક કરાર કર્યો અને આ રખોપા બદલ અમુક બદલો આપવાનું કબુલ થયું. તે રજપુતો પાલીતાણામાં આવ્યા. ૧૮૦૭ માં કાઠિયાવાડના રાજા સાથે સરકારે સેટલમેંટ કર્યું.

સને ૧૮૨૦ માં રખોપા વાસ્તેનો બદલો આરબોને ગીરો સોંપ્યો જે આરબોએ પછીથી જૈનોનેજ કનડવા માંડયું. જૈન આગેવાનોએ અરજી કરી સરકાર પાસે પાલિતાણા પરગણું અને શત્રુંજય પર્વત પાછો પોતાને સોંપવાની માગણી કરી. સરકારે માલેકીની વાત અલગ રાખી આરબોની કનડગત દૂર કરી જૈનોએ ઉધડ રકમ ૪૫૦૦ રૂ. ની રખોપા બદલ આપવાનું ઠરાવ્યું. તે ૧૮૫૮ સુધી સરખે સરખું ચાલ્યું. પછી વધારવાની તજવીજ સ્ટેટ તરફથી થઇ. ૧૮૫૯ માં એન્ડર્સનનો રકમ વધારી ૭૫૦૦ રૂ. કરવાનો રીપોર્ટ. ૧૮૬૨ માં નવા મંદિર માટે જમીનની કિંમત દરબારે માંગી આખર તે માંગણી છોડી દીધી. ૧૮૬૩ માં આરબને પર્વતપર રાખવા સામે વાંધો. કીટીંજનો લાંબો રીપોર્ટ. રૂ. ૧૦૦૦૦ ઠરાવ્યા પણ તેમાં બધા કરોનો સમાવેશ કર્યો. આરોગ્ય રક્ષણાદિ કરો વિશેષમાં લઇ શકાય નહિ. નંખાય તો સરકારની સંમતિથી, છતાં કનડગતો ચાલુ રહી.

૧૮૭૪ માં નવાં મંદિરો ગઢમાં કરવા માટે પણ દરબારની રજા જોઇએ એ વાત રજુ થઈ. તે વર્ષમાં કેન્ડી સાહેબ (પછી મુંબઇ હાઇકોર્ટના જજ)નો રીપોર્ટ બહાર પડયો કે (૧) ગઢમાં માત્ર પોલીસ પૂરતો દરબારનો કાબુ રહે. તેમાં નવાં મંદિર માટે કંઇ પણ દરબાર લઇ ન શકે. (૨) ગઢ કે ગઢની બહારના ભાગને શ્રાવકોના સિદ્ધાંતોથી વિરૂદ્ધ દરબાર વાપરી ન શકે. (૩) જે મંદિરો તે વખત સુધી ગઢ

કે ગઢ બહાર વિદ્યમાન હોય તે સંબંધમાં દરબાર કંઇ લઇ ન શકે. (૪) ગઢ બહાર ત્યાર પછી જે નવાં મંદિર થાય તે માટે દરબાર, દર ચો. વારે ૧ રૂ. જ લઈ શકે. દરબાર કંઇ પણ કનડગત યાત્રાળુને ન કરે, તેમ પોલીસ થાણું ગઢમાં તેમજ ગઢથી ૫૦૦ વાર સુધીના રસ્તા સુધીમાં મૂકી ન શકાય.

સન ૧૮૭૬ માં ઢેઢનો મેળો દરબારે પવિત્ર તીર્થપર કર્યો. સરકારે કહ્યું આ નરી હેરાનગતી છે. ૧૮૭૯ માં પોલીસ માટે કોઈ પણ મકાનને વાપરી શકાય નહિ એવો સરકારનો હુકમ થયો. ૧૮૮૧ માં ગઢ પર દરબારની મર્યાદિત સત્તા છે એમ સરકારનો હુકમ થયો.

૧૮૮૬ માં રખોપા આદિ સર્વ કરો માટે રૂ. ૧૫૦૦૦ વર્ષ ૪૦ ની મુદત સુધી જૈનોએ આપવાના નક્કી થયા, ત્યાર પછી તેમાં કંઇ પણ ફેરફાર કરવાનું થાય તો સરકારની સંમતિથી થાય. આ મુદત ૧૯૨૬ માં એટલે આ વર્ષમાં ૧ લી એપ્રિલે પૂરી થઈ.

આ દરમ્યાન પણ દરબાર સુખે કરી બેઠા નહિ. ૧૯૦૩ માં ચામડાના બુટ પેરી તેમજ બીડી પીતા ઠાકોર સાહેબ તથા તેનો સ્ટાફ ગયો. સરકારે જણાવ્યું કે તેમ ન થઇ શકે તેમ કોઈ પણ ન કરી શકે. ૧૯૨૧ માં મહાદેવનું 'નાનું' મંદિર કે જે જૈન મંદિરમાં કામ કરનારા શૈવ કારીગરો માટે થયેલું તેનો કબજો તથા વહીવટ માટે દરબારની ડખલગીરી થઇ. તેની મંજુરી વગર રીપેર ન કરાવી શકો, કુંડ સુધરાવી ન શકો, કાદવ-ગાળ કઢાવી ન શકો. તે પર જૈનોના પાટીઆં રખાયાં તે કાઢી નાંખ્યાં કેટલાકને પકડી સજા કરીને આ પાટીઆં કાઢી નાંખવા માટેનું ખર્ચ આપવાનો જૈનોપર હુકમ કર્યો ને તે વસુલ કરવા ટાંચ મારી વાસણ દરબારી માણસો લઇ ગયા. યાત્રાળુઓ લેવા જવા માટે રાખેલી ગાડીઓ જાહેર ખપમાં આવતી ગાડી તરીકે ગણી કર લેવાના હુકમ થયા.

જૈનોએ પોતાની મિલકત અને સાર્વભૌમ હક્કવાળા સ્થાનમાં દરબારની હકુમત કે ડખલગીરી ન હોઇ શકે એવું સરકારને કહેતાં હિંદી પ્રધાન તરફથી આપણી વિરૂધ્ધ ચુકાદા આવ્યા કે જેના સંબંધી જોઇએ તેવું અને તેટલું ચુકાદા રદ કરાવવા માટે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કરાયું નથી એમ લાગે છે. પહેલાં દરબારને અરજી કરી દાદ માગો, દરબારની બધી હકુમત છે; તે પ્રમાણે માંગતાં ન્યાય ન મળે તો પછી સરકાર પાસે આવો એમ જણાવી દીધું કે જેને આજે કેટલાંય વર્ષ થઇ ગયાં.

હવે ઉપલી ૪૦ વર્ષની મુદત આ વર્ષમાં પૂરી થતાં તે મુદત લગભગ દરબારે મોટી રકમની માગણી સાથે પોતાની હકુમતમાં પોતાને સર્વ કાંઇ કરવાનો અધિકાર છે, સરકારે વચમાં આવવું ન ઘટે એ જાતની અરજી કરી. આનો જવાબ આપણી તરફથી અપાયો. વૉટ્સન સાહેબે ચુકાદો આપ્યો અને તે શું આપ્યો તે સર્વને વિદિત છે. જૈનોના દરેક સ્થાપિત અને ચિરકાલીન હક્કનું ઉચ્છેદન કરી સર્વ સત્તા પાલિતાણા રાજ્યને અપાઇ. રખોપા વગેરેના અપાતા પંદર હજાર રૂ. ને બદલે તે પર સાતસો ટકા ચડાવી એક લાખ રૂ. ની દરવર્ષે આપવાની રકમ દશવર્ષ માટે નક્કી કરી, તે રકમ આ-ક-ની પેઢી ન સ્વીકારે તો દર યાત્રાળુ દીઠ રૂ. બે લેવાનો જજીયા વેરો આપવો ને તે પ્રમાણે વસુલ કરવાની જુલમી સત્તા પાલિતાણા રાજ્યને અપાઇ. દશવર્ષ પછી રકમમાં ફેરફાર કરવો કે શું કરવું તે પણ પાલીતાણા રાજ્યની મુનસફી પર મૂકાયું.

આથી આખી જૈન પ્રજા ખળભળી ઉઠી. એક લાખ રૂપીઆ જેટલો મોટો ચાંલ્લો આપવા બદલે તેથી ઓછો પણ મૂળ કરતાં ઘણો વધુ આપવાનું નક્કી કર્યું હત તો કદાચ જૈનમાં મતભેદ પણ રહેત પણ આ મહાભારત રકમે તથા વિચિત્ર ચુકાદાએ જૈનોમાં મતભેદ રાખ્યોજ નહિ અને મહાભારત કાર્ય કરી દીધું. બંગાલના ભાગલા પાડવાથી જે ખળભળાટ ને જાગૃતિ ઉત્પન્ન થયાં તે માટે જેમ લૉર્ડ કર્ઝન નિમિત્ત છે, તેમ જૈનોમાં કરવા માટે મી. વૉટ્સન નિમિત્ત છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની લડત નિષ્ફળ નિવડી-સર્વ જૈનોના ચહેરા

પર સંતાપની છાપ પડી ગઇ. શોકનો સાગર ઉછ-ળ્યો. ન્યાય જેવી શું ચીજ નથી? આ શું થવા બેઠું છે? હિન્દુ નરેશના તરફથી યાત્રાળુ ઉપર આટલો ત્રાસદાયક કર લેવાનું નક્કી થયું? વગેરે અનેક પ્રશ્નો ઉકળતા હૃદયોમાં જોસભેર થવા લાગ્યા.

## હવે શું કરવું?

હવે આપણું ઘર વ્યવસ્થામાં મૂકવાની પહેલી જરૂર છે. જ્યાં સુધી આપણું ઘર અવ્યવસ્થિત હોય, ત્યાં સુધી એકતા ન થાય, પણ છિન્નભિન્નતા થાય. વળી આ વસ્તુસ્થિતિમાં તીર્થનો પ્રશ્ન આખા સમાજનો સવાલ છે. સમાજનાં સર્વ બળો એકઠાં કરી સમાજને સંગઠિત બનાવી તે સર્વ બળોને કામમાં લેવાની જરૂર છે; આમવર્ગ અને શ્રીમંતવર્ગ સર્વએ એકતાન અને એકપ્રાણ બની કાર્ય કરવું ઘટે છે. શેઠીઆશાહી કે શેઠીઆ-સત્તા તૂટી આમ વર્ગની સત્તા સ્થપાશે અને તેથી અનિષ્ટ પરિણામ આવશે એ ભીતિ તદ્દન કાઢી નાંખવી જોઇશે. કારણ કે આ સવાલ જૈન કોમના હકક અને સ્વમાનનો છે. નિરાશા નહિ રાખતા-નિરાશ નહિ બનતા. સર્વ સંપ્રદાયો-ગચ્છો-તડાં-વગેરેને એકત્રિત કરવાની આ મહાતક સાંધો-આ પવિત્ર તીર્થના પ્રશ્નદ્વારા પવિત્ર બની સર્વ કલેશ દૂર કરી એકત્રિત થાઓ અને પછી જોઇ લ્યો કે આ સંગઠનથી આપણે કેવાં અદ્‌ભૂત કાર્યો કરી શકીએ છીએ.

પહેલાંતો આપણે એ નિશ્ચયને વળગી રહે-વાનું છે કેઃ—

નમશું નહિ અન્યાયને, આશા અદલ ઇન્સાફ છે
જાત્રાળુ કર લેવો એ કુદરત, પાસ કદિ ના માફ છે.
પ્રતિવર્ષ રૂપિયા લાખનો, ચાંલ્લો કદિ નવ આપશું
જે આક્રમણ તીર્થે થયા તે કોઈ દિ ના સાંખશું.

એટલે કે પ્રતિવર્ષ એક લાખ રૂપીઆ આપવા નથી. તેમ નાંખવા ધારેલો મુંડકાનો કર આપવો નથી.

બીજું તેથી યાત્રાનો સદંતર ત્યાગ કરવાનો છે અને તે ત્યાગ હૃદયપૂર્વક પ્રભુ-સાક્ષીએ આત્મ-સાક્ષીએ કરવાનો છે.

ત્રીજું જો યાત્રા કરવી તો લાખની રકમ કે મુંડકાનો કર દીધા વગર કરવી. પણ તે સંપૂર્ણ સવિ-નય શાંતિથી-સર્વ દુઃખ વ્હોરી લેવાની શુદ્ધ અભિલાષા અને નિશ્ચય-પૂર્વક કરવી.

પ્રભુ સાક્ષીએ યાત્રા તજો, કરી ત્યાગ પ્રભુને પ્રાર્થીશું;
સહુને સુબુદ્ધિ સદા રહો, સત્યેજ આગ્રહ રાખીશું.

હમણાં મળેલી ખબર પ્રમાણે તાજેતરમાં પાંચ દિગંબરી ભાઇઓ યાત્રાએ ગયેલા-વાર્યા ન વળ્યા-પછી ભૂલ સમજાઇ, છતાં તે રાજ્યાધિકારીઓની યુક્તિને વશ થઈ જાત્રા કરી આવ્યા. આ બન્યું હોય તો તે માટે આખી દિગંબરી કોમ પર આક્ષેપ ન મૂકી શકાય, છતાં શ્વેતામ્બરીમાંથી એક પણ બચ્ચો ન જાય, તે વખતે દિગંબરીમાંથી પાંચ ભાઇઓ યાત્રા એ જાય તે સમદુઃખીપણું નથી. આ અવસરે તો બંનેએ એક બીજાની સહાયે-કુમકે રહી એકત્રિત થવાનું છે. દિગંબરી ભાઇઓ! ચેતજો કે હવે પછી આવી ભૂલ તમારામાંથી કોઇપણ ન કરે. હજુએ અનેક ખેલો ખેલાય-બાજીઓ રચાય-એક પક્ષ કે ગચ્છવાળાને સમજાવી લેવાના પ્રયત્નો થાય, છતાં જૈનકોમે એકત્રિત રહી એકત્રિત તરીકે-એક વ્યક્તિ રૂપે આપેલા અવાજમાં વિસંવાદનો સૂર નીકળવો ન ઘટે. આ એકત્રિત અવાજ એક મહા અભિમાનનો વિષય છે. મારા જેવા અનેકને થયું છે અને થયું હશે કે નિઃસત્વ ગણાતી જૈન કોમ આ વખતે સત્વ-શાલી બની ગઇ છે તો હવે તેમાં જન્મ લીધાનું સાર્થક ગણાય.

## બ્રિટિશ ન્યાયમાં હજુ શ્રદ્ધા.

સરકાર અન્યાય થાય ત્યારે વચમાં પડશે એમ તો મૂળથી હકીકત છે. તેથી અંતિમ નિર્ણય આપણા હકના સંબંધમાં તેની પાસેથી લેવો ઘટે. એક બાજુ પ્રજાનો નિશ્ચય, અને બીજી બાજુ રાજદ્વારી લડત બંને ઉપકારક છે. સરકારની વલણ હમણાં બદલાઇ છે. કોઇ પણ દેશીરાજ્યની પ્રજા બહુ પોકાર કરે છે ત્યારે તે સરકાર વચમાં પડયાના દાખલા થયા છે. નિઝામ જેવી સત્તાને પણ મજબૂત જવાબ આપ્યો છે. ઇડ-રની સ્થિતિ બદલાઇ છે. જ્યારે આમ છે, ત્યારે

આપણે કે જે પાલિતાણાની પ્રજા નથી અને મોટે ભાગે અંગ્રેજ સરકારની પ્રજા છીએ, તેનો પોકાર સાંભળવા સરકાર બંધાયલી છે એટલે આણંદજી કલ્યાણજીની પેઢી જે લડત ચલાવી રહી છે તેને આપણે મજબૂત ટેકો આપવો જોઈએ. આપણી મુખ્ય કૉન્ફરન્સે પોતાની ગત બેઠકમાં કરેલ ઠરાવ પ્રમાણે આ તીર્થ સંબંધી જૈન કોમના હકોની તપાસ ચલાવવા માટે અને પાલિતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચેના હમેશના ઝઘડા બંધ કરવાને સારૂ ઉપાયો યોજવા પ્રતિનિધિત્વવાળું તપાસ માટેનું કમિશન નીમવા માટે બ્રિટિશ સરકારને વિનંતિ કરી લેવાની છે. આવું કમિશન નીમાય તોયે રસ્તો ઘણો સાફ થાય તેમ છે.

તે ગત શત્રુંજય કૉન્ફરન્સે જે ઠરાવો કર્યા છે તે ઘણા વિચારપૂર્વક કર્યા છે અને તેને હિંદના સમસ્ત જૈન સંઘે ટેકો આપી મક્કમપણે વળગી રહેવું જોઇએ. સમસ્ત દેશમાં તીર્થ સંબંધીના હકકો અને આપણું હાલનું કર્તવ્ય શું છે તે સંબંધી પુષ્કળ પ્રચાર કરવો જોઇએ અને તે માટે પ્રચાર સમિતિ નીમાઇ છે તેના કાર્યમાં તન મન અને ધનની મદદ કૉન્ફરન્સને કરવી ઘટે.

### બીજા રસ્તા.

અરસપર સમજી લેવું એમાં જે શાંતિ અને આનંદ રહે છે તે ઝઘડા કરવાથી નથી રહેતાં. આમ પાલિતાણા રાજ્ય અને આ. ક. પેઢી પરસ્પર સમજૂતીથી નિકાલ કરી નાંખે તેના જેવું એકકે નથી. પણ તેમ કરવા માટે બંને પક્ષની હૃદયપૂર્વક ઇચ્છા અને સહકારિતા જોઇએ.. એક પક્ષ અસવાર બને અને પોતાનું મમત્વ ન છોડે તો બીજા પક્ષથી સમાધાન ન થઇ શકે. વળી જે સમાધાન થાય તે સ્વમાન અને પ્રતિષ્ઠાને જાળવીને યથાસ્થિત ન્યાયપુરઃસર થાય તોજ આખી સમાજને સંતોષ થાય.

અરસપરસ સમજુતી ન થઇ શકે, તો બંને પક્ષના વિશ્વાસપાત્ર તટસ્થ અને નિષ્પક્ષપાતી લવાદ દ્વારા ફડચો લાવી શકાય; પણ તે માટે પણ ઉપર જણાવી તેવી બંને પક્ષોની મનોદશા જોઇએ.

પાલિતાણાના રાજ્યકર્તા હિંદુ રજપૂત છે તેણે પોતાના પ્રભુનાં દર્શન કરવા યાત્રાએ આવનાર પ્રત્યે સંપૂર્ણ સદ્‌ભાવ અને પ્રેમ દાખવવા ઘટે. અસંખ્ય યાત્રાળુના આગમનથી પોતાના રાજ્યને બીજી અનેક રીતે થતા લાભથી સંતોષ માનવો ઘટે. આવી સંસ્કારી આર્યભાવના તેના હૃદયમાં જાગે તો ઝટ નિકાલ થઇશકે.

આ સમયે ત્યાગીઓ-મુનિઓ પોતાનું સંમેલન ભરી તેમજ પોતાની શકિત અને પ્રભા બતાવી કંઇ કરે એમ અનેક લોકો આશા રાખી રહ્યા છે. સાંભળવા પ્રમાણે મહાતપસ્વી યતિ મોતીચંદજી માઘ શુદિ ૧૫ લગભગ પાલિતાણા પહોંચી પોતાની શક્તિનો આવિર્ભાવ કરી સંઘ માટે યાત્રા ખુલ્લી કરવા કટિબધ્ધ થયા છેઃ પ્રભુ તેમને જશ આપે. સામાન્ય રીતે મુનિશ્રીઓ ધારે તો આ તેમજ અન્ય સર્વ તીર્થો માટે અને સમાજસુધાર અને પ્રગતિ માટે ઘણું અને સત્વર કાર્ય પરિણમાવી શકે તેમ છે. ઉપેક્ષા સેવવાનું, ભય સમજી વિપક્ષ બાંધવાનું, ભ્રમિત કરવાનું નેવે મૂકી પ્રગતિશીલ બની કાર્ય કરવાનું તેઓ માથે લે તો બહુ વહેલો આપણો સૌનો ઉદ્ધાર થાય.

સાધુવર્ગના ત્રણ પ્રકાર બાંધીએ-તેમાં ૧ લો આત્માર્થી કે જેઓ સમાજના કોઈ પણ પક્ષમાં ન પડી બીજી લપછપમાં પડતા નથી. અકસ્માત્ કોઈ મળે તો ઉપદેશ આપે, બાકી આત્મોદ્ધાર પ્રત્યે ગતિશીલ હોય. બીજો સ્થિતિચુસ્ત જે હોય તે-કંઇક નવીન જોઇ ભડકી ઉઠે, મતસહિષ્ણુતા હોય નહિ તેથી ધમાલ કરી નાંખે, અને તે અંગે વાદવિવાદ, જામે તે જૂદું, ત્રીજો નવીન વિચારો પ્રત્યે પ્રમોદ ભાવનાવાળો વર્ગ-કેળવાયેલા સંસારીઓ સાથે સહાનુભૂતિ દાખવી તેમના માર્ગમાં સરલતા કરે, જમાનાને ઓળખી તેને અનુકૂલ યોજનાઓ કરે અને તેમાં પોતાની શકિતનો ઉપયોગ કરે. આ સર્વમાંથી પ્રતિભાસંપન્ન સર્વશાસ્ત્રવેત્તા,સમયજ્ઞ મહાન્ મુનિ નીકળી 'યુગપ્રધાન' બને અને શાસનને સંસ્કારી અને જયવંતું કરે એવી પ્રભુ પ્રત્યે અભ્યર્થના છે.

### વર્તમાન સામાજિક સ્થિતિ.

સામાન્ય રીતે દક્ષિણની ફર્યાદ છે કે મુનિમહારાજો અત્ર વિચરતા નથી, તેથી ધર્મનું જ્ઞાન મળતું

નથી, ધર્મપ્રાપ્તિ થતી નથી, અને જૈન તરીકેના શુદ્ધ આચરણ શીખાતા નથીઃ આ વાત અસત્ય નથી પરંતુ જે પ્રાંતોમાં સાધુઓ નિરંતર વિચરે છે ત્યાં હાલ શું સ્થિતિ છે? મુનિનિન્દા, અવિવેક, કષાય કલેશ, કોર્ટના ઝઘડા વિગેરે યત્રતત્ર જોવામાં આવે છે. આચાર્યોની સંખ્યા વધતી જાય છે તેમાં શાસનની રક્ષા અને ઉન્નતિ થવાને બદલે અંદર અંદર કલેશાગ્નિ, અને હરીફાઇ–તે અંગે તેમના ઉત્સવો, અઠાઇ મહોત્સવો, સંઘ કાઢવાનાં ખર્ચો એક એકથી સરસ થાય છે. જ્ઞાનપ્રચાર, શાસ્ત્રોદ્ધાર, ધર્મપ્રચાર, સમાજોધ્ધાર, જીર્ણમંદિરોદ્ધાર, આદિ અતિ ઉપયુક્ત અને મહત્વની બાબતોપર ઉપેક્ષા કરવામાં આવે છે.

વિશેષમાં અંતઃક્ષોભ, અંધવિશ્વાસ અને જૂની પરંપરાની ચુસ્તતાને લીધે નવીન પ્રકાશ કે સહિષ્ણુતાનો અભાવ જ્યાં ત્યાં જોવામાં આવે છે એથી સમાજરૂપી નૌકા સાગરમાં ઝોલાં ખાય છે, જૈન ધર્મના સિધ્ધાન્તો–અનેકાંતવાદના અચલ અને સર્વગ્રાહ્ય સિધ્ધાન્તોને અભેરાઇએ ચડાવવામાં આવે છે. મોટો ભાગ અનેકાંત દર્શન શું છે તે સમજતો નથી અને તેથી (૧) જૈન ધર્મની ખરી ખૂબીનું મહત્ત્વ ઉડી જાય છે (૨) કેટલાય ક્લેશની હોળીમાં નાળીએર બને છે (૩) કેટલાય પોતાના કર્ત્તવ્યનું ભાન ભૂલી ચારિત્રભ્રષ્ટ થાય છે અને નફ્ફટ બની પોતાના દંભને ન છોડતાં સમાજને છેતરી પોતાની પાપ વાસનાનો ઢાંક પીછોડો કરે છે અને (૪) કેટલાયને બીજાં દર્શનોમાં આશ્વાસન લેવાનું મન થઇ જાય છે અને સ્વધર્મ છોડી પણ દે છે.

આ સમાજની ધાર્મિક બાજુ થઇ; હવે તેની વ્યાવહારિક બાજુ જોઇએ તો કુરિવાજોએ ઉંડાં મૂળ ઘાલ્યાં છે. વૃદ્ધવિવાહ અને કન્યાવિક્રય એ બે એક બીજા સાથે અતલગ સંબંધ ધરાવનારા રીવાજો ઘાતક નીવડયા છે. તેમાં બાળલગ્ન થાય છે. આ સર્વના પરિણામે બાળ વિધવાઓ વધી પડી છે, તેમની સુસ્થિતિ કરવા પર ધ્યાન ન આપતાં તેઓ જાણે જીવ વગરના પદાર્થો હોય નહિ તેમ ગણી તેમને કચડી નાંખવામાં આવે છે. ભભકામાં અને મનની માનેલી મોટાઇમાં મસ્ત બની અનેક જાતનાં નાહકનાં ખર્ચો ઘણાઓ કરે છે અને કોઇ સ્થળે વેશ્યાઓના નાચો કરાવવામાં આવે છે પરંતુ જ્ઞાનપ્રચાર પ્રત્યે ઘણું દુર્લક્ષ આપવામાં આવે છે. સ્ત્રીઓ પોતાનાં સ્ત્રી–ઉચિત ગૃહકાર્યો કરતી નથી તેથી તેમની શારીરિક સ્થિતિ બગડતી જાય છે. બાળકોને માતાનું શુદ્ધ પૂરતું ધાવણ મળતું નથી. ક્ષયઆદિ રોગોની બીમારી જીવનશક્તિનો ક્ષય કરે છે. માનસિક, કાયિક અને કર્મની શિથિલતા–ભ્રષ્ટતા, ઉંડાં મૂળ નાંખી આત્મબળ–સંગઠનબળ દેશપ્રેમ–કોમપ્રેમ આદિને હચમચાવી નાંખી સમાજને મૃતપ્રાય કરી રહી છે. મરણ સંખ્યા જૈનોમાં વધી ગઇ છે અને તે એટલી બધી કે ગત ૪૦ વર્ષમાં લગભગ સવાત્રણ લાખ જૈનો ઓછા થયા છે.

વસ્તીપત્રકમાં જૈનોની જણાતી આટલી બધી વર્ષોવર્ષ થતી ઓછી સંખ્યા જણાય છે. તેમાં ઉપરનાં કારણો નિમિત્તભૂત છે. તેમાં એક વિશેષ કારણ એ પણ છે કે લગ્નક્ષેત્ર સંકુચિત હોય છે ત્યાં નાના નાના વર્ગોને સામાજિક લાભ મળતા નથી તેથી તે આખા ને આખા વર્ગો ધર્મનો પલટો કરે છે. વળી ધર્મનો પલટો કર્યા પછી પાછા મૂળ ધર્મમાં લાવવા માટેનું કંઇપણ સાધન રાખવામાં આવ્યું નથી, તેમજ બીજા ધર્મમાંથી જૈનધર્મમાં આસ્થા રાખનારને જૈનધર્મમાં લાવી સ્થાપિત કરવા જેવું ઉદાર અને વિશાલ વાતાવરણ નથી.

## આર્થિક દીનતા.

આર્થિક દીનતા પણ વધી ગઇ છે. લોર્ડ કર્ઝનના કહેવા પ્રમાણે હિંદના વેપારનાં અર્ધાં નાણાં જૈનોના હાથમાં પસાર થાય છે એવી સ્થિતિ રહી નથી. વ્યાપાર તરફ લક્ષ અર્થોપાર્જન અર્થે છે, પણ મૂળ અને માલદાર એવા ખરા ધંધા યા ઉત્પાદક ધંધા હાથમાંથી સરી ગયા છે અને વિશેષે દલાલી અને સટ્ટામાં વેપાર આવી રહ્યો છે. હુન્નર ઉદ્યોગની વૃદ્ધિ થતી નથી. પહેલાંના શહેરો હાલ નથી, ઘણાં ઉતરી ગયાં. બધે ઠેકાણે આર્થિક તત્ત્વ નબળું પડતું જણાય છે.

આ રીતે દર્દ અનેકદેશીય છે. ગુંચવાડા ભરેલું છે. તેનો ઉપાય પણ તેજ રીતે ગુંચવાડા ભરેલો હોઇ

શકે. સામાન્ય દર્દ તો નિર્વીર્યતા, જડતા, અનક્ષરતા જ્યાં ત્યાં વ્યાપી રહેલ છે તે પહેલાં પ્રથમ દૂર કરવાની જરૂર છે. તે માટે વિચાર કરવો અને વિચાર કરતાં જે માર્ગ મળે તે સત્વર સ્વીકારવો જોઇએ. આવો વિચાર એકનો કામ ન આવે, પણ ઘણાએ મળી ઊહાપોહ કરી જે નિર્ણયપર અવાય તે નિર્ણય ઠરેલ અને સત્ય નિવડી શકે. વિચાર કર્યા વગર દશા ખરાબજ થતી જાય. નાના વર્ગે ટકી રહેવું હોય તો પુનઃ પુનઃ મળવું જોઇએ અને વિચાર કરવો જોઇએ.

## સંમેલનની જરૂર.

આ માટેજ આવા સંમેલનની જરૂર છે. મહાસંમેલન આપણી મહાસભાએ અનેક ભર્યા તેથી સમાજને લાભજ થયો છે. જોકે વસન્તઋતુ આવે ને કુદરતમાં જબરો ફેરફાર થઇ જાય તેટલો બધો લાભ આપણી નરી આંખે દેખાતો નથી, છતાં વિચારોનું આંદોલન કરવામાં,જૂના ચીલાઓ જમાના અનુસાર બદલાવવામાં, જ્ઞાન અને કેળવણીની મહત્તા સમજાવવામાં અને સ્થળે સ્થળે સમાજની સ્થિતિનું દિગ્દર્શન કરાવવામાં તે મહાસભાએ કૉન્ફરન્સે ઓછું કર્યું નથી; તેજ પ્રમાણે આ પ્રાન્તમાં પ્રાંતિક પરિષદ્ આપ સૌએ એકત્રિત થઇ ત્રણવાર ભરી અને તેનું આ ચોથું અધિવેશન ભરો છો. તેથી પહેલાં કરતાં આપે જરૂર પ્રગતિ કરી છે, અને આમ પ્રયત્નશીલ રહ્યે ભવિષ્યમાં તેનાં અનેક મધુર ફળો આપણી પ્રજા ભોગવતી થશે એ નિઃશંક છે.

આપનો મોટો ભાગ ગૂજરાતનો છે. અમદાવાદથી કલ્લોલ સુધીના ઘણા વતનીઓએ આ બાજુ લગભગ દોઢસો વર્ષ પહેલાં આવી નિવાસ કર્યો. વૈશ્ય વૃત્તિ એટલે વેપારનો વ્યવસાય કર્યો. પૈસે ટકે સુખી થયા. રીત રીવાજ ગૃજરાતના ચાલુ રાખ્યા, ઘરમાં માતૃભાષા ગૂજરાતીનોજ વ્યવહાર રાખ્યો, તળ ગૃજરાત સાથેનો સંબંધ અખંડિત રહ્યો અને ગૂજરાતી સંસ્કૃતિ આબાદ જાળવી. આ રીતે આપણું બૃહદ્ ગૂજરાત ગૂજરાત દેશની બહાર અદ્દભુત લીલા બતાવી રહ્યું છે એ મારા જેવા ગુજરાતીને ઓછું આનંદજનક નથી. કવિ ખબરદાર બરાબર કહે છે કેઃ—

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી,
ત્યાં ત્યાં ગુર્જરીનાં મહોલાત !

આપણે બધા શ્રી મહાવીરનાં સંતાનો છીએ. તીર્થંકર પ્રભુની દેશનામાં બાર પરષદા બેસતી. એ પરષદા એજ પરિષદ્. તેથી સમજાશે કે પરિષદ્ એ જૂનો પ્રાચીન શબ્દ છે. આ પરિષદ્‌માં વીરસંતાનો એકત્રિત થઇ સામાજિક સુધારો કરે, એ ઉચિતજ છે. શ્રી વીરના સકલ સંઘના અંગભૂત આપણે છીએ એ ભાવના દરેક સ્થળે ઉત્પન્ન કરીએ. નવી પ્રવૃત્તિ, નવી પ્રેરણા, નવી સ્થિતિ જનતા માગે છે. સહિષ્ણુતા પહેલા કરતાં વધુ થઇ છે. આ ભાગમાં ચેતનાના પૂરનું વહેણ આવ્યું છે તે ચેતનને વિશેષ જગાવી આપણો કાર્યક્રમ ઘડી તેને નિરંતર સક્રિય, ગતિમાન્ અને સફલ રાખીશું તોજ આ પરિષદ્‌નો હેતુ બર આવશે. માત્ર ભાષણોથી, માત્ર ઠરાવોથી કાર્ય સરવાનું નથી. જીવંત શ્રદ્ધાથી જ્ઞાનપૂર્વક વિચાર કરી નક્કી કરેલા ઠરાવો–નિર્ણયો અમલમાં મૂકીશું–મૂકતાજ જઇશું, તો આવા સંમેલન પાછળ કરેલ તન, મન, ધનનો વ્યય ઇષ્ટદાયી થશે. આપનો ઉત્સાહ અદમ્ય છે, સ્વભાવ સરળ છે. અને સેવાભાવ હૃદયમાં ઉછળે છે અને તેથી આપની બીજી પરિષદ્‌માં શ્રી જિનવિજયજીએ યથાસ્થિત કહ્યું હતું કે 'હું નિરાશાવાદી છું પણ દક્ષિણના લોકોનો ઉત્સાહ જોઇ મને કંઇક આશા ઉત્પન્ન થાય છે કે દક્ષિણના લોકોને જો ખરા માર્ગદર્શકો મળે તો તેઓ અવશ્ય જૈન ધર્મને દીપાવશે.'

આ પ્રાન્તિક પરિષદ્ છે–તેણે અત્યાર સુધી મુખ્ય પરિષદ્‌થી જો કે ભાવથી અભિન્ન રૂપે પણ દ્રવ્યથી ભિન્નરૂપે કાર્ય કર્યું છે. તે તેની સાથે દ્રવ્ય અને ભાવ બંનેથી અભિન્ન રહી સહકાર આપ્યાં કરે અને લીધાં કરે તો પોતે વધુ ફલદાયી અને સંગઠિત થઈ શકશે.

## હવે શેની જરૂર છે? સાચા સેવકોની.

(૧) જે કોમ કે દેશમાં આત્મભોગી નિઃસ્વાર્થ-

ભાવે સેવા અર્પણ કરનારા નથી તે કોમ કે દેશની સત્વર પ્રગતિ થતી નથી. મુખ્ય વાત એ છે કે જીવન-કલહ એટલો બધો છે કે સેવાની ઇચ્છા ધરાવ્યા છતાં પણ કેટલાય ભાઇઓ જનસેવા કરી શકતા નથી; વળી ખાસ કરી જૈન કોમ વૈશ્ય વૃત્તિ-વેપાર કરનારી હોવાથી તેની રગેરગમાં વેપારીવૃત્તિ સેવાભાવ કરવામાં પણ રહે છે. ત્યાં આંકડા મૂકી ગણત્રી કરવામાં આવે છે. સેવા ધર્મનો અગમ્ય માર્ગ લેવામાં ત્યાગ માર્ગ ગ્રહણ કર્યા વગર છૂટકો નથી. તેવા ત્યાગથી કરેલી સેવા મુક્તિદાયક છે. થોડાએક યુવાન યા વાનપ્રસ્થાશ્રમી સંપૂર્ણ સેવાધર્મીઓ-'મિશનરીઓ' -અર્ધસાધુઓ નીકળશે ત્યારેજ ઉદ્ધાર થશે. જનતામાં શ્રદ્ધા છે. દાનનો ઝરો વહે છે, પણ કાર્ય કરનારા નથી તેથી તે શ્રદ્ધા અને દાનનો ઝરો યથાસ્થિત વેગથી કે સુમાર્ગે વહેતો નથી. કાર્ય કરનારા છે ત્યાં વ્યવસ્થા છે, અને ત્યાં ધન સ્વતઃ મળી આવે છે. આવા વ્યવસ્થા પૂર્વક કામ કરનારા 'સેવકો'માં સેવાની આગ, સમાજનાં દર્દ સમજી ઉપાયો શોધવાની બુદ્ધિ, પ્રબલ આંદોલન કરવાની ઇચ્છાશક્તિ અને સમાજ-હિત માટે આત્માર્પણ કરવા જેટલી તૈયારી હોય તે તેવા થોડા બહાર પડે તો જૈન આલમનું કલ્યાણ થવામાં વધુ વખત નહિ લાગે.

(૨) સમાજના નેતાઓ, કાર્યકર્ત્તાઓ, પ્રતિષ્ઠિત પુરૂષો, પંચો અને ઉપદેશકોએ સાચી વાતનો સ્વીકાર કરી તેનો અમલ કરવાને તૈયાર રહેવું જોઇએ; એટલે કે પહેલાં પોતાનામાંજ સુધારો કરવો જોઇએ-પોતેજ સુધરવું જોઇએ; અને દરેક વ્યક્તિ કે જેને માત્ર જૈન ધર્મ પ્રત્યે આસ્થા હોય તેને પોતાની કરી અપનાવવી જોઈએ. વિરોધ અને વૈમનસ્યને તિલાંજલી આપી ખરા જૈની એટલે અનેકાંતવાદી તરીકેજ વર્ત્તન રાખવું જોઇએ. અનુદાર હૃદય જૈનધર્મને ધારણ કરવાને પાત્રજ નથી.

(૩) સાચા પત્રકારો સમાજની સુંદર અને સુયોગ્ય સેવા બજાવી તેમાં સક્રિયતા, જાગૃતિ અને વેગ લાવે છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં સુભાગ્યે 'મહારાષ્ટ્રીય જૈન અને 'જૈન જીવન' પત્રો નીકળ્યાં છે. તેમની સેવાને ઉત્તેજિત કરવાની છે. તેઓ વખત જતાં ઉત્તેજન મળ્યે દક્ષિણમાં વિશેષ સમ્યક પ્રકારે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની ખીલવણી કરશે એમ ઇચ્છીશું. આ સાથે કૉન્ફરન્સનું પત્ર 'જૈનયુગ', 'જૈન' અને બીજાં પત્રો વિસરવાનાં નથી.

**શરૂઆત કાર્યની ક્યાંથી કરવી ? કેળવણીથી.**

સર્વથી મહાન્ અને પહેલું કાર્ય તે શિક્ષા પ્રચાર છે. શિક્ષણનો વિસ્તાર થયે સમાજમાં રહેલી કુરૂઢિઓ અને રિવાજો, અસહિષ્ણુતા અને ઝઘડાઓ, વગેરે સર્વ નાબુદ થશે અને ત્યારેજ શાસનની ઉન્નતિ થઇ શકશે.

(૧) પહેલાં આપણે ધાર્મિક બનવું-પ્રથમ ધર્મના જ્ઞાન સંબંધી સ્પર્શ કરતાં કહેવાનું કે આપણા લોકો ધર્મ શબ્દનો અર્થ એટલોજ લેખે છે કે જેના વડે પરલોકમાં સુખ પમાય તેવી કરણી તે ધર્મ છે, પરંતુ ધર્મનું પરિણામ માત્ર સુખ નથી પરંતુ કલ્યાણ, ઉચ્ચતા અને શ્રેય છે. આપણા જીવનને નિરંતર ઉચ્ચતા, ભવ્યતા, દીવ્યતા, ભણી દોરી જાય તે ધર્મ છે. ધર્મનું પરિણામ પરલોકમાંજ જણાય એમ નથી. આપણું જીવન ઉચ્ચતર, ભવ્યતર, કે દીવ્યતર બનતું જાય તે આ લોકમાંજ જાણી શકાય છે. પ્રબળ ધર્મભાવના વિના જનસમાજની સ્થિતિ શીકારીની મંડળી જેવી હોય છે. જે વ્યક્તિમાં ધર્મની ભાવના અને ઉચ્ચતા પામવાના આદર્શની ભાવના હોતી નથી તેનું જીવન પશુજીવન જેવું શાસ્ત્રકારે ગણ્યું છે; તેથી તે ભ્રષ્ટતા, અનીતિ, સ્વચ્છંદ, અનાચાર અને દરેક પ્રકારની અધમતામાં ગબડી પડે છે.

ધર્મ એ અંતરમાંથી ઉત્પન્ન થાય છે. માત્ર બાહ્યાચાર વિધિપૂર્વક હોય તેથી તે પરથી આંતરિક વૃત્તિઓ શુદ્ધ હોયજ એમ ફલિત થતું નથી. કપાળમાં કેસરનું તિલક કરવું એટલે જિનેશ્વરની સાચી પૂજા થઈ ગઈ એમ નથી. માત્ર સમાજે એ તિલકને આંતરિક પૂજા સૂચવનારૂં એક બાહ્ય લક્ષણ સ્વીકાર્યું છે એટલે તે ભાવપૂજાનું સંકેત સૂચક (Symbol) છે. બાહ્યાચાર ત્યાગવાનો કે નિષેધવાનો નથી, પણ તે સાથે આંતરિક આચારની શુદ્ધતા રાખવાની છે-ધર્મ શાસ્ત્રમાં સુવિહિત કરેલી નીતિને

અનુસરી જીવન વીતાવવાનું છે. એ નીતિ તે આપણા દર્શનના સંસ્થાપક મહાપુરૂષે પ્રબોધેલો આદર્શ છે. તેમાં વિશ્વાસ રાખવો એ 'શ્રદ્ધા' છે અને એ શ્રદ્ધાને અનુસરતું જીવન રચવું એનું નામ 'ચારિત્ર્ય' છે.

ગૃહસ્થાચાર શું છે તે શીખી લેવું જોઇએ. માર્ગાનુસારીના ૩૬ ગુણ, શ્રાવકના ૨૧ ગુણ અને બારવ્રત, ગૃહસ્થધર્મ-દિનચર્યા, રાત્રિ ચર્યા આદિ વ્યવહાર ધર્મ-આદિ ગૃહસ્થ જીવનને ઉત્કૃષ્ટ બનાવવાના માર્ગ છે. તેથી ન્યાય-નીતિ-દયા-મૈત્રી આદિ ભાવનાઓને વિકાસમાં લાવી આત્માને નિર્મળ કરી શકાશે-મન વચન કાયાથી થતા કોઇ પણ અનર્થોથી બચી શકાશે અને જગત્ પ્રત્યેના ઉપકારધર્મ આચરી શકાશે.

આપણે સર્વેએ દર્શનોન્નતિ માટે જે કરવાનું છે તે એજ છે કે આપણે આપણા પોતાથી શરૂઆત કરી આગળ વધવું જોઇએ. આપણે પોતે સર્વજ્ઞપ્રણીત દર્શનના સિદ્ધાંતોને લક્ષીને જીવન ગાળવું જોઇએ અને એ પ્રકારના ચારિત્ર વડે જ બીજાનાં મન ઉપર આપણા દર્શનની મહત્તા અને ગૌરવની છાપ પાડવી જોઈએ. દર્શનનો પ્રભાવ બીજી રીતે પડશે નહિ. આપણા પૂર્વના મહાપુરૂષોએ જૈન દર્શનને એ પ્રકારેજ સતેજ, સવીર્ય અને સબળ બનાવ્યું હતું અને આજે પણ દર્શનોન્નતિનો એજ ક્રમ છે.

**ધાર્મિક કેળવણી**—આપણાં સંતાનોને આ ક્રમ પર ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ધર્મ છે તેથી સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર એ મિથ્યાચારિત્ર છે અને સંસારના પરિભ્રમણનું કારણ છે. શુદ્ધ ચારિત્ર સમજવા માટે શુદ્ધ જ્ઞાનની પ્રથમ જરૂર છે. ભાવ વગર ક્રિયા ફલદાયક થતી નથી. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયાઓ તેના હેતુ બરાબર સમજીને વિધિ સાથે ભાવપૂર્વક કરવામાં આવે તો તેનું સંપૂર્ણ ફલ મળે છે. વ્યાવહારિક શિક્ષણ પણ ધર્મ ભાવનાથી સુશોભિત, ભવ્ય અને પ્રશંસનીય બને છે.

આ ધાર્મિક શિક્ષણ યથેષ્ટ મળે તે માટે બાળોપયોગી ધાર્મિક વાંચનમાળાઓ વિદ્વાનોના હાથથી તૈયાર થયેલી પ્રકટ થવી જોઇએ; જૈન પરિભાષા બરાબર સમજાય તે માટે જૈન પારિભાષિક કોષ બહાર પડવો જોઇએ; આપણા ગૂજરાતી સાહિત્યમાં એવો સંપૂર્ણ ગ્રંથ પ્રકાશમાં લાવવો જોઇએ કે જે એકજ ગ્રંથના વાંચનથી જિજ્ઞાસુ જૈન દર્શનનાં રહસ્યોને યોગ્ય રીતે સમજી શકે; તત્વાર્થ સૂત્ર, તથા કર્મ ગ્રંથોના અને અનેકાંતવાદના સિદ્ધાંતોનું એકજ ગ્રંથમાં સરળ રીતે સ્પષ્ટીકરણ થાય તો જૈન તત્ત્વ જ્ઞાનના અભ્યાસીઓનો માર્ગ ઘણો સરળ થઇ પડે. સંસ્કૃત અને પ્રાકૃતમાંના ધાર્મિક સાહિત્યનો પ્રચલિત લોકભાષામાં વિસ્તાર થવો ઘટે, અને સાથે સંસ્કૃત અને ખાસ કરી શાસ્ત્રભાષા પ્રાકૃતનો ઉદ્ધાર કરવો ઘટે.

**વ્યાવહારિક કેળવણી.**

આપણી કોમમાં લખી વાંચનારની સંખ્યા ઠીક છે. ૨૫ ટકા લગભગ ગણાય પણ અંગ્રેજી શિક્ષણ લેનારની સંખ્યા એક હજારે લગભગ ૨૦ ની છે એટલે બે ટકાજ છે. આપણે અંગ્રેજી એટલે રાજભાષા વગર કામ ચલાવી શકીએ અને આગળ વધી શકીએ તેમ નથી. મુસાફરીમાં, નોકરીમાં, વૈદું વકીલાતમાં, ટપાલ તારમાં એ ભાષાનું જ્ઞાન જરૂરનું થઇ પડયું છે એટલુંજ નહિ પણ આજે વેપાર કરતાં કે ખેડતાં અંગ્રેજી જ્ઞાનની પહેલી જરૂર પડે છે. આ સંજોગોમાં માતૃભાષાના જ્ઞાન સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન લગભગ દરેક માણસે મેળવવું જરૂરી છે; અને તે ઉપરાંત ધંધાનું જ્ઞાન પણ મેળવવું આવશ્યક છે. આ માટે જૂદી શાળાઓ, મિડલ કે હાઇસ્કુલો જૈનો માટે ખાસ અલગ ઉઘાડવા કરતાં સરકારી કે રાષ્ટ્રીય નિશાળોનો લાભ લેતા જનવિદ્યાર્થીઓ માટે સર્વ જાતની બીજી સગવડતાઓ કરી આપવી એ વધુ હિતકર અને લાભદાયક છે. તે સગવડો પૂરી પાડવા માટે ફ્રી બોર્ડિંગ સ્કૂલો, કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની પદ્ધતિ પ્રમાણે 'લોન સિસ્ટમ' પર બોર્ડિંગો સ્થાપી શકાય યા સ્કોલરશિપો આપી શકાય.

સાંગલીમાં આપમાંના બંધુઓએ એક બોર્ડિંગ સ્કૂલ સં. ૧૯૭૦ માં સ્થાપી ને ૧૯૭૫ સુધી ચાલ્યા પછી કેટલાક નજીવા મતભેદો કાર્યકારી મંડળમાં પડતાં બંધ

પડી પણ આખરે સં. ૧૯૭૭ માં ચાલુ કરી અત્યાર સુધી નિભાવી રાખી છે તે માટે તેમને ધન્યવાદ છે. જૈનધર્મના ઉચ્ચ સંસ્કારો સાથે ફરજિયાત શિક્ષણ, ઉંચું નૈતિક શિક્ષણ અને હાઇસ્કૂલ કૉલેજ સુધીનું ઇંગ્લિશ-વ્યાવહારિક શિક્ષણ તેમજ પુસ્તકાલય દ્વારા વાંચનાભિરૂચિ ઉત્પન્ન કરવી તથા વધારવી, વિદ્યાર્થીઓનું સ્વાભિમાન જાગ્રત કરવું, શારીરિક બળ વધારવું અને તેમને ઉદ્યોગી, ધર્મપ્રેમી અને દેશ પ્રેમી બનાવવા એ ઉદ્દેશો તે સંસ્થાના મુખ્યપણે રાખ્યા છે તે અતિ સ્તુત્ય અને સુયોગ્ય છે. આ સંસ્થાને મદદ કરવી એ ખરૂં જ્ઞાનદાન અને સ્વામિવાત્સલ્યનું અંગ છે. આને હમેશાં તન મન ધનથી સહાય આપી પોષજો. તેને આદર્શ સંસ્થાન બનાવજો, અને તે દ્વારા સમસ્ત દક્ષિણ મહારાષ્ટ્રનાં બાળકો યથેષ્ટ લાભ લઇ શકે એવું કરજો—એમાં આપ સૌની શોભા છે—એમાં આપના સમાજની ઉન્નતિનાં બીજ રહેલાં છે—એથી અનેકનાં કુટુંબોનો ઉદ્ધાર છે. આવી અનેક સંસ્થાઓ જેમ જેમ સાધનસંપન્ન બની ઉત્પન્ન કરશો તેમ તેમ સમાજની ઇમારતની ભવ્યતામાં વધારો કરી શકશો, અને સમાજમાં રહેલ ગરીબાઇ, અજ્ઞતા અને જડતા દૂર કરી શકશો.

આવી સંસ્થા સંબંધી એ ખાસ સ્મરણમાં રાખશો કે 'તમે જેને આપો છો તેને તે ગ્રહણ કરવામાં જે સ્વમાન લોપ અથવા શરમ રહેલ છે તે અટકાવી શકાય તેવું હોય તો જ આપો.' આ એક પાશ્ચાત્ય વિચારકનું કથન છે; મહાત્મા ગાંધીજીનું આવી સંસ્થાઓ સંબંધમાં કહેલું વક્તવ્ય ખાસ નોંધવા લાયક છે અને તે એ છે કે 'આપણી ઘણી ખરી બધી સંસ્થાઓને વિષે આપણે વણિક વૃત્તિ વિશેષે જોઇએ છીએ. આ વૃત્તિને ગૌણ રાખી ક્ષત્રિય (સાહસિક) વૃત્તિને, બ્રાહ્મણ (દીર્ઘદૃષ્ટિની) વૃત્તિને અને મુખ્યત્વે કરીને શૂદ્ર (સેવા) વૃત્તિને પ્રધાન પદ આપવાની આવશ્યકતા છે.'

**ઉચ્ચ શિક્ષણ.**

આપણી કોમમાં ઉચ્ચ શિક્ષણ પામેલા તો બહુ અલ્પ છે. રાજદ્વારી હીલચાલમાં તો તેથી પણ અલ્પ છે. આથી સમાજને શોસવું પડે છે. તેના સાહિત્યનો ઉદ્ધાર નવીન શૈલીએ હાલના સંજોગોને અનુરૂપ થઇ શકતો નથી. પળેપળે વિધવિધ પ્રસંગો ઉપસ્થિત થતાં અન્ય કોમના સુશિક્ષિતોની મદદ લેવી પડે છે અને તે માટે ઘણું ખર્ચ કરવું પડે છે. એક સુશિક્ષિત કેટલું બધું કાર્ય કરી શકે છે તેનું એક દૃષ્ટાંત આપીશ. કોલ્હાપુરના સુધારક અને પ્રજાપ્રેમી નરેશના દિવાન સાહેબ શ્રીયુત રાવબહાદુર અન્નાસાહેબ લઠ્ઠે સુશિક્ષિત જૈન છે, તેમણે રાજ્યમાં કેટલા બધા સુધારા કર્યા, પોતાની દિગંબરી જૈન કોમને કેટલા લાભો પોતે ગ્રેજ્યુએટ થયા પછી કરી આપ્યા, એ સર્વ પર નજર નાંખીશું તો જણાશે કે ઉચ્ચ શિક્ષણ પામેલા સંસ્કારી વિવેકી અને જનસેવાપ્રેમી ગ્રેજ્યુએટો કોમ અને દેશનો ઉદ્ધાર કરવામાં પ્રબલ નિમિત્તભૂત થાય છે. શત્રુંજય અને અન્ય તીર્થના સંબંધમાં જૈન બેરિસ્ટરો, સોલીસીટરો અને વકીલો જે સહાય આપી શકે તે લઇ શકાય તો કેટલો બધો ખર્ચ જૈન સમાજને બચી જાય એ સહેજે કલ્પી શકાય તેમ છે. વળી તેમાં ધર્મપ્રત્યેની લાગણી જે કાર્ય કરે તે ઑારજ થાય એ જૂદું.

આવા ગ્રેજ્યુએટો ઉત્પન્ન કરવા માટે સાંગલી બોર્ડિંગમાંથી ઉત્તીર્ણ થઇ નીકળતા ચાલાક અને ઉંચી કક્ષાવાળા વિદ્યાર્થીઓ મુંબઇની શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો લાભ લઇ શકે તેમ છે, યા તેમને બીજી સગવડ સ્કોલરશીપ આપી તેને ગ્રેજ્યુએટ બનાવી શકાય છે.

ઉચ્ચ શિક્ષણ લેનાર જીવનના ભવ્ય આદર્શ પારખી શકે છે, તેમનામાં વિશાળ દૃષ્ટિ, ઉંચી ભાવના, ઉચ્ચ પ્રકારનો નિર્દોષ આનંદ લેવાની શક્તિ હોય છે જ્યારે અશિક્ષિત-પછી ભલે તે લક્ષ્મીસંપન્ન હોય કે મહા વેપારી હોય તેના-માં તેવું નથી હોતું. સર પી. સી. રૉયે તાજેતરમાં ગ્રેજ્યુએટો સંબંધી જે કથન કહેલું તે મદ્રાસ અને કલકત્તાના ગ્રેજ્યુએટો માટે કહેલું કે જ્યાં આજીવિકા વગરના યા તુચ્છ પગારે આજીવકા અર્થે નોકરી કરનારા મોટા પ્રમાણમાં તેઓ મળી આવે છે. ગૂજરાતના કે આ બૃહત્ ગૂજરાતના જૈનોમાં એવી સ્થિતિ થઇ નથી. જૈન કોમને ગ્રેજ્યુએટોની—સમર્થ પ્રતિભાશાળી ગ્રેજ્યુએટોની બહુ જરૂર છે. કેળવણીના પ્રચાર માટે તેમજ આવી પરિષદો અને તેનાં કાર્યોની ફતેહ માટે કેળવાયેલાઓની સામેલીયતની ખાસ અપેક્ષા છે.

## સંખ્યામાં થતા ઘટાડાને કેમ દૂર કરવો ?

### (૧) જૈનોની લાચારી દૂર કરવા દાનની દિશા બદલો.

જૈનોની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે એ સંબંધેના પોકારો ઘણા વખત થયાં થતા રહ્યા છે. એનાં કારણોમાં ઉતરતાં બીજાં કારણો સાથે ગરીબાઇ અને લાચારી-બેકારી જૈનોની ખુવારી કરતી રહી છે એ વાત પણ એક કારણ છે. તો તેના સંબંધમાં શ્રીમંતો તથા સમજુ જૈનોએ યોગ્ય ઉપાયો યોજવાની જરૂર છે.

આપણી માતબર ગણાતી કોમમાં અનેક કુશળ માણસો રોજી અને નોકરીથી વિહીન છે, કેટલાક અપંગ અને નિરાધાર છે, અને કેટલાક રોગી અને અશક્ત છે તેથી તેઓનાં કુટુંબો જે હાડમારી ભોગવે છે તે જો ઉંડી રીતે તપાસવામાં આવે તો હૃદય ખિન્ન અને શીર્ણ થાય તેમ છે. આ સ્થિતિ દૂર કરવામાં રોજી કરનારને રોજી પર ચડાવવા, અશક્તને મદદ આપવી યા કાર્યગ્રહો-આશ્રમો ખોલવાં ઘટે.

જૈન ધર્મમાં ધર્મના ચાર પગથીઆં જણાવ્યાં છે. દાન, શીલ, તપ અને ભાવ: તેમાંનું પ્રથમ દાન છે. જૈનધર્મ ગમે તેવો ઉમદા તત્ત્વવાળો અને આધ્યાત્મિક પ્રગતિ કરનારો હોય, જૈન સાહિત્ય ગમે તેવું ઉંચું અને શાંતિપોષક હોય, છતાં જ્યાં સુધી તે સર્વ એક જૈનની જીંદગીને વ્યવહારૂ રીતે પોષી ન શકે ત્યાં સુધી તે બધાં તેને શું કામનાં. ખરી પ્રગતિનાં સાધનોમાં ભાવના, સાક્ષાત્કાર અને કૃતિ એ ત્રણ મુખ્ય છે. આ ત્રણમાંથી બીજા દેશો કરતાં આ દેશમાં ભાવના અને સાક્ષાત્કાર—અથવા હૃદયપ્રતીતિ પુષ્કળ જોવામાં આવશે, પણ કૃતિની તો ઓછપજ જણાશે. આનું કારણ તપાસીશું તો જણાશે કે બીજા દેશોએ પોતાના ધર્મની ત્વરિતતા પદ્ધતિપુરઃસર મૂકી છે, જ્યારે આપણે તે કર્ત્તવ્યથી વિમુખ રહ્યા છીએ તો હવે દરેક ધર્મોપદેશકે અને શ્રાવકે આપણા ધર્મના આદેશ અને ઉપદેશને યોગ્ય કાર્યપ્રણાલીપર મૂકવાની અતિ જરૂર છે, તેમ નહિ થાય તો જૈન ધર્મના હાલ જે અનુયાયીઓ છે તે અન્ય ધર્મમાં જશે, તેમ બીજી રીતે સંખ્યા ઘટતી જશે અને પરિણામે નહિવત્ જેવો જૈન ધર્મ રહેશે.

સરકાર રોજીનાં વધુ સાધનો, નવા ઉદ્યોગ, અને નવી જગ્યાઓ ઉઘાડે તો તો કાર્ય ઘણું સરસ અને અસરકારક થઇ શકે તેમ છે, તો પણ તે સાથે ખાનગી ગૃહસ્થોએ જાગ્રત રહેવાની અને પોતાના વર્ગને ઉપયોગી કાર્યો ઉપાડી લેવાની જરૂર છે. આ દેશ ધર્મભાવનાવાળો છે, તેથી ત્યાં અનેક જાહેર તેમજ ખાનગી સંસ્થાઓ છે કે જે સદાવ્રત આપી લોકોને ખવડાવે છે, ગરીબને અન્ન આપે છે, પરંતુ તેમાં ડહાપણ અને પદ્ધતિનો ઉપયોગ થવો જોઇએ તે નથી થતો, તેથી હજારો માણસો તેનો લાભ લઇ શકતા નથી અને ભૂખે મરે છે અને દુરૂપયોગ થાય છે. કેટલાક સંઘને અન્ન પૂરૂં પાડવામાં રૂપીઆ ખર્ચે છે યા વીલ કરી કાઢી જાય છે; પણ આથી જે ગરીબને મદદ મળે તે ક્ષણિક છે અને અલ્પ છે, તો એવી યોજના કરવી જોઇએ કે જેથી ગરીબો કાયમ અને મહાન્ સહાય મેળવી પોતાની સ્થિતિ એટલી ઉચ્ચ કરી શકે કે પછી તેને સહાય લેવાની અપેક્ષાજ ન રહે. જેમ જીવદયા પાળવા અર્થે અમુક જીવોને તેના ઘાતક પાસેથી છોડાવી લાવવા, તેના કરતાં તેના ઘાતક અને માંસભક્ષીને જીવદયાનો ઉત્તમ સિદ્ધાંત પ્રમાણદ્વારા સમજાવી તેના જ્ઞાનનો પ્રચાર કરવો-કરાવવો ઉત્તમ છે, તેવીજ રીતે એક વખત અનેકગણું ધન જમણવાર આદિમાં ખર્ચી ગરીબોને તે દ્વારા લાભ આપવા કરતાં ગરીબોને યોગ્ય રસ્તે ચડાવવા, તેઓને ધંધારોજગારમાં મદદ કરવી, અને તેઓ ઉદ્યોગાદિ શીખી શકે તે માટે સંસ્થાઓ ખોલવી અનેક રીતે અનેકગણી ઉત્તમ અને ફલદાયી છે.

### (૨) જૈનધર્મ પ્રચાર.

અહિંસાનો શુદ્ધ માર્ગ એટલો બધો વિશ્વમાન્ય થઇ શકે છે કે જેની વાનગી આ યુગમાં-ગાંધીયુગમાં આપણને ઘણી મળી છે. રાજદ્વારી બાબતોમાં

પણ મહાત્માજીએ અહિંસા તત્ત્વને દાખલ કરી આ યુગને 'જૈનયુગ' તરીકે સ્થાપી દીધો છે. વળી અનેક દૃષ્ટિથી એક વસ્તુને જોઈ તેની સિદ્ધિ કે અસિદ્ધિનો નિર્ણય કરાવનારૂં અનેકાન્તદર્શન જૈન દર્શન છે. આ દર્શન વિશ્વવ્યાપક થઇ શકે તેમ છે. તો તેનો પ્રચાર કરવો એ ખાસ આવશ્યક છે.

સંસારમાં અધર્મ ફેલાયો છે. અજ્ઞાન, કષાય, પ્રમાદથી હિંસા જ્યાં ત્યાં જોવામાં આવે છે. આવા અધઃપતનથી લોકોને બચાવી તેને જૈન ધર્મની ખૂબીઓ સમજાવી વીરશાસનરસી બનાવવામાં ઓછું કલ્યાણ નથી. તે ખરો પરોપકાર, દયાધર્મ અને જૈનનું સાચું કર્ત્તવ્યકર્મ છે.

તેવો ધર્મપ્રચાર કરવા અર્થે જિનવાણીનું પ્રકાશન અને જૈન ધર્મનો ઉપદેશ એ બે આવશ્યક અંગ છે. જૈન ધર્મનાં અનેક તત્ત્વો અને સિદ્ધાન્તોનું રહસ્ય બહાર પાડવા માટે એવા ગ્રંથોની જરૂર છે કે જેથી શુદ્ધિ તત્ત્વ, ભક્તિમાર્ગ, સ્તુતિપ્રાર્થના, કર્મ સિદ્ધાન્ત, અહિંસાતત્ત્વ, સ્યાદ્વાદ-અનેકાંતવાદ વગેરે પર સંપૂર્ણ પ્રકાશ પડે. આ ગ્રંથો બૌદ્ધ ધર્મનું રહસ્ય જે રીતે શ્રીયુત ધર્માનન્દ કોસંબી લખી બહાર પાડે છે તે શૈલી પર લખાવા જોઇએ. તેમ જ બીજા કેવા ગ્રંથો પ્રકટ કરવા જોઇએ તેનો ઉલ્લેખ ઉપર થઇ ગયો છે.

જૈન ધર્મમાં રત્નપ્રભસૂરિ આદિ અનેક આચાર્યોએ જુદી જુદી જ્ઞાતિઓમાંથી અસંખ્યને જૈન બનાવી મહા ધર્મ પ્રચાર કર્યો છે.

જૈન ધર્મનો ઉપદેશ સાચા જૈન મિશનરીઓ બની આપવો જોઇએ. આમ થવાથી સાચી શ્રદ્ધાએ થયેલ જૈનોને આપણે અપનાવવા ઘટે. સ્વધર્મમાં લાવ્યા પછી તેમના પ્રત્યે સ્નેહભાવ રાખી, તેમને સર્વ જાતની જૈન તરીકેની સાનુકૂળતા કરી આપવી જોઇએ, એટલે જૈન તરીકેના બધા યોગ્ય અધિકાર આપવા જોઇએ, કે જેથી જૈન ધર્મનો આશ્રય છોડવાની તેને ફરજ ન પડે. આ માટે સંગઠન બળ પણ જોઇએ તેમજ ઉપદેશકો મહા સમર્થ અને નિડર હોવા જોઇએ; આ શોકનો વિષય છે કે હિંદુ મિશનરી આર્ય સમાજિસ્ટ આગેવાન શ્રી શ્રદ્ધાનંદજીનું પ્રાયઃ પોતાના આવા પ્રચાર કાર્ય કરવાના પરિણામે ખૂન થયું છે. આવી સમર્પણા-આવો ભોગ દૃષ્ટાંતરૂપ છે.

## (૩) કુરીતિઓની સુધારણા.

કુરિવાજો ભયંકર હાનિ કરી રહ્યા છે, છતાં સમાજ સમજુ થઇ તે દૂર કરવાને બદલે તેને વળગી રહી છે એ શોચનીય છે.

બાળકો જ્યારે લગ્ન શું છે તે સમજતાં નથી ત્યારે તેની જોખમદારી શું છે તે તો ક્યાંથી સમજે? આવી અપકવ શરીરસ્થિતિ હોય ત્યારે પ્રજોત્પાદન રૂપ લગ્નની બેડીમાં તેઓને ધકેલવાં એ શું પાપ નથી? કન્યાની ઓછામાં ઓછી ૧૧ થી ૧૬ વર્ષની વયે અને પુરૂષની ઓછામાં ઓછી ૨૦ વર્ષની વયે લગ્ન કરવાં જોઇએ. અવસ્થાથી જર્જરીત થયેલા વૃદ્ધોએ લગ્ન કરવાં જ ન ઘટે તેમ તેઓને કોઇએ પોતાની નિર્દોષ કન્યાલક્ષ્મી સોંપી તેને અગ્નિમાં હડસેલવી ન ઘટે. આવા વૃદ્ધવિવાહથી કાચી વયમાં કે ઉગતી જુવાનીમાં કન્યાઓ બાળવિધવા થાય છે. વળી જે બાળવિધવાઓ હાલ છે તેનું સંખ્યાપ્રમાણ ઘણું મોટું છે. તેની દશા કેમ સુધરે, તેનું જીવન કેવી રીતે પવિત્રપણે ગાળવામાં આવે, તે માટે બધી કાળજી રાખવી જોઇએ કે જેથી તેઓ અનિષ્ટ કાર્ય કરતાં અટકે. કેટલીક બિચારી આજીવિકા-વિહોણી હોય છે તેમને આજીવિકા પૂરી પાડવી જોઇએ, તેમને સ્ત્રીઉચિત વ્યવસાય-ગૃહધંધાઓ શીખવવા જોઇએ. છ લાખમાં દોઢ લાખ વિધવા જે કોમમાં હોય તે કોમ કેમ વધી શકે? આટલી બધી વિધવાઓના શાપનો ખ્યાલ કરતાં હૃદય શૂન્ય થઇ જાય છે.

કુમળી બાળિકાઓનાં વેચાણ જ્યાં થવા લાગે ત્યાં તો લીલાંઉવાળાની પેઠે મોટી માગણી કરનારો તેને લઇ જાય, પછી તે ગમે તેવો અપંગ, વૃદ્ધ, કે નિર્બળ હોય. આના પરિણામે-તેનાં માબાપોની આલોક કે પરલોકમાં કેટલી અધોગતિ થાય તે કલ્પી શકાય તેમ છે. પેટાજ્ઞાતિઓ વધી પડી છે. દરેક તેવી પેટાજ્ઞાતિ નાની સંખ્યાના માણસોની હોય છે તેથી લગ્નનું ક્ષેત્ર એટલું બધું સંકુચિત થાય છે કે તેના પરિણામે વિષમ લગ્નો થાય છે, યા બીજી ધર્મની

જ્ઞાતિઓમાં ભળી જવાય છે. ફજૂલ ખર્ચો બહુ વધી પડયાં છે, અને અનુત્પાદક વ્યય જમણવારો, મહોત્સવો, ઉજમણાં આદિમાં કરવામાં આવે છે. તે દ્રવ્યનો જ્ઞાનપ્રચાર કે ધર્મપ્રચાર કે સાહિત્યપ્રચારમાં કરવામાં આવે તો જૈન સમાજ તરી જાય એટલે કે ખરૂં સ્વધર્મીવાત્સલ્ય જ્ઞાન દાનાદિમાં છે એમ સમજુ જનો સૌ સ્વીકારશે.

**સમાજ સંગઠન અને એકતા.**

આપણા સમાજની શક્તિ આપણી છિન્નભિન્નતાને લઇને એકત્રિત થઈ શકતી નથી અને તેથી સામુદાયિક કાર્યો થઈ શકતાં નથી. નજીવા મતભેદોથી સાંગલી બોર્ડિંગ લગભગ બે વર્ષ બંધ રહી તેમ ન બનવું જોઇએ. મતભેદ પર સહિષ્ણુતા જોઇએ. તેમજ એવો મતભેદ થાય તો બહુમતિથી કાર્ય લેવું જોઇએ અને બહુમતિને માન આપવું જોઇએ. કદાચ મતભેદ કંઇક ઉગ્ર સ્વરૂપ પકડે તો તે દૂર કરી એકતા સાંધવી જોઈએ. વળી વીરપ્રભુના સંતાનો જ્યાં એક છે ત્યાં એકતા નભાવવી જોઇએ.

વિધિવાદ—ક્રિયાકાંડની અહીં તહીં ભિન્નતા હોય તે આગળ કરી કલેશ વધારવો ન જોઇએ. અરસ્પરસના ઝઘડા પંચ કે લવાદીથી, અગર પરસ્પરની પ્રેમભાવભરી સમજૂતિથી નાબુદ કરવા જોઇએ અને સંગઠન કરી સામુદાયિક કાર્યોમાં સહકારિતા અને એકતાનતા દાખવવી જોઇએ.

સંગઠનમાં વિજય છે, એકતામાં સિદ્ધિ છે, સંપ ત્યાંજ ધર્મનો-લક્ષ્મીનો વાસ છે, ત્યાંજ શાંતિ છે. સર્વ સ્થળે શાંતિ રહી જૈન સમસ્ત સંઘ એકાકારે તેના ચતુર્વિધ અંગોને સદાકાળ સહાયક, પોષક અને પ્રેરક રહે એ પ્રભુ પ્રત્યે યાચના છે.

**ઉપકાર.**

આજે જે ધ્યાન દઇ એક ચિત્તે આ મારા લાંબા વ્યાખ્યાનને સાંભળ્યું છે તે માટે આપ સર્વનો ઉપકાર માનું છું. આપે મને જોખમદારીવાળું જે પદ આપ્યું છે તેની જવાબદારીનું મને ભાન છે, પણ તે સર્વ જવાબદારી બજાવી શકવાની મારી અશક્તિ, અને સંયોગના અભાવથી ઉપજતી દીનતાનું પણ તેટલુંજ ભાન છે, તો હું આપ સૌ ઇચ્છો એટલી જવાબદારી સાચવી નહીં શકું તે માટે સાથે સાથે આપ સૌની ક્ષમા યાચી લઉં છું.

છેવટે એટલું ઇચ્છી વિરમું છું કે:—

જતી અસંખ્ય અમૂલ્ય ક્ષણો વૃથા
જીવન છાઇ રહી અતિ અંધતા,
પરમ-અર્થ સદાચરણે વહો,
જીવન-પંથ સુધન્ય સદા રહો.

---

# ઉક્ત પરિષદ્‌ની સ્વાગત સમિતિના પ્રમુખ

## શેઠ સખારામ દેવચંદનું ભાષણ.

**માનનીય પ્રતિનિધિ બંધુઓ, સજ્જનો અને સન્નારીઓ:—**

આપ સર્વને સ્વાગત સમિતિ તરફથી આવકાર આપતાં મને અત્યંત આનંદ થાય છે. મારાથી અત્રે અનેક વિદ્વાન તેમજ શ્રીમાન બંધુઓ વિદ્યમાન હોવા છતાં આપ સર્વનો સત્કાર કરવાનું જે મોટું માન મને મળ્યું છે એ આપ સર્વના ઉદાર અંતઃકરણની સાક્ષી આપે છે.

પરિષદ્‌નું કાર્યક્ષેત્ર વિશાળ હોવા છતાં સામાજીક અને કેળવણીના પ્રશ્નો તરફ આ વખતે વિશેષ લક્ષ ન આપતાં આ વખતે આપણા પ્રાણપ્રીય તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તરફ જોવાનું છે. બંધુઓ! આજ આપણામાં ચારે તરફ નજર કરીશું તો શત્રુંજય! શત્રુંજય! અને શત્રુંજય એજ વાત નાનાથી તે મોટા સુધી ચાલી રહી છે. એટલે લોકોનું લક્ષબીંદુ શ્રી શત્રુંજયજ હાલમાં થઈ રહ્યું છે.

આ બાબત આપ ખરેખર જૈન ધર્માનુરાગી છો એ નિર્વિવાદ પણે બતાવી આપે છે (?) તો આપણે પ્રથમ પાલીતાણા બાબત વિચાર કરીએ.

જૈન શાસ્ત્રાનુસાર શત્રુંજય તીર્થ શાશ્વતું છે, આપણા આદિ તીર્થંકર રુષભદેવ ભગવાન વિમલગીરી ઉપર અનેકવાર સમોસર્યા અને તીર્થ પ્રવર્તાવ્યું. એમના પુત્ર ચક્રવર્તી ભરત મહારાજે આ પર્વત ઉપર એક સુંદર વિશાળ અને મનોહર મંદીર બનાવી આદિશ્વર ભગવાનની રત્નમય મૂર્તી સ્થાપન કરી. એમના પ્રથમ ગણધર પુંડરીક સ્વામી પાંચ કરોડ મુનિઓ સાથે ચૈત્ર પૂર્ણીમાને દિવસે મુક્તિ પામ્યા. ત્યારથી પ્રતિવર્ષ ચૈત્ર પૂર્ણીમાનું પર્વ મનાયું અને હજારો જૈનો જાત્રા આવતા થયા. અનેક તીર્થંકરો, અસંખ્ય મુનિવરો, આ તીર્થપર ધ્યાનસ્થ થઇ મોક્ષે ગયા. એટલે સુધી કે કાંકરે કાંકરે અનંતા સિદ્ધા એ વાક્ય પ્રચલીત થયું, અને સમગ્ર પર્વત તેના અણુ પરમાણુ સાથે પવિત્ર મનાયો.

શત્રુંજય એ જૈન ધર્મનું પવિત્રમાં પવિત્ર તીર્થ છે. યાત્રાનું પ્રથમ સ્થાન અને મુક્તિનો માર્ગ શત્રુંજય છે ક્રિશ્ચીયન લોકોની પવિત્ર આર્યોનાની માફક સૃષ્ટીના સર્વ નાશ વખતે એનો નાશ થવાનો નથી. આખા હિન્દુસ્થાનમાં એવું એક પણ શહેર નથી કે જેણે શત્રુંજય પર્વત ઉપર દેવાલય બાંધવામાં ધન ખરચ્યું ન હોય. સ્થળે સ્થળે સુંદર દેવાલયો પર્વતના શીખરોપર આરસપાણની બાંધણીમાં શોભી રહ્યાં છે.

બંધુઓ! હવે હું તીર્થ સંબંધી જે પરિસ્થિતિ ઉભી થઇ છે તેનુંજ માત્ર થોડું વિવેચન કરીશ. શ્રી શત્રુંજયની યાત્રા હાલમાં બ્રીટીશ સરકારની શાંતિજનક સાર્વભૌમ સત્તામાં રેલ્વે વિગેરેના અનેક સાધનોથી જેવી નિર્ભય અને સહેલી થઈ છે, તેવું આગળના વખતમાં ન હતું.

સને ૧૬૫૧ નો સમય પાલીતાણાના યાત્રાળુઓ માટે વધારે ભય ભરેલો દેખાવાથી જૈન કોમના આગેવાનોએ તે વખતે ગારીયા ધારમાં વસતા ગોહેલ રજપૂતોને ચોકી પહેરો કરવાને નીમ્યા અને અમૂક બદલો આપવાનું નક્કી કર્યું. આવી રીતે ગોહેલ રજપૂતોને પાલીતાણે લાવવામાં આવ્યા. ગોહેલોએ સ્વભાવાનુસાર એ ક્ષેત્રમાં પોતાનો પ્રસાર કરવા માંડયો અને, સને ૧૮૨૦ માં તો રખોપા વાસ્તેનો બદલો પણ આરબોને ગીરે સોંપ્યો, જે આરબોએ જૈનોનેજ કનડવાનું શરૂ કર્યું, અને જૈન ધર્મની વિરુદ્ધ અનેક પ્રકારનું વર્તન ડુંગરપર ચલાવ્યું. તેથી તે વખતના જૈન આગેવાનોએ મુંબઇ સરકારને અરજી કરી જેમાં બીજી દાદો સાથે પાલીતાણા પરગણું તથા શત્રુંજય પર્વત પાછો સોંપાવી દેવાની અરજ કરવામાં આવી. એ વખતે મુંબઇ જૈનોની માલીકીનો સવાલ બાજુએ રાખી રખોપા સંબંધી માત્ર તાત્કાલીક મુશ્કેલીઓ જે આરબોથી ઉભી થઇ હતી. તે દુર કરી રૂ. ૪૫૦૦ ઉધડા આપવા ઠરાવ્યું. ત્યાર પછી થોડાંક વર્ષો ગયા બાદ તે વખતના ઠાકોરે ફરીથી આ પ્રશ્ન ઉપાડયો અને જણાવ્યું કે દેવાલય બાંધવાની જમીન બદલ રકમ માંગવા તેને હક્ક છે. મેજર કીટીંજ પાસે લંબાણથી તપાસ ચાલી અને રખોપામાં પાલીતાણાની કુલ માંગણીનો સમાવેશ કરી રૂ. ૧૦૦૦૦ ની વાર્ષિક રકમ ઠરાવી. સને ૧૮૭૩ માં વળી નવી માંગણી કરવામાં આવી. સને ૧૮૭૭ માં મુંબઇ સરકારનો પ્રસિદ્ધ હુકમ થયો, તેની અંદર પાલીતાણા ઠાકોર તથા જૈન કોમે અરસપરસ કેવી રીતે વર્તવું અને એક બીજાના હક્ક શા છે તેના એક વચગાળા રસ્તા તરીકે પાલીતાણાના ઠાકોરની માગણીને માન આપી તોડ કાઢી, જૈન કોમને પોતાના પુરેપુરા હકકો મંજુર કરવામાં ન આવ્યાથી અસંતોષ ફેલાયો. અને ૧૮૭૭ ના ઠરાવોને પૂરેપુરૂ માન આપ્યા છતાં આ બાજુ પાલીતાણા ઠાકોરે વળી કનડવાની શરૂઆત કરી, તેના ત્રાસથી દૂભાયેલા જૈનોએ ફરીથી બ્રીટીશ સરકારને અરજીઓ કરી અને જે ન્યાય આપે તે કબુલી લઈ શાન્તિથી બેસી રહેવુંજ પસંદ કર્યું. છેવટે ૧૮૮૬ માં બ્રિટીશ સરકારે ૪૦ વર્ષ માટે રખોપાનો કરાર કરાવ્યો, જેમાં જૈનોએ ૧૫૦૦૦ રૂપિયા વાર્ષિક રખોપા દાખલ આપવા ઠરાવ્યું. એક બાજુએ પૈસા નીચોવી નાખવાનો ધંધો કર્યો. અને બીજી બાજુ જૈનોના હકકો ઉપર નવી નવી રીતે ત્રાપો મારવાનું

શરૂ કર્યું અને એવીજ રીતે છેવટે ૪૦ વર્ષની મુદ્દત ગયા એપ્રીલની પહેલી તારીખે ખલાસ થઇ. અને પાલીતાણા ઠાકોરે રૂ. ૨ મુંડકા વેરો નાખ્યો. આ બાજુ બ્રિટિશ સરકારને જેટલી આ સંબંધે અરજીઓ થઇ તેનો જબાબ મૌનમાંજ આવ્યો. જૈનોએ સર્વત્ર યાત્રાત્યાગનો ઠરાવ કર્યો. છેવટે રખોપા સંબંધી હાલમાં ઠરાવ બહાર પડયો છે તદનુસાર જૈનોએ ૧૦૦૦૦૦ એક લાખ રૂપિયા રખોપા માટે આપવા. બંધુઓ ! શ્રી શત્રુંજય માટે આવી આફતનું વાદળ આપણા માથે છે જેનો વિચાર આપ સર્વેએ કરવાનો છે.

જ્યાં મુળ નાયકજ નહીં પરંતુ સંપૂર્ણ પરિવાર સૌ જૈનોથી પૂજાતો, જ્યાં મંદીરો, દેહરીઓ, પાદુકાઓ, અને ડુંગરની રજેરજ પુજાતી ત્યાં હાલ સર્વ અપૂજ્ય દશામાં આવી પડયું છે. તમારા હૃદયની લાગણીઓ તમારી ફરજ બજાવવા શું તમને નથી ઉશ્કેરતી ?

હવે આપનો વધારે વખત ન લેતાં આપણી આ પરિષદનું થોડાંક વાકયોમાં વિવેચન કરીશ, પરિષદને ત્રણ અધિવેશન થયાં અને આ ચોથું છે. પરિષદ માટે દિનપ્રતિદિન પ્રેમ વધવો જોઇએ તેના બદલે દોષજ લોકો મુકતા દેખાય છે. સારા કામમાં પગલે પગલે અડચણો આવે છેજ અને તેવી અડચણો આવ્યા શિવાય કાર્યની કિંમત પણ થતી નથી. તે પ્રમાણે મહત્ પ્રયાસે આજની આ પરિષદને આપ અનુભવો છો. બંધુઓ ! વિચાર કરો કે દોષ દેવાથી કાર્ય થતું નથી. જેને સમાજના હિતની કાળજી છે, સમાજ તરફ પ્રેમ છે, તે તો દોષ આપી બેસી નહીં રહે પણ દોષ હોય તો સુધારવા પ્રયત્ન કરી કામ કરી બતાવશે. જેને કંઇજ કામ કરવું નથી અને ફકત દોષજ કાઢવા છે તેનાં વાકયોની સમજદાર ગ્રહસ્થ આગળ શી કિંમત હોઈ શકે ? પરિષદ આપણા બધાની બનેલી છે. થયેલા ઠરાવોનો આપણે દરેક જણ પોતાના ઘરમાં અમલ કરીશું તો પરિષદના ઠરાવોની પણ કિંમત રહેશે અને દોષદૃષ્ટિવાળાઓને પણ દોષ કાઢવાનું ન મળતાં કાંતો તમારી સાથે મળી જશે ( સુધરશે ) અગર સદાને માટે પોતે મૌન રહેશે.

બીજી બાબત અત્યારે મને એક યાદ આવે છે અને તે એજ કે આપણી ભાવી પેઢીના ઉદ્ધારની કુંચી એટલે સાંગલીમાંની બોર્ડિંગ છે કે જ્યાં હાલમાં લગભગ ૨૪ વિદ્યાર્થીઓ આપની ઉદારતાનો લાભ લે છે. આપને જાણતાં અજાયબી અને આનન્દ થશે કે એકસંબાની આપણી પહેલી બેઠકે આપણી આ સંસ્થાને પુનર્જીવન આપેલ છે. એ વખત બોર્ડિંગ ફરીથી ચાલુ કરવાના પ્રશ્ન તરફ કેટલાકોએ અણગમો બતાવ્યો હતો. પણ કામ ખંત અને સતત્ પ્રયાસ કરવાથી આજ આ સંસ્થાને સંગીન રૂપ પ્રાપ્ત થયું છે. આ સંસ્થાનો અહેવાલ તેના સેક્રેટરીઓ રજુ કરવાનાજ છે પરંતુ મેં જે હકીકત સંસ્થાની રજુ કરી છે તે ફકત મારી અન્તરની લાગણીઓની પ્રેરણાથી અને મને સમાધાની થયેલી છે તેથી. સંસ્થામાંથી ત્રણ વિદ્યાર્થીઓએ પોતાનો હાઇસ્કૂલનો કોર્સ પૂરો કર્યો. એકને ડાકટરી કોર્સ માટે મુંબઇ મોકલવામાં આવ્યો છે અને બાકીનાઓએ કૉલેજ જૉઇન કરેલી છે. આ શિવાય બીજા વિદ્યાર્થીઓ હાઇસ્કૂલના અભ્યાસવાળા છે.

આ સંસ્થાની આવી રીતે ક્રમશઃ ચડતી કળા, તથા આપણી આ પરિષદની ૪ થી બેઠક અને આપના બધાનો ઉત્સાહ એ બધું શું સૂચવે છે ? શિક્ષણ અને શિક્ષણ તરફ વધતી જતી દિન પ્રતિદિન અભિલાષા. એ આપણી ઉન્નતિનું ચિન્હ ન કહેવાય ?

મારૂં ભાષણ હવે પુરૂં કરતાં પહેલાં આપણામાંના કેટલાક હાનીકારક રીવાજો તરફ આપનું ધ્યાન ખેંચું છું. શાસ્ત્રોએ પણ દેશકાળ પ્રમાણે રીવાજોમાં ફેરબદલ કરવા છુટ રાખી છે અને તે એટલાજ માટે કે તમારી પ્રગતિને ખલેલ ન પહોંચે. દરેક માણસને વિચાર કરવાની શક્તિ હોય છે. આપને આપનું દીલ કહેતું હોય કે આ રીવાજ ખરેખર હાનીકારક છે તો તેજ વખતે તેને દૂર કરવાનું પ્રથમ તમારા ઘરમાંથીજ અમલમાં મૂકાવો અને નિર્ભયપણે સમાજ આગળ તમારા

ખરા પ્રમાણિક વિચારો દર્શાવો. તેમની શંકાઓનું સમાધાન કરો અને આવી રીતે સમાજની પ્રગતિના વેગને વધારી સ્હાયભૂત બનો.

પરિષદમાં ખાસ આપણે માટે દૂરદૂરથી સારા સારા વિદ્વાનો અત્રે પધારેલા છે. તેઓ આપણા હિતેચ્છુ છે તો તેમનાં દરેક વાક્યને વિચારી, મનન કરો. તેમાં તલ્લીન થાઓ અને તે પ્રમાણે આપના આત્માને પૂછી આપની જ્યાં ભૂલ થતી હોય ત્યાં વિના વિલંબે સુધારો કરો.

એકસંબાની પહેલી બેઠકને આજ લગભગ ૬ વર્ષ થઇ ગયાં અને તેટલી મુદતમાં આ ચોથી બેઠક છે. નિપાણીની ત્રીજી બેઠક પછી જ્યારે ચોથી માટે કંઇપણ વ્યવસ્થા જણાઈ નહીં ત્યારે મને સ્વાભાવિક રીતે લાગ્યું હતું કે હજી આપણા લોકો ઉંઘે છે. આ બાજુ તેના ખંતી કાર્યવાહકોએ બેઠક બોલાવવા નિપાણી મુકામે મેનેજિંગ કમિટિ બોલાવીને પરિષદની ૪ થી બેઠક કુંભોજના ડુંગર ઉપર ઠરાવી પણ કેટલીક અગવડોના લીધે શિરોળ રોડ ઠેકાણું નક્કી કરવું પડ્યું. પરિષદને આમંત્રણ આજ સુધી અમુક ગામ તરફથી મળતું હતું અને તેથીજ આટલુ ખરચ કોઈ ગામ સહન કરવા તૈયાર હોય તેજ આમંત્રણ આપી શકે એ અડથળાને કાયમને માટે દૂર કરવા અધિવેશનનું ખરચ સભાની જુજ સિલ્લકમાંથી કરવું અને જમવાને માટે ટિકિટ રાખવી. એમ સર્વાનુમતે ઠર્યું. આવી રીતે યોજના કરી હતી પરંતુ હજી આપણા સમાજમાં હરીના લાલ સ્વધર્મ પ્રેમી પડેલા છે. અને તેઓએ અમારી યોજના અમલમાં મૂકવા ન દીધી અને નોકારશીઓ નોંધાવી. આ પણ કંઇ ઓછું સમાધાનકારક નથી. બીજી કૉનફરન્સોના પ્રતિનિધિઓને જમવાની ટિકિટ અલાયેદી લેવી પડે છે પરંતુ આ બાબતમાં તો આપણી મહારાષ્ટ્ર કોમે હજી પાછી પાની બતાવી નથી.

પરિષદની બેઠક કારતક વદમાં ઠરેલી હતી પરંતુ અધ્યક્ષની ચુંટણીમાં ઘણોજ વખત વીતી ગયેલો હોવાથી ખરૂં કામ અને તૈયારી આ છેવટના ૧૦ દિવસમાં કરવી પડી છે અને તેથી આપ મહાશયોની કોઇપણ રીતે ગેરસોઇ થઇ હોય તો તે માટે આપ સર્વની ક્ષમા ચાહી અને આપ સર્વ પોતપોતાના ઉદ્યોગ ધંધાને છોડી તથા અનેક અગવડો સહન કરી અત્રે પધારેલા છો તે માટે સ્વાગત સમિતિ તરફથી ફરીથી એક વખત આભાર માની પ્રમુખ મહાશયને વિનતિ કરીશ કે પોતાના વિદ્વતાભર્યા ભાષણથી આવા પ્રસંગપર ઉત્તમ સલાહ આપી તેઓ માર્ગદર્શક બને. અસ્તુ.

---

# પરિષદ્‌માં પાસ થયેલા ઠરાવ.

**ઠરાવ ૧ લો**—ભારતવર્ષના એક નેતા અને હિંદુઓના મહાપુરુષાર્થી નિડર અને મહાનેતા સ્વામી શ્રી. શ્રદ્ધાનંદજીનો સ્વર્ગવાસ ખુન થવાથી હમણાં થયો છે. તે ભયંકર કૃત્ય પ્રત્યે આ પરિષદ પોતાનો અતિશય નિષેધ અને દુઃખ જાહેર કરે છે. અને ધર્મ તથા સમાજ માટે પ્રાણાર્પણ કરનાર તે સદગતનો આત્મા અવિચલ શાન્તિ ભોગવો એમ ઇચ્છે છે.

**ટીપ**—આ ઠરાવની નક્કલ તેમના પુત્રપર મોકલી આપવી. પ્રમુખ સ્થાનેથી.

**ઠરાવ ૨ જો**—કલા કૌશલ્ય અને હુન્નરોદ્યોગનું પુનર્જીવન કરવા અર્થે તેમજ દેશના ઉદ્ધારાર્થે શુદ્ધ સ્વદેશી કાપડ અને સ્વદેશી ચીજો વાપરવાની આ પરિષદ દરેકને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

પ્રસ્તાવ-શ્રી ભોગીલાલ જૈની-પૂના.

અનુમોદન—શેઠ અખેચંદ પદમશી નવનીહાળ.

સમર્થન—બાઇ પાનબ્હેન મુંબઇ.

**ઠરાવ ૩ જો**—આપણે મૂળ ગુજરાતથી અહીં આવી ગુજરાતી તરીકે વસીયે છીયે, છતાં આપણામાં ગુજરાતી ભાષાનો લોપ થતો જાય છે. એ યોગ્ય નથી. તેથી નિત્ય વ્યવહારમાં-કુટુંબીઓ સાથે તથા ગુજરાતીઓ સાથે મુખ્યપણે ગુજરાતી ભાષામાં સર્વ વ્યવહાર કરવો અને તે શિક્ષણનો આપણા

સંતાનો માટે યોગ્ય પ્રબંધ કરવો એમ આ પરિષદ આગ્રહ કરે છે.

ઠરાવ મૂકનાર—શેઠ રેવચંદ તુળજારામ નિપાણી.
અનુમોદન—રા. ગોકળદાસ નાનજી ગાંધી રાજકોટ
સમર્થન—રા. ભોગીલાલ જૈની–પૂના.

**ઠરાવ ૪ થો**—ક. આપણા પવિત્ર મહાતીર્થ શ્રી શત્રુંજય સંબંધમાં વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટના એજંટ ટુ ધી ગવર્નર જનરલ મી. સી. સી. વોટસને જે વિલક્ષણ અને અમાન્ય ચુકાદો આપ્યો છે તે પ્રત્યે આ પરિષદ્ સખ્ત વિરોધ જાહેર કરે છે, અને તે તીર્થપરના આપણા વંશપરંપરાપ્રાપ્ત સ્થાપિત હક્કો સામે જે જે આક્રમણો પાલીતાણા સ્ટેટે કરેલા છે તે પ્રત્યે સખ્ત અણગમો જાહેર કરે છે.

**ખ.** જ્યાં સુધી શ્રી શત્રુંજય સંબંધી સંતોષકારક પરિણામ ન આવે ત્યાં સુધી તે તીર્થની યાત્રાનો ત્યાગ ચાલુ રાખવા આ પરિષદ સમસ્ત જૈનને આગ્રહ કરે છે.

**ગ.** વિશેષમાં શત્રુંજય પ્રકરણમાં સંપૂર્ણ વિજય મેળવવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જે જે યોગ્ય પગલાં ભરે તેને આ પરિષદ અંતઃકરણપૂર્વક ટેકો આપે છે અને

**ઘ.** તે સંબંધી જે જે હીલચાલો ચાલે તે સઘળી સકળ સંઘ પાસે જાહેર કરવા માટે તે પેઢીને વિનયપૂર્વક આગ્રહ કરે છે.

પ્રસ્તાવ—શ્રી. પોપટલાલ રામચંદ શાહ પૂના.
અનુમોદન—શ્રી. ઓધવજી ધનજી સૉલિસિટર મુંબઇ.

સમર્થન–શેઠ લાલચંદ દેવચંદ–સાંગલી.
,, શ્રી. ગોકળદાસ નાનજી ગાંધી રાજકોટ.
,, શેઠ શાન્તિલાલ ઉજમશી મુંબઈ.
,, શ્રી. વિઠલરાવ કૃષ્ણ જોષી.
,, શ્રી. શ્રીમંધરરાવ તાખાડે–સાંગલી.
,, શ્રી. પાટીલ સંપાદક–સત્યવાદી.
,, શ્રીમતી કલયંત્રીબાઇ–સાંગલી.

**ઠરાવ ૫ મો**—આપણી સમાજમાં એક પણ જૈન કેળવણીથી બેનશીબ રહે નહીં એવી સ્થિતિ લાવવાની ખાસ અગત્ય છે. માટે આ પરિષદ ભલામણ કરે છે કે દરેક જૈને પોતાની પુત્રી અને પુત્રોને ધાર્મિક શિક્ષણ સહિત વ્યાવહારિક શિક્ષણ અવશ્ય આપવું–અને તે માટે દરેક જાતની સગવડો બોર્ડીંગો અને સ્કૉલરશિપો શ્રીમંતોએ પુરી પાડવી.

પ્રસ્તાવ. શ્રી. મગનલાલ એમ ગાંધી બી. એ.
અનુમોદન—શ્રીમતી કોકીલા બ્હેન.
સમર્થન–કેશવલાલ મંગળદાસ શાહ બી. એ. પૂના.

**ઠરાવ ૬ ઠો**—જૈન સમાજમાં દિન પ્રતિદિન સંખ્યા ઘટતી જાય છે. તેનાં અનેક કારણો પૈકી લગ્નોનું સંકુચિત ક્ષેત્ર, બાલલગ્ન-વૃદ્ધલગ્ન–કન્યાવિક્રય ઈત્યાદિ હાનિકારક રીવાજો કારણ છે તો તે હાનિકારક રીવાજો દૂર કરવા આ પરિષદ આગ્રહ કરે છે.

પ્રસ્તાવ—શાહ દીપચંદ ભાઇચંદ. બી.એ. સાંગલી.
અનુમોદન—શેઠ લલુભાઈ કરમચંદ દલાલ મુંબઇ.
સમર્થન—રા. ભોગીલાલ જૈની, પૂના.
,, શેઠ મણીલાલ પુરૂષોત્તમ કોલ્હાપુર.

**ઠરાવ ૭ મો**—જૈનોના અહિંસા માર્ગ અને અનેકાંતદર્શન વિશ્વમાન્ય થઇ શકે તેમ છે તો તેનો પ્રચાર હિંસા અને અજ્ઞાનમાં રહેતા લોકોને પાક્કા વીરશાસનરસી બનાવવામાં કરવો એ જૈનોનું સાચું કર્તવ્ય છે. અને તે માટે પ્રચારકો તેમજ જૈન સિદ્ધાંતો સ્પષ્ટતાથી સમજાવે એવા દરેક ભાષામાં ગ્રંથો બહાર પડે એ આવશ્યક છે, એમ આ પરિષદ સ્વીકારે છે.

પ્રસ્તાવ—શેઠ ચુનીલાલ છગનલાલ સાંગલી.
અનુમોદન—રા. કેશવલાલ મંગળદાસ શાહ. પૂના.

**ઠરાવ ૮ મો કઃ**—જૈન સમાજના શ્વેતાંબર દિગંબર તથા સ્થાનકવાસી સંપ્રદાયો વચ્ચે જ્યાં જ્યાં મનઃક્ષોભ થવાનાં કારણો હોય ત્યાં ત્યાં તે કારણો પ્રીતિ અને શાંતિપૂર્વક દૂર કરી અખિલ જૈન સમાજમાં ઐક્ય અને સંપ સ્થાપવાની આ પરિષદ સર્વ ભાઈઓને ભલામણ કરે છે,

**ખ.** તથા હૂબળીમાં દિગંબર ભાઇઓએ પોતાની પરિષદ ભરી તીર્થસ્થાનોનું ઐક્ય જાળવવા જે દિગંબર શ્વેતાંબર ભાઈઓની કમિટી સ્થાપી છે તેના માટે આ પરિષદ પોતાની પસંદગી જાહેર કરે છે.

ઠરાવ મૂકનાર—રા. પોપટલાલ રામચંદ્ર શાહ પૂના.

અનુમોદન—શ્રી.બાળગૌંડા આમગૌંડા પાટીલ સાંગલી.

,, શેઠ ડુંગરચંદ અમથારામ એકસંબા.

**ઠરાવ ૯ મો**—આપણાં દેરાસરોના હિસાબ પ્રસિદ્ધ થતા ન હોવાથી તેના વહીવટદારોપર અ-વિશ્વાસ આવે છે અને આક્ષેપો મૂકાય છે. તો તેઓએ પોતાના સ્વમાન અને પ્રતિષ્ઠા જાળવવા દરવર્ષે પોતાના વહીવટના દેરાસરોનો હિસાબ પ્રસિદ્ધ કરવો આવશ્યક છે એમ આ પરિષદ માને છે. આ ઠરાવની નકલ આ પરિષદના મંત્રીએ દરેક દેરા-સરના વહિવટદારપર મોકલી આપવી.

મુકનાર—શેઠ રાજારામ મિયાચંદ કરાડ.

અનુમોદન—શેઠ ડુંગરચંદ અમથારામ એકસંબા.

,, શેઠ ચતુરભાઈ પીતાંબર સાંગલી.

,, શેઠ મણીલાલ દીપચંદ સાંગલી.

**ઠરાવ ૧૦ મો**—શ્રી બાહૂબલી ડુંગરપરના દેરાસરના વહિવટનો હિસાબ બતાવવા અને પ્રસિદ્ધ કરવાની અનેકવાર માગણી કર્યા છતાં તેના વહિ-વટદારે તેમ કર્યું નથી તો તે વહિવટનો હિસાબ લેવા તથા પ્રસિદ્ધ કરવા નીચેના ગૃહસ્થોની એક સમિતી આ પરિષદ નીમે છે.

૧ શેઠ કૃષ્ણચંદ હુકમચંદ કાલવડેકર.

૨ ,, આત્મારામ નેમચંદ નિપાણી.

૩ ,, રામચંદ્ર દલુચંદ.

૪ ,, ડુંગરચંદ અમથારામ એકસંબા.

૫ ,, રાજારામ મિયાચંદ કરાડ.

૬ ,, સરૂપચંદ ગંગારામ સાંગલી.

ઠરાવ મુકનાર—શેઠ નાનચંદ ભાયચંદ એકસંબા.

અનુમોદક—શેઠ નેમચંદ જેઠીરામ નિપાણી.

**ઠરાવ ૧૧ મો**—નિપાણીએ ભરાએલ પરિષદ વખતે પરિષદના બંધારણ માટે નિયમો ઘડવા જે કમિટી સ્થાપન કરવામાં આવી હતી તે કમિટીએ મેનેજિંગ કમિટીની મંજુરીથી સત્તાવીશ નિયમો ઘડેલા છે. તે સર્વે નિયમો આ પરિષદ માન્ય કરે છે.

મુકનાર—શેઠ નાનચંદ ભાઇચંદ એકસંબા.

અનુમોદન—શેઠ મોતીચંદ કૃષ્ણચંદ જુગુલ.

**ઠરાવ ૧૨ મો**—શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતાંબર બોર્ડિંગના સેક્રેટરીએ રજુ કરેલ સંવત્ ૧૯૮૧ આખરનો રિપોર્ટ આ સભા પાસ કરે છે. તથા સંવત ૧૯૮૨ આખરની વ્યાજ તથા લવાજમ વિગેરેની રકમ વસૂલ કરવા સંમતિ આપે છે.

મુકનાર—શેઠ હીરાચંદ કુબેરચંદ વિજાપુર.

અનુમોદન—શેઠ નેમચંદ જેઠીરામ નિપાણી.

**ઠરાવ ૧૩ મો**—મંત્રી વિગેરેની નિમણુંક.

---

# મહાત્મા ગાંધીજીને.

નવજીવન પુસ્તક ૮. અંક ૬ માં આપશ્રીનો અગ્ર લેખ **આ તે જીવ દયા?** એ નામે છે તેમાં આપશ્રીએ હડકાયાં કુતરાંને મારવામાં અલ્પ પાપ ગણ્યું છે અને તેથી જન સમાજમાં રહેતા મનુષ્યે તેને મારવા સિવાય બીજો રસ્તો રહેતો નથી. વળી રખડતાં કુતરાંને ખાવાનું દેવામાં પાપ છે, વગેરે વગેરે ઘણું ઘણું એવું લખી નાંખ્યું છે કે સામાન્ય સમાજ જેમને અહિંસાની પૂરેપૂરી લાગણી છે તે હેબતાઈ જાય.

મહાત્માજી, આ બિચારાં કુતરાં પોતાની મેળે મનુષ્ય સંસર્ગમાં આવ્યાં નથી. મનુષ્યોને જરૂર હતી માટે તેઓ તેમને પોતાની પાછળ ખેંચતા આવ્યા છે. હાલનાં કુતરાંઓ અગાઉ વરુ, શિયાળ, લોંકડી વગેરેની પેઠે જંગલમાં કલ્લોલ કરતાં હતાં, હષ્ટપુષ્ટ હતાં, પોતાનો નિર્વાહ પોતાની મેળે આ મહાન્ વિશ્વમાંથી કરી લેતાં હતાં. તેમાં જ્યારે મનુષ્યને સમૂહમાં રહેવાની જરૂર પડી ત્યારે ચોકીદારી વગેરે કારણે પોતાનાં બીજાં કુટુંબીઓ કરતાં ભોળી જાત... કુતરાંને પોતાની પાસે રાખ્યાં. એ વખતે મને રૂપક રૂપે કહેવા દો કે તેમનાં બીજાં પિત્રાઈઓએ ઘણી ના પાડી કે અરે મૂર્ખાઓ, એ મનુષ્યો કોઈના

થયા નથી ને થશે નહિ; માટે લોભાઓ ના, જાઓ નહિ. એમના એઠા ને સ્વાદીલા ટૂકડાથી ખેંચાઓ ના, અહીં આપણે કાચું કાચું ભલે ખાઇએ; પડયા રહો; પણ તેઓએ માન્યું નહિ ને કુતરાઓ તો ગયા. વંશવિસ્તાર વધ્યો. જ્યાં લગણુ માણસોને તેમની પૂર્ણ જરૂર હતી ત્યાં લગી તો તેમને પાળવામાં –સંતોષવામાં આવ્યાં. પણ હવે તો પોલીસ ( સારી વા માઠી ) ઘણી વધી, રાજ થયું કિરસ્તાની, તેઓને તેમનો શબ્દ–અવાજ કર્ણકટુ લાગ્યો અને બાર વાગ્યા. ભૂખ્યાં રહે, પાણી ન મળે, તેથી જે તે ખાય, લાદ ખાય, અને હડકવા ચાલે એ બધાનો દોષ માણસોને માથે છે. ઘણે ભાગે શહેરનો ભૂખે મરતો, પાણી વિનાનો કુતરો જ હડકવાના રોગનો ભોગ થશે. જંગલનો કે ગામડાનો જવલ્લેજ થશે. હવે આ બિચારાંને માથે જુલ્મ, ત્રાસનો વરસાદ વરસે છે.

આંહીંથી પકડાવી આંહી મોકલાવાય છે, ખાડોમાં નાંખી ત્યાં રોટલા પાણી અપાય છે, પાંજરાપોળો સંઘરે છે, ગોળીએ મારવામાં આવે છે, ઝેરના લાડુ અપાય છે, ઇત્યાદિ મારી દ્રષ્ટિએ જુલ્મોનો વરસાદ વરસાવવામાં આવે છે. એ શૂરવીર પણ મનુષ્ય પાસે રાંક પ્રાણી એ બધું અતિ આક્રન્દ કરી કરૂણ ભાવે સહન કરે છે. જંગલમાં જવાનો પણ હવે સમય રહ્યો નથી. ત્યાં તેના પિત્રાઇઓ હવે તેમને બીજી જાતના જોઈ એક ઇંચ પણ જગા આપવા ના પાડે છે. આથી નહિ ઘરના ને નહિ ઘાટના એવા તેના હાલ થયા છે. જાઓ, અહીંથી, માણસોની સોડમાં રહો તે તમને પાળશે. પ્રથમ કાં ન માન્યું, વગેરે શબ્દો તેના પિત્રાઈઓ કહે છે.

તેમાં આપશ્રીએ આ અંકમાં તેમને મારવામાં અલ્પ પાપ અને ઘણું પુણ્ય, અથવા મારવાથી અલ્પ પાપ ને ન મારવામાં મહા પાપ તેથી મહા પાપમાંથી અલ્પ પાપ બાદ કરીએ તો બાકી ઘણો વટાવ રહે છે અને મહાજન તો વટાવનેજ વાંછે. આથી આપના અનુયાયીઓ તો જ્યાં હડકાયાં દેખે ત્યાં કોઇને કોઇ રીતે વહેલામાં વહેલા મારવામાં ભારે પ્રવૃત્તિ કરશે, બોધ પણ કરશે, પત્રિકાઓ પણ વહેંચશે. એનાં પરિણામ વળી આપશ્રીને જે પ્રગમે તે ખરાં. મહાત્માઓ તો સદા અખંડાનંદી હોય, આજ્ઞા, આજ્ઞાપ્રચાર, આજ્ઞાપરિણામ ત્રણેમાં તેઓ તો સમભાવી હોય. તેથી આપની તો આ કામમાં છેવટ લગી એકજ ભાવના રહેવાની. જો કે મહાત્માઓના પણ મહાત્મા પ્રભુને ત્યાં મહાત્માનો હિસાબ થાય તે ખરો.

તરત મારી નાંખવું, તરત મરી જવું, રીબાઇને મરવા દેવું તેના કરતાં એકદમ પ્રાણ સંહરવા, એના અર્થમાં આપની આ આજ્ઞા એક અપેક્ષાએ જાય છે તે પણ આપ સ્મૃતિમાં લેશો એવી આશા છે. કયો પ્રાણી પંડિત–મરણે મરે છે અને કયો પ્રાણી બાલ–મરણે મરે છે તે જાણવાનું કામ તો મહામહાજ્ઞાની–કેવળજ્ઞાની જેવા મનુષ્યનું છે. સામાન્ય જનસમાજ તેમાં ઘણી ભૂલ કરે છે તે પ્રમાણે હડકાયાંને તરત મારવાથી તે બિચારૂં પ્રાણી છૂટે છે, અને બીજાને કરડયાથી જે વિષમ પરિણામનો વિસ્તાર વધે તે પણ બંધ થાય છે. આ બે લાભો આપશ્રીએ ગણ્યા હોય તો તેનો જવાબ નીચે પ્રમાણે છે.

—તે પ્રાણી છૂટયું કે અતિ કષ્ટ પામી પ્રાણ કાઢવા પડયા ત્યારે મરણ પામ્યું ?–તે જોવા જેવું છે. જે માણસને ૧૦૦૦૦૦નું દેણું છે તે રોજ ૧–૧ રૂપીઓ આપે તો ઘણી સહેલાઇથી આપી શકે પણ મોટા હફતા કરે વા એક આંકડે લેણદાર લે તો ઘણુંજ કષ્ટ પડે. એનો અર્થ કોઇ એમ પણ કરે કે ૧ લાખ રોજ લગી દેણીઆત રહેવું તેના કરતાં એક સાથે છૂટકો. પણ તેતો દેણદારની ત્રેવડ, મન, સહનશક્તિ અને સંજોગપર છે માટે જે હડકાયાને તરત માર્યું તેમાં તેને સુખ થયું કે દુઃખ થયું તે સામાન્ય સમાજ કહી શકે નહિ. જન્મથી ઘરડપણનું દુઃખ અતીવ છે અને મરણનું દુઃખ તો તેથી પણ અસંખ્ય ગણું છે. સૌ પ્રાણીને ભલે તે લૂલું હોય, લંગડું હોય, આંધળું હોય ત્યારે પણ એક અવયવને જરા ફટકો મારવાથી તરત જણાઇ આવશે કે તેને શરીરમાં–એવા અતીવ દુઃખદાતા શરીરમાં રહેવું હજુ પણ ઘણું ગમે છે. આ સ્થિતિ કીડીથી કુંજર લગી, મનુષ્યમાં પણ એક સરખી છે. છતાં એ પ્રમાણે કરવાનું માત્ર મનુષ્ય સિવાયનાં પ્રાણીઓના નસીબમાં આવે છે અને

મનુષ્ય તો પોતાના નિયમો પોતાના સ્વાર્થની ખાતર જૂદા બાંધે છે. આથી સ્પષ્ટ જણાય છે કે કોઇપણ અતિ દુઃખી, સર્વે ઇદ્રિયોએ, અરે આખે શરીરે બળી જુદું થઈ ગયેલો હોય તેવા જીવને પણ પોતાના વર્તમાન શરીરમાંથી નીકળતું ગમતું નથી. નથી ગમતું છતાં જીવને દેહમાંથી પરાણે કાઢવાનું કામ સામો ધણી હિતકર માને એ પણ કુદરતની અવનવી કળા છે. એવી એની માન્યતા તેને મુબારક હો. તેના પોતાના શરીરની એવી દશા હોય છે ત્યારે તેને તે પ્રમાણે કરવામાં આવે તેનો ચિતાર કે અસર અત્યારે તેને નજ થાય. માટેજ હિંદુ મહાત્માઓએ મરતા જીવોને, મરવાને તરફડીઆં મારતા જીવોને પણ કાંતો દવા-ઉપચાર કરી આરામ કરવાના ઇલાજ શોધવા, નહિ તો શાંત ચિત્તે કુદરતના નિયમોને જોઇ તેનું પાલન કરવું. તે નિયમો પી જવા. હડકાયા કુતરા માટે પણ એજ દશા છે. તેને જો મારીએ તો—

સર્પ, વીંછી, કાંકીડા, ગરોળી, ઉંદર, સિંહ, વગેરે અસંખ્ય પ્રાણીઓને માટે તો દર પળે "મારો મારો મારો" નાજ પોકારો પડતા હોવા જોઇએ અને તેમને મારી પણ નાંખવા જોઇએ. એમાંનાં ઘણાં મનુષ્ય નિવાસની વચ્ચે વસે છે. "જુની ૭ મી ગુજરાતીમાં" નાસ્તિક નરની આગળે" એ કાવ્ય દલપતરામજીનું સંભારશોજી.

મહાત્માજી ! આ પ્રશ્ન અટપટો છે. આપ પૂર્ણ રૂપે મહાત્માજી નથી, એમ વારંવાર કહી ચૂકયા. છે પણ એમજ પણ અમારાથી આપમાં અનેક અપેક્ષાએ ગુણાદિ વધારે હોવાથી મહાત્મા નામે સંબોધીએ છીએ. પૂર્વના મહાત્માઓ આવા પ્રસંગે મૌન્ય સાધતા—

આ જગતમાં બધાં પ્રાણી માત્રને પ્રભુની સભામાં બોલાવી ફરિયાદ સાંભળવામાં આવે તો તેઓ તરતજ કહે કે—

પ્રભુ ! હાલ તો અમને મોટામાં મોટી ફરિયાદ મનુષ્યોની છે તે મનુષ્યોથી અમને બચાવો. આખું વિશ્વ અને તેમાંની તમામ ચીજ આપનીજ છે છતાં.

૧. જગા તો મનુષ્યો કહે કે અમારીજ, કોઇપણ પ્રાણીની નહિ.

૨. ખોરાકની ચીજો „ „ „ „

૩. હવા „ „ „ „

૪. પાણી „ „ „ „

૫. રમત-ગમત.
આનંદ વિહારનાં.
સ્થળ, જંગલ, „ „ „ „
પહાડ, આકાશ,
પાતાળ.

આ પ્રમાણે માની બેઠાં છે અને સૌને ક્ષણ પણ સુખે બેસવા દેતા નથી. માટે કાંતો તેમને ખેંચી લ્યો, વા અમને ખેંચી લ્યો. અમે હવે બહુજ કષ્ટ પામીએ છીએ. તેમને સન્મતિ આપો તો તેથી પણ વધુ સારૂં.

આ હકીકત સર્વાંશે સત્ય છે. કુતરાં પાસે ઘર નથી, રાચરચીલું નથી, રાંધવા સૂવાનાં સાધન નથી, બીજી કંઈ દખલગીરી નથી, છતાં સૂવાને જગા પણ કોઇ ન આપે, રસ્તા વચ્ચે પણ સૂઇ ન શકે, ટૂકડો માગ્યો આપે નહિ, ત્યારે હક્ક માની વા ભૂખના દુઃખે (સૌમાં સમભાગજીવી અમે પણ હક્કદાર તે ન્યાયે) તાણી જાય તો પ્રહાર પડે, વગેરે અતીવ દુઃખ ભોગવે છે. પાણી પણ ન મળે, શ્વાસમાં લેવાની હવા તો 'પ્રીવી'-ગટર-ખાળ-કોડીઆના ગંદવાડનીજ મળે.

આ સ્થિતિ તેની છે.

ટુંકામાં પ્રથમની વાત એમ સિદ્ધ થાય છે કે "તરત મરી જાય વા મારવામાં આવે તો તેના દુઃખનો અંત આવે અને બીજાને પણ શાંતિ થાય" એ બાબત સાવ તકલાદી છે.

જીવતું રહે તો તે હડકાયું બીજાને કરડી હજારો ગણી દુઃખ પરંપરા ઊભી કરે છે આ વાત પણ ઉપરના જેવીજ છે. હડકવા જેને હાલે છે તે કુતરાને પકડી બહાર ખાઇમાં નાંખવામાં આવે તો આ વાતનો તરત અંત આવે છે. જેથી મારવાની જરૂર પડતી નથી અને તે પોતાને મોતે ત્યાં મરે

છે. આ જગતનો આગળ કહ્યું તેમ એ એક અચળ સિદ્ધાંત છે કે એક ઇંદ્રિયવાળા જીવોથી તે ઠેઠ દેવયોનિ ને મનુષ્ય યોનિના જીવો લગી સૌને પોતાના મોતે મરવા દેવા. દખલગીરી ન કરવી. તેમાં એ ખાસ કરી જેઓ પામર છે, શરણે છે, તેમને તો બચાવવાજ અથવા મોતે મરવા દેવા. હડકાયું કુતરૂં, હડકાયું થયા પછી સૌને કરડશે એ કંઇ નક્કી નથી, વખતે નથી પણ કરડતું. સીધું ચાલ્યું જાય છે. માર્ગમાં હોહા થાય તોજ તે વાયુ પ્રકૃતિમાં હોવાથી ડાચીઆં મારે છે. હડકાયાં કહેવાતાં કૂતરાં કેટલીકવાર ખરે-ખરાં હડકાયાં પણ હોતાં નથી. જેમ બધા સર્પને મારી નાંખવામાં આવે છે તેમાં કેટલાંક નિર્વિષ સર્પો પણ મરી જાય છે તેના જેવું છે. કેટલાંક કુતરાં ઘણાં ભૂખ્યાં હોવાથી અંદર અતિ વ્યાકુળ થાય છે અને તેથી મુંઝાય છે તેને માણસો પાછળ લાગી રાડો પાડી ભુરાયું–ભ્રમિત બનાવે છે, તેથી તે અહીંથી તહીં કે તહીંથી અહીં ભટકે છે ને હડ-કાયું ફૂટી મારે છે. જો તેને પાણી, તેલ, રોટલો ધીમે ધીમે આપવામાં આવે તો થોડા વખતમાં પાછું સારૂં–નિરોગી કુતરૂં બની જાય છે. માટે હડકાયું થયા પછી પણ માણસોને બચાવવા સારૂ પણ તે હડકાયાને મારવાનો માણસને કોઇને–મહાપુરૂષને પણ હક્ક નથી. પ્રાણ નાખવાની જયાં સત્તા નથી તેવો પામર પ્રાણી હડકાયા કુતરાને મારવાનો જરા પણ અધિકાર ધરાવતો નથી. હા, એવે પ્રસંગે તે તેનો ઉપચાર કરે, ખવરાવે, ખરેખર હડકાયું જણાય તો જંગલની ખાઇઓ જ્યાંથી તે ઉપર ચડી શકે નહિ ત્યાં મોકલાવે ને ઠેઠ લગી સંભાળ રાખે અને સૌને પોતાને મોતે મરવા દે.

હડકવા હાલેલ માણસની દશા પણ જે પ્રમાણે છે તેવીજ કુતરાની છે. કુતરાને હડકવા હાલે ત્યારે તે ઝેરી બને છે, ભયંકર બને છે, દુઃખકારક થઈ પડે છે, આડે દિવસે તો શાંત, અલ્પ-ભોજી, સંતોષી, અને હલાલ રહે છે. હડકવા ચાલે ત્યારે પણ ૫–૧૦ માણસને વખતેજ, બેખબરપણે (હું તારી ગાય છું, હું તારો કુતરો છું, હું તારો ગુલામ છું, જા કુતરા હવે તને છોડી મેલું છું વગેરે હલકાં ને લાચાર પ્રાણીના ઉદ્દગાર આપણે કથા વાર્તામાં સાંભળીએ છીએ તેથી કુતરાને તો કુતરૂંજ ગણવું), કરડે છે ત્યારે ધારાસભાના મેમ્બરો, સ્ટે-શન માસ્તરો, પિતૃદ્રોહી, માતૃદ્રોહી પુત્રો, મીલના માલેકો, ખાણના શેઠો, સ્ત્રીઓનાં–ધર્મપત્નીઓનાં લોહી પીનારા, વ્યભિચારી કુતરાઓ, નાનાં બચ્ચાં-ઓને ૧ તોલા સોના સારૂ કે રૂપ સારૂ ઉઠાવી ખુન કરનારા મનુષ્યો–પઠાણો, પંજાબ–બંગાળાના ગુંડાઓ, દેશનાં નાણાં ખાઇ દેશનાજ ઉમદા રત્નોને જેલમાં પૂરાવનારાઓ, હજારો ડાક્ટરો, પોલીસના ઉપરીઓ, સ્ટેશનના નોકરો વગેરે વગેરે હજારો પ્રકારના હડકાયાં મનુષ્યો, કુતરાં કરતાં ક્ષણે ક્ષણે લાખો ગણું ભયંકર કામ કરી રહ્યા છે–તેઓ છૂટાં ફરે છે.

આતો બિચારાં કુતરાં, જેની કોઈ કોર્ટ નહિ, જેનો કોઇ વકીલ, જેની કોઈ વગ નહિ, જેનાં કોઇ બાબતે સગાં નહિ, તેનું જો કોઇને દાઝે તો મહાત્મા-ઓને દાઝે પણ તે મહાત્માઓ તો જંગલગામી રહ્યા, તેથી બિચારાંના ભોગજ. તેનો હડકવા જગતને સૌને સાલે અને તેનો નાશ કરવો, તરત મારી નાંખો અલ્પ પાપ, નહિ મારો તો મહા પાપ, આ ન્યાય ક્યાંનો ?

આતો મુસલમાનો બકરીઇદ કરે છે પણ વાઘ ઈદ કે સિંહ ઈદ કરતા નથી તેના જેવું થયું.

માટે કૃપા કરી ફરી નીઘાહમાં લેશો અને આ પ્રશ્નનો ઉકેલ કરશો નહિ તો:—

—ઘરમાં લપ લપ લપ, લવ, લવ લવ, હડકાયાં જેવાં લાગતાં માબાપોને પણ શાંત રીતે–શાંત ઝેરથી મારવાંજ જોઇએ એ પવન વાશેજ–પરિણમશે. કારણકે તેવાંનો પણ ચેપ બીજાને લાગતો અટકે.

—રાજદરબારમાં અમને હડકાયા કુતરા જેવા લાગતા તમામ રાજદ્વારીઓનાં ખુન કરવાંજ જોઈએ એ પવન લાગશે. કારણકે તેમને મારવાથી હજારો હડકાયાંનો વિસ્તાર વધતો અટકે.

—સ્વસ્ત્રી–વિવાહિત સ્ત્રીને મૂકી હડકાયા કૂત-રાની પેઠે ઠેર ઠેર વ્યભિચાર કરતા, હજારો નિર્દોષ બાળાઓને વ્યભિચારમાં ઉતારતા, તમામ પુરૂષોને પણ કતલ કરવા જોઇએ. મીઠા વિષથી સ્વધામ

પહોંચાડવા જોઇએ જેથી તેવાના જવાથી ભૂમિ પાવન થાય ને તે ચેપની અસર બીજાને ન ચોંટે.

—લાંચ ખાઉ કોઈ અમલદારો, નોકરનાં લોહી ચૂસતા કોઈ શેઠીઆઓ, ગટરમાં કામ કરતા મજુરોના માલિકો ખાણમાં કરતા મજુરોના ધણી, ચાના ફાર્મના બગીચામાં રોટલાને ટુકડે અનીતિમય કામો કરાવીને લ્હેર ઉડાવતા હડકાયા માલિકો એ સર્વેના શા હાલ કરવા તે વિચારશો.

—યંત્રોના મેનેજરો, ડ્રાઈવરો, ગાર્ડો, જોઈંટસ્ટોક કંપનીના ડાયરેકટરો, વગેરે પોતાના ૧ના સુખ વાસ્તે અનેક ભૂલો કરે, ગોટાળા કરે, અકસ્માત ઉપજાવે તેમાં હજારો સ્ત્રી પુરૂષો પાયમાલ થઇ જાય તે હડકાયાના શા હાલ કરવા ?

—દરિયો, પવન, અગ્નિ, તોફાને ચડી મનુષ્યોનો એક ક્ષણમાં સંહાર કરે છે, લાખોને ઘરબાર વગરના લાચાર બનાવે છે. તેમના શા હાલ કરવા; હડકવાને અંતે મોત છે તો આમાં પણ પ્રાંતે મોતજ છે.

હડકાયું થયેલું કુતરૂં તો પોતે જાણતું નથી કે હું હડકાયું છું, મારે આ માણસોને કરડી તેને હડકવા કરવો છે, તેને તો તે જાતના રોગમાં કોણ જાણે શું એ થતું હશે અને તેથી તે એ ધુનમાં આડે આવતા માણસ વગેરેને કરડે છે.

વળી રખડતાં કુતરાંને પણ ખબર નથી કે હું રખડતું છું, મારે આ દુનિયામાં માણસોના સુખને વાસ્તે રખડવું ન જોઇએ પણ તેમને રસ્તો આપી અહીંથી નીકળી જંગલમાં જ્યાં માણસો ન હોય ત્યાં રહેવું જોઇએ અથવા મરી જવું જોઇએ. અગર મને કોઇ મારી નાંખે તો બહુ સારૂં, કુરબાન છે એમ ગણી મરવા તૈયાર રહેવું જોઇએ.

એ પ્રમાણે કુતરાના સંબંધમાં છે ત્યારે ઉપર ગણાવેલાં માણસોના સંબંધમાં તેથી તદ્દન ઉલટું છે.

રખડતાં માણસો, લુટારાઓ, કન્યાવિક્રયવાળા, વ્યભિચારીઓ, ઢોંગી સાધુઓ, મીલમાલેકો, ધારાસભાના દેશદ્રોહી મેમ્બરો વગેરે તો તમામ જાણે છે કે આપણે આવા આવા દુર્ગુણોથી ભરેલા છીએ, જગતમાં હડકાયાં કુતરાથી પણ વધુ ઝેર ફેલાવીએ છીએ, આપણા પેટને વાસ્તે કરોડોના પેટ પર પાટુ મારીએ છીએ, ખુનો સુદ્ધાં કરીએ છીએ.

તેવા હડકાયાને માટે મહાત્માજી વિચાર કરશો.

આપ જણાવશો કે પોલીસ, કોર્ટ, તુરંગ વગેરે તેવા માટે છે પણ આપને નિવેદન થાય કે:-

૧ કરોડ ગુન્હેગારી ખરેખરા હોય તેમાંથી ૧ લાખ પકડાય છે, તેમાંથી ૧ હજારને માટે કાયદા પ્રમાણે પુરાવો પૂરો મળતો નથી અને ૧૦૦ કોર્ટે ચડે છે જ્યારે ૫૦ને ઓછીવત્તી ભૂલવાળી સજા થાય છે.

તેમાં કેટલાએ નિર્દોષ પણ સંડોવાતા હશે. આ પ્રમાણે જ્યારે થાય ત્યારે કોઈ મહાત્માજી કહે કે પ્રભુ તો તેને છોડશે, તે બાકીના સૌનો ઈન્સાફ લેનાર છે તે સમર્થ ન્યાયાધીશ તેને છોડશે નહિ. આમ નિરાશ થઈ માણસની કાવતરાંબાજીને ન પહોંચાય ત્યારે તે કરોડો હડકાયાં કુતરાંથી પણ અતિ પાપી માણસોને તમે કે રાજાઓ છોડી મૂકે છે. એ ન્યાય આ ગરીબ હડકાયાં કુતરાં પર ઉતારો અને એની અનાથતા-માણસના કરતાં અતિશય પામરતા-અજ્ઞાનતા પર રહેમ આણી તો પણ ઇશ્વરને ઘેર છોડો પણ મારી નાંખો-મારી નાંખવાં-મારી નાંખવામાં અતિ પુણ્ય વા અલ્પપાપ ને ન મારવામાં મહાપાપ એ શબ્દ ખેંચી લેશો.

ઝેરી પ્રાણીઓ, માંસાહારી પ્રાણીઓ, પંખીઓ વગેરે ક્ષણે ક્ષણે ઘણાને કરડે છે. ઝેરી મચ્છરો, પ્લેગનાં જંતુઓ, વગેરે અનેક જાતનાં વિષ ફેલાવનારાં પ્રાણીઓ મનુષ્યનો સોથ વાળી નાંખે છે ને કુટુંબોનાં કુટુંબો પાયમાલ કરી નાંખે છે તેને માટે શો વિચાર કરીશું ?

આપણા દેશના કેટલાક દેશી રાજાઓ લાખોના આંકડાની પ્રજાનો કંઇ પણ વિચાર કર્યા વિના કર વેરા નાંખે, અમાનુષિક કામો કરે, નિર્દોષનો સંહાર કરે, દેશભક્તોને જેલમાં પૂરી રીબાવીને મારે, પ્રજાના લોહીના ટીપાના પૈસાને વિદેશમાં અમનચમનરૂપે, લાડીઓમાં, ગાડીઓમાં, નાચ રંગોમાં ઉડાવે તે હડકાયાના હડકવાની શી દશા ?!

હડકવા તે રાંક કુતરાનો તેને મારો, કાપો, મરવા દ્યો, મારી નાંખો અલ્પ પાપ છે, નહિ મારો તો મહા પાપ છે, તો પછી ઉપરના બધાનું શું છે ? તે પણ નિધામાં લેશો.

વૈદક શાસ્ત્ર વાંચી જોવાથી જણાશે કે જીવતાં, હરતાં, ફરતાં, કુતરાંઓ આપણું પ્રત્યક્ષ કે પરોક્ષ-પણે શું કાર્ય કરી રહ્યાં છે. તેની વિષ્ટા, તેની લાળ તેનું પેશાબ શું કામનું છે ? તેની નિમકહલાલી જગ ઝાહેર છે. હજારો દાખલા છે. તે શ્વાસમાં પણ આપણી કેટલીએ ખરાબ ચીજો લઇ લે છે, તે આપણું એઠું, વિષ્ટા વગેરે ખાઇ જાય છે. આપણાં બાળકનાં નિર્દોષ રમકડાં છે, વગર પૈસાનો સિપાઇ છે વગેરે ગુણો સામે તો જોવું જોઇએ.

રખડતાં કુતરાં એ શબ્દ હિંદને માટે છે જ નહિ. દરેક શેરીમાં, મહોલામાં, ગામમાં, જે જે કુતરાં છે તે રખડતાં છે એમ કહેવાનો કાળ અંગ્રેજો આવ્યા પછીજ આવ્યો છે. બાકી આખા હિંદમાં શેરીમાં જે જે પ્રાણીઓ છે, તે તે શેરીમાં રહેતાં મનુષ્યોના પ્રાણથી પણ વ્હાલાં પ્રાણીઓ છે. એ કુતરાં વઢશે તો રસ્તે જતો કોઈ પણ હિંદુ મુસલમાન છોડાવશે, કુતરાની ચાનકીએ કંઈ રખડતાં માટે નહિજ. હિંદ દેશમાં રખડતાં શબ્દ અંગ્રેજ લોકોની અતિશય સ્વાર્થપરાયણતા બતાવે છે. શેરીના લોકો કુતરીની સુવાવડ જે રીતે કરે છે, નમાયાં ગલુડીઆંની જે સેવા કરે છે, ઉંદરડી વીઆણી હોય તો તેનાં બચ્ચાં પણ કેવી રીતે સાચવી મોટાં થવા દે છે, વગેરે વગેરે વાત આપથી કયાં અજાણી છે ?

માટે રખડતાં શબ્દ આપના આર્ય મસ્તકમાં શી રીતે ઉદ્ભવ્યો તે મારાથી સમજી શકાતું નથી. રખેને વિદેશી વાતાવરણમાં ઘણીવાર ફરી આવતાં, આપ મહાત્મા તો થયા પણ, કેટલીક ધુનો મગજમાં અનેક વરસોથી પેસી ગયેલી તે ઉછળી આવી જણાય છે.

કઇ કઈ યોનિમાંથી મરણ પામેલો જીવ કુતરા રૂપે અવતરે અને કુતરૂં મરીને સારામાં સારી ને ભુંડામાં ભુંડી કઈ યોનિ પામે તે જો કોઈ મહાત્મા પાસેથી આપ જાણશો ત્યારે તો આપને એમ થશે કે કુતરૂં પણ મનુષ્યથી ચડી જાય છે. જીવ કયાંથી આવ્યો, કયાં રહ્યો છે જીવ, અને આયુષ્ય પૂર્ણ થયે કયાં જીવ જશે તે સંબંધમાં ભિન્નતા જોવાની નથી. જીવ એનો એ છે, કાળ અનંત છે, આયુષ્ય અનંત છે, ભવ આશ્રયે આપણને ભિન્નતા લાગે છે માટે આ પૂર્વ જન્મ, સ્થિર જન્મ અને પુનર્જન્મના હિસાબો પણ લક્ષમાં લેશો.

કૃપાળુ મહાત્મા ! મારૂં લખાણ મારા અનુભવનું છે, કંઇક ગુરુ પરંપરાનું છે તો આપની બુદ્ધિ, શક્તિ, ત્યાગ, શાંતિ આગળ હું સાગરે બિંદુ સમાન નથી તો પણ કૃપા કરી સારગ્રાહી થશો. દોષ જણાય તો છણી દૂર કરશો સર્વ ગુણ ગ્રહણ કરશો તેમજ કંઇક આપ મેળવો ને વિચાર ફેરવો તો તો મારાં અહોભાગ્ય સમજું. ન ફેરવો અને વાંચો તોએ હું તો મને કૃતાર્થ માનું.

ટુંકામાં કુતરાં કે એવાં પ્રાણીની ઉપર આપની દયા છે જ. કીડી પર પણ છે પણ હડકાયું કુતરૂં, રખડતું કુતરૂં એ બે વિષે આપે જે સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે તેથી મારા મનને લાગી આવતાં મારામાં હતું તે મેં ઝાહેર કર્યું છે.

એક બે વાત રહી જાય છે, તે એ કે

કુતરૂં રખડતું છે એમજ માત્ર નથી. પ્રાણી માત્ર રખડતાં છે, મનુષ્યમાં પણ રખડતાં છે. એવાં રખડતાં હિંદમાં ૫ કરોડ પણ થઇ જાય તો તેને માટે શું ? જેઓ અપ્રમાણિકપણે, ભ્રષ્ટ આચારથી જગતમાં રહે છે તેઓ પણ રખડતાં જ છે માટે તેનો પણ વિચાર કરશો.

કુતરાને માટે કોઇ કોર્ટ નથી, વકીલ નથી, પિનલકોડ નથી, પણ જો હોત તો હું ધારૂં છું કે તે જરૂર માણસને હઠાવી પોતાનો કેસ જીતત, કારણ કે માણસ કરતાં તે ઘણા સંકોચથી જગતમાં રહી, બીજાને થોડામાં થોડું નડી મરણ શરણ થાય છે. આ વાતમાં ઘણું રહસ્ય છે અને ઘણું સમજવાનું પણ છે. માણસે પોતાનાજ સુખને વાસ્તે ( ખરા મહાત્માઓએ નહિ પણ માણસે-તેમાં જે રાજદ્વારી માણસોએ ખાસ કરીને ) કાયદા બનાવ્યા અને તેમાં પોતાનાજ માત્ર વિચાર કર્યો પણ પાસેજ રહેલાં

ગાય, ભેંસ, ઘોડાં, કુતરાં વગેરેનો બહુજ થોડો વિચાર કર્યો, એ પણ નીધામાં લેશો.

શુદ્ધ અહિંસા, અહિંસા, વિશ્વ અહિંસા, સમાજ અહિંસા, એમ અહિંસાના પણ આપે અનેક પ્રકારો પાડયા જણાય છે, દેશ, કાળ પરત્વે અહિંસા જાડી પાતળી હોય પણ તેથી કંઈ એમ કહેવાય કે "કુતરૂં રખડતું હોય તેને મારવામાં અલ્પ પાપ ને જીવાડવામાં મહાપાપ" એ સમજાતું નથી. મહાત્માઓ એવે વખતે મૌન ગ્રહે અને કહેવાની ફરજ પડે તો કહે કે મારવું એતો પાપ છે, એ પાપ કર્યા વગર મારાથી રહેવાતું નથી માટે મારે એ કરવું પડે છે. સૌ જીવોને પોતાનાજ શરીરમાં રહેવું અને શાન્તિ મેળવવી એ બહુજ વ્હાલું છે.

કુતરાને કે કીડીને મરવાને છેલ્લી સેકંડ કે સેકન્ડનો અસંખ્યાતમો ભાગ બાકી હોય, મરીને તે ભવ છોડીને દેવલોકમાં દેવપણે ભારે સુખમય જીંદગી ભોગવવાની નિશ્ચયપણે હોય તોયે કીડીને અને કુતરાને પોતાને છે તે દેહ છોડવો ગમશેજ નહીં, તેમાં વધુ વખત રહે તો સારૂં, કોઇ ઉત્તમ દવા કરી રાખેતો સારૂં એમ ક્ષણે ક્ષણે ઇચ્છશે.

મનુષ્ય જ્યારથી સમાજ રૂપે રહ્યો ત્યારથી તેની સાથે કુતરાં જેવાં પ્રાણીઓ તેઓનાં બોલાવ્યાં કે પાળ્યાં તેથી વા સ્વાભાવિક રીતે વળગેલાં જ છે.

જેવાંકે—કરોળીઆ, મચ્છર, ઉંદર, બિલાડી, મંકોડા, કંસારી, કીડી, ગધૈયાં, ધનેડાં, ગરોળી, છછુંદર, ઘુંસ વગેરે.

એઓમાંનાં ઘણાંએ માણસોને દુઃખદ છે. પણ તેઓ જે માણસના ઘરમાં આવે છે તે માણસોના બોલાવ્યાજ આવે છે અને પછી વધે છે. પાયખાનાં રાખો, ગટર રાખો, ખાળ રાખો, ભભોરાં ઘરમાં રાખો, રોજ ને રોજ ઘર સાફ ન રાખો, ઉંચે નીચે વાળી ઝુડી કામ ન લ્યો, વસ્તુઓનો હદ કરતાં વધુ સંગ્રહ કરો છતાં સંભાળો નહિ, તેથી તે જુદી જુદી યોનિના જીવો કે જેમને પણ આ જગતમાં રહેવા, જીવવાનો ઓલાદ વધારવાનો હક્ક છે તેઓ આવે છે. એવા નોતરૂં દઇ બોલાવેલા જીવોને મારવા એ તો મેમાનને કાગળ લખી તેડાવી ખુન કરવા જેવું છે. બેદરકારી મનુષ્યની ને ખુન એ જીવોનું થાય એ ન્યાય કોનો ?

એ પ્રમાણે હોવાથી સ્વચ્છતા, અલ્પ પરિગ્રહ, રોજીંદી સંભાળ, સંઝેરો, અને તે ઘરધણીએ કે ઘરધણીઆણીએ જાતે કરવો એમ મહાત્માઓનું ફરમાન છે. આથીજ જૈન લોકો પોતાના ઘરમાં કોઇ પણ જીવની યોનિ ઉત્પન્ન થવા દેવાય તેવું ઘર રાખતા નથી છતાં પાડોશીના દુઃખે વા પોતાના પ્રમાદે થઇ જાય તો તે જીવોને પકડી જ્યાં તેમનું પોષણ થાય ત્યાં મૂકે છે. છતાં પાપ તો માનેજ છે એવે વખતે પણ જૈન એમ માને છે કે મારા પ્રમાદથી આ ઉત્પન્ન થયેલા જીવોને મારે મારા ઘરમાંની તેમની ખાસ જગામાંથી બીજે દેશાવર મોકલવા પડે છે. એક માંકડ કે જૂને એક સ્થળેથી બીજે સ્થળે નાંખવા એ હિંદના માણસને અમેરિકાના જંગલમાં નાખવા જેવું છે. આવો જૈન, માણસને વા ગામને તો દુઃખ દેનારો નજ હોય. હોય તો તે જૈન નથી પણ ઉંધી દયાવાળો જૈન છે.

જંગલના મહાત્માઓ પાળી શકે તેવી દયા સમાજમાં રહેનાર મનુષ્યો ન પાળી શકે એ વાત સાચી, પણ તેથી પુણ્ય તે આ ને પાપ તે આ એવા જે અચલ સિદ્ધાંત છે તેને મહાત્માઓ ફેરવી શકે નહિ. પાપ તેતો પાપજ, પુણ્ય તે તો પુણ્યજ. જીવને મારવો ને તેને પુણ્ય ઠરાવવું વા અલ્પ પાપ ઠરાવવું એ તો બની શકેજ નહિ.

માણસના શરીરમાં જીવડા પડયા હોય તે કાઢતાં માણસ બચે છે ને ૨૦૦—૫૦૦ જીવડા મરી જાય ત્યાં પણ માણસને બચાવવાનો આશય છે; જીવડાને મારવાનો આશય નથી. બચાવ કરતાં જીવડા મરી જાય છે તેનું પાપ તો લાગે છે. પણ જો કોઈ એવો ઉપાય હોય કે માણસે બચે ને જીવડાઓ બચે તો તે કરવાનો ભાવ ઉત્તમ ડોકટર કે વૈદ જરૂર રાખે પણ તેવા ઇલાજને અભાવે, જીવડા બચતા નથી ને માણસને બચાવાય છે. જો કે જીવડા કાઢતાં જીવડા મરી જાય છેજ છતાં માણસ બચશે એ પણ નક્કી હોતું નથી—ઘણીવાર બંને મરી જાય છે. આ વાત આપ

રખડતાં કુતરામાં ઘટાવો કે માણુસ જેવી ઉત્તમ યો-નિના જીવને બચાવવા રખડતાં કુતરાં મારવાં એ અલ્પ પાપ છે ને ન મારવાં એ મહા પાપ છે તો તેમાંએ ભૂલ છે, કારણકે રખડતાં કુતરાં એ માણુસને દુઃખદ નથી. માણુસ માની લે છે કે આ કુતરાં મને બહુ દુઃખદ છે.

એનો દાખલો—

કુતરાં રાડો પાડે છે તેથી મારી ઉંઘ ઉડી જાય છે અથવા મને ચેન પડતું નથી કે સારા વિચારો આવતા નથી. એવા માણુસને કહેવામાં આવે કે

૧. વરસાદની ગર્જના થાય ત્યારે શું કરો ?

૨. ઝાડનાં પાંદડાં અખંડ ખડખડાટ કરે તેનું શું ?

૩. પવનના સુસવાટા થાય તેનું શું ?

૪. મીલનાં ભુંગળાં, ગાડીના પાવા, મોટરના ધમધમાટ, રેલ્વેના ખડખડાટ, યંત્રોના અવાજ તેનું શું?

માત્ર જ્યાં લાઇલાજ છે ત્યાં માથું પછાડી બેસી રહે છે પણુ કુતરાં જે અનાથ તેનો કોઇ ધણી નહિ ત્યાં અવાયો થઇ મારવા દોડે છે.

આ પ્રમાણે તમામ છે. પણુ સહનશક્તિથી ઉપરની ચીજોના અવાજની સાથે કુતરાં કે પંખીનો અવાજ પોતાનાં બાળબચ્ચાંના અવાજની પેઠે કેળવી લે તો કાંઇ વાંધો આવે નહિ.

એજ પ્રમાણે કુતરાના બટકુ રોટલાનો સવાલ છે. પેટવરા ભેગો પુણ્યવરો થશે.

વળી કુતરૂં અતિ ઉપયોગી પ્રાણી છે. રખડતું કુતરૂં પણુ અતિ ઉપયોગી છે.

રખડતાં કુતરાં ગંદકી કરે છે તો મહાત્માજી ! એ બિચારાંની ગંદકી શા લેખાંમાં છે. આ ગટરો, આ પાયખાનાં, આ મીલના પાણીના રગડા, ઘરની ખાળકુંડીઓ, વગેરે બિલકુલ બીનજરૂરી ગંદકી આગળ કુતરાંની ગંદકી શા હિસાબમાં છે ? તે બિ-ચારૂં તો રસ્તે ગંદકી કરે છે, કોઇવાર અજ્ઞાનતાથી ઘરમાં પણુ કરે છે પણુ તે તો તેના ગુણુ આગળ નભાવી લેવાનું છે.

કુતરાં રખડતાં છે માટે નકામાં છે અને માણુ-સને દુઃખકર છે માટે મારીજ નાંખવાં એ અલ્પ પાપ છે તો પછી આફ્રિકા, ફીજી, ન્યૂઝીલાંડ, ગિયાના, અમેરીકા, જાપાન વગેરે દેશોમાં આપણુા હિંદના લોકો કે જેમાંના કેટલાક દેશમાં તો ઇન્ડી-અનોએજ જઇને દેશ સુધાર્યો, વધાર્યો, ફળદ્રુપ કર્યો, છતાં તેવા જુના ઇન્ડીઅનોનેજ હવેની નવી પ્રજા કહે છે કે તમે અહીંથી ચાલ્યા જાઓ, તમે ગંદા, ગોબરા, હલકા, થોડામાં ગુજરાન કરનારા, છો, માટે ચાલ્યા જાઓ: તેવા વિદેશી લોકોને માટે આપણે કંઇ પણુ ફરીઆદ ન કરવી જોઇએ. કારણુ કે તે લોકો પોતાના સુખમાં આડે આવતા રખડતા જેવા કે હલકા ગણુતા લોકોને શા માટે રહેવા દે ? હવેથી કુતરાના સવાલની પેઠે તેવા વિદેશી લોકો

ઇન્ડીઅનોને રાખે તો મહા પાપ ને
ઇન્ડીઅનોને હાંકી કાઢે તો અલ્પ પાપ

એમ શા માટે નહિ ?

આપે ઉપરનો જે સિદ્ધાંત શોધી કાઢયો તેને આપણા વડીલ મહાત્માઓ જે થઇ ગયા તેનો કંઇ ટેકો, આધાર ખરો કે નહિ ? કે મહાત્માઓ તો જે કહે તે સત્ય ને સિદ્ધાંત રૂપજ હોય. કોઇપણુ યુગમાં, સંજોગમાં મહાત્મા જે વદે તે પ્રમાણુ જ; તેનાં કારણુ પૂછાય જ નહિ કે આધાર મગાય જ નહિ; માટે આધાર અપાતો હોય તો—

રખડતાં કુતરાં રાખવાં એ મહાપાપ.
,, ,, મારી નાંખવાં એ અલ્પ પાપ

એને માટે હિંદુશાસ્ત્રનો કંઇ આધાર ખરો ?

જ્ઞાનીના ગમા ને—
જેમ નાખે તેમ સમા

એ ન્યાય આપ જેવાને માટે તો હોય નહિ એમ મારૂં માનવું છે.

શ્રી રાયચંદ કવિને સર્પ સંબંધી આપે જે પ્રશ્ન પૂછેલો ને તેમણે જે ઉત્તર આપેલો તે આપને યાદ હશેજ. તે ઉત્તર આપને સાચો નથી લાગતો ? તેનો ઉત્તર આપશો.

હું આપનો અપેક્ષાએ ભક્ત છું, ખાદી પહેરૂં છું, બને તેટલી સ્વદેશી વસ્તુ વાપરૂં છું, રેંટીઓ

અનિયમિતપણે ફેરવું છું, આપનું 'નવજીવન' મૂળથી ગ્રાહક રહી બરોબર વાંચી વિચારૂં છું, આપના ત્યાગને આપના જ્ઞાનને, આપે હિંદપર કરેલા અનેક ઉપકારોને વંદનીય ગણું છું છતાં આ બાબતમાં મને રહેતી શંકા અથવા ઉપજેલા ખુલાસા આપ કને આપ મહાત્મા હોવાથી-ક્ષમાસાગર હોવાથી કહેવાનો હક્ક જાણી કહું છું.

આપ બેરિસ્ટર દરજ્જે,રાજા દરજ્જે, અમલદાર દરજ્જે, ઢોંગી સાધુ દરજ્જે હોત તો કહી શકત કે નહિ તે હું કહી શકતો નથી. અવિનય થયો હશેજ તેની માફી માગતો— લિ. સેવક.

તા. ૨૮-૧૦-૨૬. 'ઉતમતનય'ના પ્રણામ

# મીં૦ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. એમ. આર. એ. એસ.

[ સને ૧૮૯૫ માં શ્રીયુત વીરચંદ ગાંધી ઇંગ્લાંડ અમેરીકા જઇ મુંબઇ આવ્યા હતા તે વખતે તેમનું ટુંક ચરિત્ર રા. અમરચંદ પી. પરમારે લખેલું તે આ મથાળા નીચે શેઠ મોહનલાલભાઈ મગનલાલએ પ્રગટ કરેલા એક ચોપાનીઆ રૂપે પા આનાની કિંમતે વહેંચાયેલું; આ અમને રા. ખીમચંદ ભાવસારે પૂરૂં પાડેલ છે તે અત્ર પ્રકટ કરીએ છીએ. ] **તંત્રી.**

મી૦ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. વીસા શ્રીમાળી શ્રાવક વાણીઆ. મૂળ રહેવાશી મહુવા, તાબે ભાવનગરના. જન્મ સંવત ૧૯૨૦ શ્રાવણ વદ ૯, તા૦ ૨૫ આગસ્ટ ૧૮૬૪, મહુવામાં. પિતાનું નામ રાઘવજી અને માતાનું નામ માનબાઈ. ઘણાં ભાઇ બેહેનોમાં હાલમાં એઓ અને એઓના નાના બ્હેન છે, જેઓએ જૈન ધર્મ શાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો છે. એઓના પિતા મોતીનો વેપાર કરતા હતા, અને ધર્મ ઉપર તેઓની એટલી બધી શ્રદ્ધા હતી કે, સચીત વસ્તુ જીંદગી સુધી ખાધી નહીં તથા ગરમ પાણી હમેશાં પીતા હતા તથા મોટી મોટી જાત્રા કરી હતી. સુધારાઓ ઉપર તેઓને ઘણી પ્રીતિ હતી. રડવા કુટવા વગેરેનો ચાલ પોતાના ઘરમાં સદંતર બંધ કર્યો હતો.

મી૦ વીરચંદે ગુજરાતી ભાષાનું જ્ઞાન મહુવામાં રહીને મેળવ્યું હતું, અને મહુવા ગામમાંથી સઉથી પેહેલાં એઓએ અંગ્રેજી ભણવું શરૂ કર્યું હતું. ત્યાંના તે વખતના ઇન્સ્પેકટર તથા હેડ માસ્તરની ભલામણ ઉપરથી મી૦ વીરચંદને ભાવનગર અભ્યાસ કરવા લઇ ગયા અને ધંધો રોજગાર છોડી એજ કામને સારૂં આખું કુટુંબ ત્યાં જઇને રહ્યું. ગરીબ સ્થિતિ છતાં પોતાના પુત્રના અભ્યાસ પાછળ પોતાનું સર્વસ્વ ખરચવાનો વિચાર શેઠ રાઘવજીએ કર્યો હતો, અને તે મુજબ કર્યું પણ ખરૂં. એજ અરસામાં એઓનું લગ્ન મહુવામાં ૧૮૭૯ માં થયું હતું. બાદ ભાવનનગરની હાઇસ્કુલમાંથી મેટ્રીકયુલેશનની પરીક્ષા આપી સૌથી પહેલે નંબરે પાસ થઈ એમણે સર જસવંતસિંગજી સ્કોલરશીપ ૧૮૮૦ માં મેળવી હતી.

૧૮૮૧ ના જાન્યુઆરીમાં એઓ સહકુટુંબ મુંબઇ આવી એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયા, અને દૃઢતાથી અભ્યાસ આગળ વધારી ખંત રાખી પોતાની બી. એ. ની પરીક્ષા ૧૮૮૪ માં પાસ કરી. ઉપરની સ્કોલરશીપ ઉપરાંત એઓએ સરકારી સ્કોલરશીપ પણ મેળવી હતી.

૧૮૮૫ માં જૈન એસોસિએશન ઓફ ઇંડિયાના ઓનરરી સેક્રેટરીનો માનવંત ઓધ્ધો એઓએ લઇ અતિ પરિશ્રમ વેઠી એ ખાતાને ફતેહમંદ ખાતું બનાવ્યું, પુસ્તકોનો સંગ્રહ કર્યો. પોતાની સેક્રેટરીની કારકીર્દી દરમ્યાન પાલીતાણા મહારાજા સુરસિંગજીએ સન ૧૮૮૫ માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનાં કેટલાએક માણસોને કેદ કરવાથી જે કેસ ઉભો થયો હતો તે કેસમાં મી૦ વીરચંદે જુબાનીઓ લઇ અમદાવાદ, મુંબઇ, પુના, વગેરે સ્થળે જઇ અરજી કરી ગવનર સાહેબને મળીને મેજીસ્ટીરીઅલ ઇનકવાયરી કરાવવાનો હુકમ મેળવ્યો હતો. એટલામાં મહારાજા સુરસિંગજી ગુજરી જવાથી કેસની સમા-

ધાની થઈ. નવા મહારાજા માનસિંગજીના ગાદીએ આવવા પછી મુંડકાનો નિકાલ કરવા શ્રાવકોએ અરજી કરી તેમાં મી૦ વીરચંદે આગેવાની ભરેલો ભાગ લઇ ગવરનર લાર્ડ રેને મળીને કર્નલ વોટસન, જે કાઠીઆવાડના પોલિટિકલ એજંટ હતા તેમને મળીને લાંબી મુદત તેની સાથે રહીને, પુરાવા વગેરે રજુ કરીને મુંડકાનું સમાધાન કરાવ્યું કે શ્રાવક લોકો વર્ષના રૂ. ૧૫૦૦૦ દરબારને ૪૦ વર્ષ સુધી આપે, તેથી જાત્રાળુઓ વધુ સંખ્યામાં જવા લાગ્યા. આ કામને પાર ઉતારવામાં મી૦ વીરચંદે બીજાઓ સંગે ઘણીજ મહેનત લીધી હતી. ત્યાર બાદ ૧૮૮૬ ના ડીસેમ્બર માસમાં લોર્ડ રેને શત્રુંજયના ડુંગર ઉપર એક માનપત્ર આપ્યું હતું, તે માનપત્ર પણ મી૦ વીરચંદે વાંચી સંભળાવ્યું હતું.

સન ૧૮૮૫ માં મેસરસ લીટલ, સ્મીથ ફ્રેઅર અને નીકલસન સરકારી સોલિસિટરોની પેઢીમાં આરટિકલ્ડ કલાર્ક તરીકે એઓ જોડાયા, અને તે વખતે જૈનોના કેટલાએક આગેવાન શેઠીઆઓએ પૈસા ધીરીને એમને સારી મદદ કરી હતી.

ત્યારબાદ ઉજનની પાસે મગસીજી પારસનાથના મંદિર બાબત શ્વેતાંબરી અને દીગંબરીઓ વચ્ચે લગભગ ૧૫ વર્ષથી જે કજીઓ ચાલતો હતો, અને એક બીજાની હાર જીત થયા કરતી હતી, તે કેસમાં મી૦ વીરચંદ શ્વેતાંબરી શ્રાવકો તરફથી મગસીજી ૩-૪ વખત ગયા, અને કોરટમાં છેવટ સુધી લઢીને મંદિર શ્વેતાંબરીઓને કબજે અપાવ્યું.

બાદ સોલિસિટરની પરીક્ષા આવી, પણ ધર્મોના કામમાં રોકાયેલા રહેવાથી પરિક્ષામાં પાસ થયા નહીં વળી સન ૧૮૯૦ માં મી૦ વીરચંદના પીતા સ્વર્ગવાસી થયા તેમણે મરતાં પહેલાં કહ્યું હતું કે મારી પાછળ રડવું નહીં, ભોંયે ઉતારવો નહીં. સ્મશાનમાં અણગળ પાણીએ નાહવું નહીં, મરણ ખરચ કરવો નહીં; અને મરણ પછી તેમજ કરવામાં આવ્યું.

સન ૧૮૯૧ માં સમેતશિખરના પવિત્ર ડુંગરો ઉપર બેડમ નામના અંગ્રેજે એક ચરબીનું કારખાનું કાઢ્યું ! તે દૂર કરાવવાને કલકત્તાના બાબુ રાયબહાદુર બદ્રિદાસે શ્રાવક કોમ તરફથી મજકુર કારખાનાવાળા ઉપર ફરિયાદી માંડી તેમાં શ્રાવક કોમ હારી અને તેથી ધર્મની લાગણી દુખાવાનો બનાવ હોવાથી જૈન કોમને બહુ માઠું લાગ્યું. તેથી મુંબઈની જૈન એસોસિએશન ઓફ ઇંડિયાએ એકમતે ઠરાવ કરી મી૦ વીરચંદને મજકુર કેસની અપીલમાં મદદ કરવાને કલકતે મોકલ્યા. મજકુર કામમાં દસ્તાવેજો વગેરે આગળથી દાખલ નહીં કરેલા હોવાથી એ કામ એટલું બધું વિકટ ભરેલું હતું કે કોઈ પણ સારો બારિસ્ટર કજીઓ હાથમાં લેવાની ના પાડતા હતા ! પણ કલકત્તામાં એ કેસ લઢવા સારૂ મી૦ વીરચંદે મહિના રહી બંગાલી ભાષાનો અભ્યાસ કરીને ડોકયુમેંટો વગેરેના તરજુમામાં ફેરફારો બતાવી હાઇકોર્ટમાં નવા તરજુમા કરાવીને ભાવાર્થ ફેરવી નાંખ્યા, અને નવો પુરાવો અપીલમાં આપી શકાય નહીં માટે તવારીખ વગેરેના નવા સંબંધ રજુ કરી નીચલી કોર્ટની ભૂલ બતાવીને જુનાં પુસ્તકો બતાવી, ત્રાંબા પત્રો તથા શીલાલેખોના ફોટોગ્રાફો રજુ કરી કેસ ફતેહમંદ કરી મજકુર ડુંગર જૈન લોકોનો છે, અને ત્યાં બીજા કોઈ દાખલ થવા પામે નહીં, એવું હુકમનામું મેળવ્યું !

બાદ પોતાનો સોલિસિટરનો અભ્યાસ પાછો શરૂ કર્યો. એટલામાં અમેરિકામાં ચીકાગોમાં દુનીઆના ધર્મ સમાજ તરફથી જૈનીઓના આચાર્ય શ્રીમદ વિજયાનંદ સૂરીશ્વરજી (આતમારામજી)ને આમંત્રણ આવ્યું. તેઓ નહીં જઇ શકે એમ હોવાથી પોતાના તથા જૈન ધર્મના પ્રતિનિધી તરીકે મી૦ વીરચંદને મોકલવાનું નક્કી કરવા સારૂ મુંબઇમાં જૈનોનો એક સંઘ સન ૧૮૯૩ ના જુન માસમાં મળ્યો, અને સર્વાનુમતે ઠરાવ કરી એમને પ્રતિનિધિ તરીકે ચુંટી કાઢી એમની મદદ સારૂ એક માણસ આપ્યું, અને સ્ટીમર **"આસામ"** મારફતે આગસ્ટ માસમાં એઓ મુંબઇથી રવાને થયા.

સ્ટીમરપર રસોઇના ખાસ બંદોબસ્ત સારૂ વધારે નૂર આપી જુદોજ લોઢાના ચુલ્હાનો બંદોબસ્ત રખાવ્યો હતો. અમેરિકા પહોંચી ધર્મ સમાજમાં જૈન ધર્મોનાં તત્વો વિષે ભાષણ આપ્યું. જૈન ધર્મના પ્રતિનિધી તરીક મી૦ વીરચંદને એટલું બધું માન

મળ્યું કે સમાજના ચેરમેન ડાક્ટર બેરોઝે પોતાનું મકાન ખાલી કરી આપ્યું હતું. એની વક્તૃત્વ શક્તિથી શ્રોતાજનો ખુશી થઇ ગયા હતા. ત્યાં મી૦ વીરચંદે જોયું કે એક ભાષણ આપીને હું પાછો હિંદુસ્તાન જાઉં તો મારા ધર્મની કંઇ સેવા બજાવેલી કહેવાય નહીં. તે માટે ત્યાં જૈન ધર્મનાં લેકચરો આપવા માંડયા. જૈન ધર્મના અભ્યાસ સારૂ કેટલાએક ક્લાસિસ સ્થાપ્યા, અને ત્યાં સવાર સાંજ અભ્યાસ કરનારાઓ આવવા લાગ્યા. ઘણાં પુરૂષો અને સ્ત્રીઓની જૈન ધર્મ ઉપર શ્રદ્ધા ચોંટાડી. જૈન નામથી પણ જેઓ વાકેફગાર નહોતા તેઓને જૈન ધર્મનાં તત્વ તથા આત્માનું સ્વરૂપ બતાવ્યું. બે વર્ષ જેટલી લાંબી મુદત ત્યાં રહી ચીકાગો, બોસ્ટન, વૉશિંગટન, ન્યુઓર્ક, રોચેસ્ટર, ક્લીવલેંડ, કેસાડેગા, બટેવીઆ, લીલીડેલ, લા પોર્ટ બ્રુકલાઇન, શારોન, રોકસબરી, એવનસ્ટન, હાઇલેંડપાર્ક, વગેરેમાં મળી જુદા જુદાં ૫૩૫ ભાષણો આપ્યાં હતાં ! ત્યાંનાં ન્યુસપેપરો અને ચોપાનિયાઓએ એકે અવાજે એઓના વખાણ કર્યાં છે. કોઇ કોઈ ભાષણમાં તો ૧૦ હજાર માણસો હાજર હતા ! કેટલાંએક ભાષણો સાંભળવાને લોકો સ્પેશીઅલ ટ્રેનમાં આવ્યા હતા ! ચીકાગોની ધર્મ સમાજમાં રૂપાનો અને કેસાડેગાની સમાજમાં ત્યાંની પ્રજા તરફથી એક સોનાનો ચાંદ એઓને મળ્યા હતા.

હિંદુસ્તાનની ખાસ સેવા તો તેઓએ ન્યુયોર્કમાં તા. ૩૦ મી નવેંબર ૧૮૯૪ ને દિને નાઇનટીન્થ સેંચ્યુરી નામની મોટી વગવાળી એક કલબ આગળ "હિંદુસ્તાનના મીશનરીઓ ફતેહ પામ્યા છે કે કેમ ?" એ વિષય ઉપર એક ભાષણ આપી બજાવી છે. તેમાં હિંદુઓની નીતિ રીતિ તથા રીવાજો શ્રેષ્ટ છે, એવું સાબીત કરી આપ્યું હતું, અને મીશનરીઓ માત્ર નીચ કોમને વટાળવા શિવાય બીજું વધારે કરી શકશે નહીં. વિગેરે બતાવી આપ્યું હતું. ક્રિશ્ચિયન તરફથી હિંદુસ્તાનમાં ૩૩ વર્ષ સુધી રહેલા કલકત્તાના બીશપ થોબર્ને મી. વીરચંદ સામા તકરારમાં ભાગ લીધો હતો. પણ મી૦ વીરચંદના વિચારને પસંદ કરવાનો તથા સભાની ખુશાલી જાહેર કરવાનો પત્ર તે સભાના પ્રેસીડંટે એઓને બીજેજ દિવસે લખી જણાવ્યો હતો.

વૉશિંગ્ટન શહેરમાં "ગાંધી ફિલોસોફિકલ સોસાઇટી" સ્થાપી તેમાં આજે ૨૦૦ થી ૨૫૦ મેમ્બરો છે. તેના પ્રમુખ આ. પોસ્ટ માસ્ટર જનરલ મી૦ જોસફ સ્ટુઅર્ટ થયા છે. એના ઉપદેશથી હજારો માણસો વેજીટેરીઅન (ભાજીપાલાનો ખોરાક લેનારા) થયા છે, તેમજ ચોથા વ્રતને અંગિકાર કરનારા તથા સમાધિ ધ્યાન ધરનારા નવકાર મંત્રનો જપ કરનારા વગેરે ઘણાં સ્ત્રી પુરૂષોને એમણે બોધ કીધો છે. વળી લંડનમાં ૧૮૯૫ ના એપ્રિલ માસમાં આવ્યા હતા. ત્યાં સાઉથ પ્લેસ ચાપલ તથા રોયલ એશિયાટિક સોસૈટી આગળ લોર્ડ રેના પ્રમુખપણા નીચે ભાષણો આપ્યાં હતાં. તે શિવાય લંડનમાં ૪ ભાષણો આપ્યાં હતાં અને રોયલ એસિયાટિક સોસૈટીના મેમ્બર નિમાયા હતા. ત્યાંથી ફ્રાંસ અને જરમની થઇ તા૦ ૮ મી જુલાઇ ૧૮૯૫ ને દિને સ્ટીમર ઓરીએન્ટલ મારફતે એઓ અત્ર પાછા આવ્યા છે.

સ્ટીમર ઉપર તથા પોતાની સફર દરમ્યાન એક પકા હિંદુ તરીકે પોતાનો ખાવાપીવાનો ખાસ બંદોબસ્ત એમણે રાખ્યો હતો, કે જેને માટે કપતાનો વગેરેનાં સરટિફિકેટો છે. બે વર્ષના અરસામાં અથાગ મહેનત કરવા છતાં પણ એઓ કદી "સીક" પડયા નહોતા. એઓએ બહોળો અનુભવ મેળવ્યો છે, અને હજારો વિદ્વાનો સાથે પરિચય કરી પત્રો મેળવ્યા છે, અને પત્રવ્યવહાર ચાલુ કરયો છે. હિંદુસ્તાનમાં જઇનોના છોકરાઓને કેળવણી આપવાની મદદ કરવા સારૂ ઠેઠ અમેરિકામાં એક ફંડ ઉભું થવા માંડયું છે ! અને મુંબઈમાં પણ મોટા પાયાપર એક જૈન કોલેજ સ્થાપવાની હીલચાલ થવા માંડી છે. મુંબઈમાં એઓ પધાર્યા તે પ્રસંગે અત્રેના શ્રાવકોએ એમને આનંદ સહ વધાવી લઇ એક શુરવીર યોદ્ધાને માન આપે, તેવી રીતે એક મોટા સરઘશના આકારમાં એમને બંદરેથી લઇ આવ્યા હતા. મી૦ વીરચંદે પોતાની સફરનાં ૨-૩

ભાષણો અત્રે આપ્યાં છે, અને પાલીતાણા
પંજાબ શ્રીમાન આત્મારામજી મહારાજ પાસે જઇ
આવીને બુદ્ધિવર્ધક સભામાં તથા ફરામજી કાવશજી

અને ઈન્સ્ટીટયુટમાં પણ પોતાનાં ભાષણો આપવાનો
ઈરાદો છે. ધન્ય છે એવા શુરવીર સ્વદેશાભિમાની
જનને !!!

---

# Holy Satrunjaya.

**By Chinubhai Chamanlal Javeri B. A.** (Cantab)

Consecrated Mount: Abode of Gods:
Salvation unto us,
What nobler wish could we rejoice,
Than offer up ourselves.

Among the holy mountains vie,
The Glory of Satrunjaya;
Where sits within each Sanctuary,
An image of the Holy.

City of Temples 'Holy Spirits'
Befriend us in distress,
The earth seems coloured with our griefs
Lead us ere we transgress.

Exalted Lord! 'Great Tirthankars'
The Holy Satrunjaya—
Thy greatest of Legacies we have,
Is hanging by a thread.

Restrained by Power from April day
We have not come to pray.
But shall we humble down and sit
Like beggars in the street?

A tax!—a Poll tax State has laid;
Our fate has so ordained,
And usurped us of every right
And rule the law with might.

O Lord of Ours: O Tirthankars!
Give ear to our afflctions.
The autocrats lay deep their schemes
Against our sacred rights.

The month of Chaitra treads of late,
—The time for Pilgrimage,
When tens of thousands trod the Hill,
But now no soul is seen.

Be thou not silent at this hour,
The foe now swells with pow'r;
And strikes against our Liberty
To crush us under sway.

Answer our prayers Great Trithankars!
Guides of Righteousness!
Have pity on us, and offer help,
For thou alone could help.

We shall not hate who even hurt,
The way to win is Love.
Ignorant folk they know not GOD,
In darkness they walk on.

Oh foolishness of man! how long
Your judgment you will drag?
There's GOD—a just and severe Judge
To expiate our wrong.

# The Shatrunjaya Dispute.

**As seen by a European.**

An echoe of the dispute between the Jain Community and the Palitana Durbar, about the Shatrunjaya Hill, has now come as far as Europe. That is right, and the cause in that manner rendered free from all contingent and local conditions, may be judged with impartiality.

Well, justice and reason are, without any doubt, on the side of the Jains.

The Jain Community has from centuries and centuries acquired on the Shatrunjaya Hill rights and privileges, against which the action of the Palitana Durbar seems to be unjustified.

Shatrunjaya is one of the most sacred places of the Jain Religion. The hill is covered with innumerable and magnificent temples, and every year thousands upon thousands of pilgrims resort to this holy of holies. So, it can reasonably be said: Without the Jain temples and the Sanctuaries, Palitana does not exist. For it is a matter of fact that pilgrims go to the Jain temples, and not to Palitana. Would the Hill with the temples fly away as in the tredy past so pilgrims left the way to Palitana. and every claim of the Palitana Durbar for a tax were vanished.

Such is the moral aspect of the question.

Moreover, there is a material aspect, concerning the ownership and possession of the sacred hill. It is a simple one: The Shatrunjaya Hili belongs to the Jains.

When I open *Epigraphia Indiaca* Vol. 11, No. 6th, I find, among the Shatrunjaya Inscriptions collected by the late Prof. G. Buhler, p. 50-59, No. 12, an important Prakrit inscription, dated Samvat 1650, i. e. 1593 A. D., in which I read that the Great Moghul Emperor Akbar *granted the Shatrunjaya Hill to the Jains*, in the year Samvat 1639, i. e. 1582 A. D.

Indeed, this mention is sufficient for my true opinion.

Gujarat was then a part of the Moghul Empire, and by the aforesaid grant of Akbar, ownership and possession of the Shatrunjaya Hill was recognised to the Jains.

Consequently the Palitana Durbar is not to claim any sovereignty and authority over the Shatrunjaya hill. He must only support Police in order to guarantee tranquility in the country and to secure protection, Watch and ward of the pilgrims.

The Palitana Durbar belongs to the clan of the Gohel Rajputs, whose earliest traces in the region are found

somewhere in the 13th Century. But they removed themselves to Palitana only at a much later date.

In the year 1651, the Jains entered into a contract with the ancestors of the present Durbar, whereby the latter guaranteed protection to the pilgrims coming to the hill, and the Jains in return agreed to make some money payment.

Contractual relations of this sort were continued during centuries.

After the establishment of the Kathiawad Political Agency, a new agreement was signed in December 1821, according to which the Durbar was to receive from the Jain Community an annual sum of Rs. 4500/- for the protection guarranteed. And this agreement was acted upon for nearly 40 years.

In 1863, after a new enquiry the Government of Bombay fixed the annual payment at Rs. 15000/- per annum, and the agreement was consented for 40 years. But as an essential feature it was established, that, in the event of any modification of this sum becoming necessary, the British Government was to be the supreme deciding authority.

That Agreement of 1886 expired on 1st April 1926. Then a new claim of the Palitana Durbar was to allow it to levy a pilgrim tax which would be collected through its own agency. This tax was Rs. 5 a year from subjects of Palitana State, and Rs. 2/- per head from every foreign pilgrim.

But such s tax leads to very great inconvenience to the pilgrims. Therefore the Jain Community submitted a Rejoinder, showing that the payment hitherto made had been in the nature of a contractual obligation under agreement accepted by both parties.

The Contest was put before the Hon'ble Mr. C. C. Watson, Agent to the Governor General for States in Western India. The Honourable has decided, by an Order dated 12th July 1926, that the Durbar of Palitana is entitled to one Lac of Rs. i. e. 100000/- Rs. a year, and for a period of ten yeare, from the Jain Community, in commutation of his right to levy the pilgrim tax.

This amount which represents an increase of nearly 700 per 100, will generally be regarded as an exorbitant one. For it is in excess of what is required to guarrantee protection of the pilgrims. Moreover the normal revenue of the State being about seven lakhs of Rs. the addition of one lack signifies a substantial gain to the State but also a sort of spoliation of the Jain Community.

Therefore the Special Session of the Jain Swetamber Conferance has

strongly protested against the ordet of the Honourable C. C. Watson. In his Presidential address on the 31st July 1926, the Honourable Mr. Shriyut B. Singhi has reasonably suggested that "the supreme Government of India should appoint an authoritative and representative Commission of inquiry to investigate thoroughly into the whole question, and to report thereon dispassionately, on Judicial as well as Historical grounds."

So the Jains look to the British Government for equity and justice.

For the Jain Community is a peaceful, loyal and low-abiding one. Its rights are clear and guarranteed by many centuries. Meanwhile the Palitana Durbar claims to exercise sovereign authority over the holy Shatrunjaya and he risks, through an excess of his attitute to make it impossible for the Jains to visit their temples.

But justice does preserve sovereignty in the world, and the Jains have both equity and justice on their side. Therefore they have full confidence in the final decision of the British Government.

**Dr. A. Guerinot.**
French Jain Scholar,
PARIS.

---

# આકાંક્ષા.

બિચારાં! આશાનાં પંખિડાં! ઉડતાં ગગનાંગણુ ભણી કેવાં !
રૂપાના મહિ રાવણુ માંહે! હરો શું? અમૃત મેવા
હોંશ ધરી હૈયામાં અદકી, પ્રયાણુ કરી રહ્યાં લેવા !–બિચારાં. ૧

અનિલ જંઝા વાત સરિખો ઘૂમતો ચોગમ જોરે
વિકટ વાટ એમ કષ્ટ કારિણી ત્યાં ઉડવું કઇ પેરે ? !–બિચારાં. ૨

તપે રવિ અતિ તિવ્ર રોષથી, ત્યાં દહી રહ્યું સહુ કંઇએ
શ્રમિત બિચારાં પંખિડાં ! ક્યાં વિરામ શોધે તહીંએ ?–બિચારાં. ૩

ભીતિ ના પૂરની સામે એ તરવુ દુસ્કર કેવું !
આશાનાં માર્યાં પામર એ કરતાં સાહસ એવુ !–બિચારાં. ૪

નથી સહાનુભૂતિ, નથી સ્હાયકો, નથી પંથ શીવકારી !
ઉડવાનું એવા સંજોગે ! સમજીને ઈશ યારી !–બિચારાં. ૫

નશ્વર જગ પણ અમર આશ છે જરા ન શ્રદ્ધા ખૂંટે !
ભગ્ન હૃદય ભલે થાય તોય પણ નવ પલ્લવ ફરી ફુટે.–બિચારાં. ૬

સીનોર, તા. ૧૧-૧૨-૨૬. **ગોરધનભાઈ વીરચંદ શાહ.**

# શ્રી શત્રુંજયની એક ઐતિહાસિક બિના.

**વિક્રમસી ભાવસાર ચુપઇ.**

પુરુષ એક જગિ મેરુ સમાન,
તે વર્ણવું તહેં દિઉ કાન ।
સેત્રુંજા સમૂ ન તીરથ કોઇ,
મનિ આપણઇ વિમાસી જોઇ ॥૧॥

રવિ તલિ રાવણ સમૂં ન રૂખ,
દરસણિ દીઠઇ ભાજઇ ભૂખ ।
તીહ આગલિ આદિલ પ્રાસાદ,
તિહુયણ ઊપરી નખઇ નાદ ॥૨॥

પ્રભુ પૂજીજઇ ભલે ભોગિ,
બાની પઇઠા કરમ સંયોગી ।
તે પૂજારા પરહા કરી,
કાલા પાહાણ કરિ તીણઇ ધરી ॥૩॥

એ દેવ છઈ વાણિયા તણું,
અહ્મનઇ અરથ અપાવસીહં ઘણું ।
તેહ તણાં વયણાં સાંભલી,
પાખલિ ઘણી પરજ ખલભલી ॥૪॥

એકી ધાયા લેઇ ખાંડા છરી,
રહીયા દેઉલ પાખલી ફરી ।
એક ભણઇ એ અહ્મ આગમું,
જીમ મેહ્લાવી તઉ પુણું જમું ॥૫॥

તેહે વાતજ કીધી હોઇ,
આધાં થઇ ન સકઇ કોઇ ।
ભાવસાર વીક્રમસી ભણું,
સૂરાં ધુરિ નામ તેહ તણું ॥૬॥

પહિરી નિર્મલ ચાદર ધોતિ,
જસ શરિરિ સોવન્નહ જોતિ ।
હાથિ સુગંધ સેવત્રાં માલ,
આવિ કથા કહી દેપાલ ॥૭॥

જમડઢ જાંગિ બાંધિ કરી,
એક મતુ અલવિહિ સંચરી ।
તીણઇ બાની ડાબો લાવીયા,
તેહ તણી વાતઇ આવીયા ॥૮॥

તહાં તાં સોવર્ણ માગું બહૂ,
પરઠં પરઠં આપઇ સહૂં ।
હાથિ અ છઇ તે મુદ્રા ઘણી,
બેહૂ લાષી બિહુ જણ ભણી ॥૯॥

એક પ્રતિઇ ઇમ બોલઇ હસી,
આણી ન ભાઇ સૂકડી ઘસી ।
બીજાં પ્રતઈ ભણી કાં ભૂલ,
તૂં તા લેઇ આવિન ફુલ ॥૧૦॥

એક રહિઉ પરમેશ્વર પાસિ,
બીજા બે ઉતરીયા સાસિ ।
જુ અવલોઇ આદિ જિણુંદ,
તૂત હિયડઇ પરમાણુંદ ॥૧૧॥

સામી તણાં ચલણ અણુસરી,
બાની સાહિઉ બિહુ પગિ ધરિ ।
જમદઢ લીધી જિમણઈ હાથિ,
ડાબઈ બાનિ સાહિઉ બાથિ ॥૧૨॥

છબ છબ છુંદી પડઇ તીહં બેહૂ,
બિહુના સાહસ પાર ન લહૂં ।
છીપું કરઇ નવલું છીપણું,
બિબઇ ભરઇ નામ આપણઉં ॥૧૩॥

છીપું પાડઇ અભિનવી ભાતિ,
ધનકુલ ભણાવિ જાતિ ।
બાહરલા વાહરિ રાહાવિયા,
મારીતા ગાઢા (ધંટા) ? વહાવીયા ॥૧૪॥

વીક્રમસી ગભરાઇ રહિઉ,
ગુરુઉ દેવલોક ગએ ગહિઉ ।
રાયરાણા મોટા મંડલી,
બોલઇ બિરુદ મહાજન મીલી ॥૧૫॥

લુહડું મહાજન એહનઇ ભણું,
પહિલુ કલસજ ઇહુતણુ ।
જીહતણે ધરિ પાણી ગલઇ,
અભખ્ય ભખિણ જીદુંરિઇ ટલઈ ॥૧૬॥

માંસ મદિરા આસતા નહિ,
લહુ માહાજન તાહરઇ કહી ।
માણુ (પિતા) (ભાતા) રામહદૈનું પૂત,
આદિસર છલિ સરણિ પહુત ॥૧૭॥

ધન માતા જે ઉદરીઈં ધરીઉં,
ધન કલત્ર જિણું વર વરિઉ ।
વીકમસી ચરીત સાંભલઇ,
તેહ નર નારી અફલાં ફલુઇ ॥૧૮॥

॥ ઇતિ વીકમસી ભાવસાર ચુપદી ॥

નોંધ—આ ચોપઇ અમારાપર વઢવાણ કાંપથી મુનિ રંગવિજયે જૂના ચોપડામાંથી ઉતારી મોકલી આપી છે અને સાથે જે જણાવ્યું છે તે ભાષા સુધારી અત્ર આપીએ છીએ કે–"આ ચોપઇના સંબંધને મળતીજ બીના પાલીતાણાની આસપાસના ભાવસારોના મુખેથી પણ હાલ પણ સાંભળવામાં આવે છે. કારણ કે તેઓ તેના કુલનાજ–પિત્રાઇઓ ગણાય. તેઓ કહે છે કે અમારો વડવો વીકમસી કરીને હતો. તે જાતે ભાવસારના ટીમાણીઆ ગોત્રનો હતો ને લૂગડાં રંગવાનો (છીપાનો) ધંધો કરતો હતો. એકદા કામ કરી મધ્યાન્હ થતાં ઘેર જમવા આવ્યો તે વખતે ઘરમાં તેની ભોજાઇને કામ પ્રસંગે રસોઇ કરવાનું મોડું થયું. વીકમસીને ક્રોધ થયો ને આમ કરીશ ને તેમ કરીશ એમ તે કહેવા લાગ્યો એટલે ભોજાઈએ આવેશમાં કહ્યું કે આટલા બધા જોરાવર છો તો જાઓને સિદ્ધાચલજીને મુક્તાઘાટ (મુક્ત) કરોને ?–આ વખતે સિદ્ધાચલજી ઉપર મૂલ નાયકજીની ટુંકમાં વાઘે નિવાસ કર્યો હતો ને યાત્રાળુ તેથી જઈ શકતા નહિ. જાય તો હેરાન કરતો ને મારી પણ નાંખતો. આ વાઘ સામે પરાક્રમ કરો તો ખરા જોરાવર–એમ મેણું ભોજાઇનું થયું. વીકમસીએ કહ્યું કે સિદ્ધાચલને મુક્ત કરીને પછીજ ઘેર આવીશ.

'આ પ્રમાણે કહી વીકમસી ચાલી નીકળ્યો. સંઘને કહ્યું કે હું સિદ્ધાચલજી ઉપર વાઘને મારવા જાઉં છું. ઉપર જઇ વાઘને મારી ઘંટો વગાડું ને તમે સાંભળો તો જાણજો કે મેં વાઘને માર્યો ને જો ન સાંભળો તો મુને મુવો માનજો. આવું કહીને ઉપર જઇ વાઘને માર્યો. વાઘે પણ તેને મુવા જેવો કરી નાંખ્યો. છેવટે પોતે ધીરજ લાવી પોતા પાસેનું કપડું શરીરે મજબૂત બાંધીને ઘંટ પાસે આસ્તે આસ્તે જઇને ઘંટને જોરથી વગાડયો, ને સિદ્ધાચલજીને મુક્તાઘાટ કર્યો. યાત્રાલુઓને ત્રાસથી બચાવ્યા. યાત્રા ખુલ્લી કરી દીધી.

'આજ વીકમસી ભાવસારનો પાલીઓ હાલ સુધી કુમારપાલના દેરાસરજી પાસેજ નાનો આંબો હાલ રોપેલ છે તેની નીચે હયાત છે. તે મેં ઘણી વખત જોયો છે ! હજુ ટીમાણીઆ ગોત્રના ભાવસારો શત્રુંજય આસપાસ વસે છે ને તેમના છોકરાઓની છેડાછેડી ત્યાંજ છૂટે છે એમ કહેવાય છે.

આ દેપાલ કવિની કરેલી ચોપઇ હોય એમ જણાય છે. તેનું નામ વચમાં સાતમી ગાથામાં છે."

મુનિ શ્રી દર્શનવિજયજીને આજ ચોપઈ એક પાનામાં મળી છે. તેમને પૂછતાં તેઓ જણાવે છે કે 'વાઘને માર્યાનું સ્થળ–તે વાઘ–વાઘણ બચ્ચાવાળી વાઘણ પોળ કહેવાય છે તે છે એટલો મને વિશેષ ખ્યાલ છે."

આ ઉપરથી જણાશે કે બંધ થયેલી યાત્રાને જીવને જોખમે ખુલ્લી કરાવનારા વીરપુરૂષો જૈનોમાં હતા. હાલ જો કે જુદાંજ કારણે પણ બંધ થયેલી યાત્રાને ખુલ્લી કરાવનારા વીરો પ્રગટે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના !

# તમારી ફરિઆદ

પાચન શક્તિ કમ હોવાની, દસ્તની ચાલુ અટકાયતની, સ્વપ્ન દોષની, મગજની નબળાઇની, હાથ પગની કળતરની, કોઇ પણ કામ કરતાં થાકી જવાની, અને બહુ કમજોર હોવાની હોય તો વખત ખોયા વગર વાપરો

## પ્રખ્યાત પૌષ્ટિક

# આતંકનિગ્રહ

# ગોળીઓ.

એની ચમત્કારીક ફતેહ આજ ૪૫ વર્ષ થયાં જગજાહેર છે.

**કીંમત ગોળી ૩૨ બત્રીશની ડબી ૧ એકનો રૂ. ૧ એક.**

વિશેષ વિગત જાણવા માટે અમારૂં પ્રાઇસલિસ્ટ મંગાવો.

## વૈદશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

મુંબઇ-બ્રાન્ચ.
કાલબાદેવી રોડ,
**મુંબઇ.**

આતંકનિગ્રહ ઔષધાલય,


**જામનગર**—(કાઠિયાવાડ).

માત્ર રૂપીઆ ત્રણમાં

## એક ઘડીઆળ

જરા પણ અચકાશો નહિ

આજે જ ઑર્ડર મોકલો કારણ કે અમારૂં



## ટીક—ટેક

## TIC-TAK Regd. Wall clock

ઘડીઆળ નિયમિત ટાઈમ આપે છે.

—સર્વેની પસંદગી પામેલું છે—


અને તેમ છતાં ઘરનાં સુન્દર શણગાર રૂપ પણ છે.


—ઃ ફક્ત રૂપિયા ત્રણ ઃ—

**PETER WATCH Co., P. B. 27, MADRAS.**

---

**આ ઑફર મફત!!**




**આ ઑફર મફત!!**

અમારા અઢાર કેરેટ રોલ્ડગોલ્ડ તારા લીવર "રજીસ્ટર્ડ" ખીસા ઘડીઆળના ખરીદનારાઓને, અમારૂં "C" સી રજીસ્ટર્ડ ટાઇમપીસ મફત આપીએ છીએ. આ ઑફર માત્ર થોડા વખતની છે. હમણાં જ લખો. ખીસા ઘડીઆળ માટે તેના ડાયલ પર બનાવનારાઓની પાંચ વર્ષની ગેરંટીની સ્ટેમ્પ આપવામાં આવેલ છે.

(કિંમત રૂ. ૫)

લખોઃ— **કેપ્ટન વૉચ કું.** પોસ્ટ બોક્ષ ૨૬૫ મદ્રાસ.

**CAPTAIN WATCH COY.**

P. B. 265, MADRAS.

## તમારી પાઠશાળા અને કન્યાશાળાના મેલાવડા પ્રસંગે છોકરાં-છોકરીઓને ઇનામ માટે કયાં પુસ્તકો પસંદ કરશો?

**જૈનસાધુઓએ, જૈનપત્રકારોએ અને જૈનવિદ્વાનોએ જે પુસ્તકો પસંદ કર્યા છે તે આ રહ્યાં !!**

૧. કુમારિકા ધર્મ; ૨. કુમારિકાને પત્રો; ૩. જૈનનીતિપ્રવેશ; ૪. જૈનકાવ્ય પ્રવેશ; ૫. જીવન ચર્યા; ૬. જ્ઞાનપંચમી અને તેનું ઉદ્યાપન. દરેકની છુટક કીંમત રૂ. ૦—૪—૦ રાખવામાં આવી છે. સામટી નકલો મંગાવનારને આ ભાવે પુસ્તકો મળશે:— ૧૦૦ નકલના રૂ. ૨૦; ૭૫ નકલના રૂ. ૧૫; ૨૫ નકલના રૂ. ૫. આ ભાવે ૨૫ થી ઓછી નકલ મોકલાતી નથી.

તુરત આજેજ લખો:—

**માવજી દામજી શાહ,**
કામાલેઇ, ઘાટકોપર.



( રજીસ્ટર્ડ નં૦ ૪૪ )

# વીર બામ

માથા તથા છાતીના દુઃખાવા, સંધીવા, ઇન્ફ્લુએન્ઝા વિગેરે હરેક પ્રકારનાં દરદો ઉપર મસળવાથી તુરત જ આરામ કરે છે.

# વીર ઓઇન્ટમેન્ટ

ખસ ખરજવાનો અકસીર મલમ.

દરેક દવા વેચનાર તથા ગાંધી વી. રાખે છે.

**પ્રો:—મોહનલાલ પાનાચંદની કું.**
ઠે. વડગાદી, ભીખ ગલી-મુંબઈ ૩.

**એજન્ટ:—મોરારજી રણછોડ.**
ઠે. જુમામસ્જીદ, મુંબઇ ૨



## TALISMANS AND CHARMS

**For those People to Avoid all Sorts of Misfortunes and enter the Gates of Successful Life.**

| | Rs | As. |
|---|---|---|
| For Honour, Riches, Learning and Greatness | 7 | 8 |
| For Health, Physical Strength, etc ... | 7 | 8 |
| For Power of Eloquence, Speeches, etc. | 7 | 8 |
| For Success in any Under-taking or Litigation, etc.... ... ... | 10 | 0 |
| For success in Sport, Racing, Cards, Games of Chance, etc. ... ... | 7 | 8 |
| For Success in Spiritual and Religious Life | 10 | 0 |
| For Success in Trade and Business... | 10 | 0 |
| For Men's Love to Women ... | 7 | 8 |
| For Women's Love to Men ... | 10 | 0 |
| For Love of Opposite Sex, Attractive Power | 7 | 8 |
| For Agricultural Prosperity, Farming, Good Crops, etc. ... ... | 7 | 8 |
| For Success in Minning Plumbago, etc. | 100 | 0 |
| For Success in Gemming ... ... | 225 | 0 |
| Rabbi Solomon's Special Talisman for every success ... ... | 15 | 0 |
| Specially valued and worn by every successful Hebrew, 2nd quality ... | 21 | 0 |
| 1st quality ... | 30 | 0 |

*NOTE:-A Money Order or G.C. Notes will bring the Talisman to your door. One Extensive Life Reading Rs.15, two Rs.25, three Rs.30 or more at a time at Rs.10 per reading. Remit with birth date. Always the full amount should be remitted in advance. No. V.P.P.*

Apply to:— **D. A. RAM DUTH,** Astrologer,
No.30&55 (T. Y.) Cheku Street, Colombo,(Ceylon).


## નીચેનાં પુસ્તકો કૉન્ફરન્સ ઑફીસમાંથી વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલિ | રૂા. ૧—૮—૦ |
| શ્રી જૈન ડીરેકટરી ભા. ૧-૨ સાથે | ૧—૦—૦ |
| ,, ,, ભા. ૧ લો | ૦—૮—૦ |
| શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ | ૦—૧૨—૦ |
| પાઇઅલચ્છીનામમાલા પ્રાકૃત કોશ | ૧—૦—૦ |
| જૈન ગૂર્જર કવિઓ | ૫—૦—૦ |

આ માસીક સાથે હેન્ડબીલ વહેંચાવવા તથા જાહેર ખબર માટે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો. એક અંક માટે જાહેર ખબરનો ભાવ રૂા. ૬—૦—૦ વધુ માટે લખો—

આસીસ્ટન્ટ સેક્રેટરી,

**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.**
૨૦ પાયધુની પોસ્ટ નં. ૩
મુંબઇ.

**SALE!** **SALE!!** **SALE!!!**

**Grand Reduction Sale**

# Cheapest Rates Possible!!!

Every home of India knows what the *world Renowned "B" Time piece is.* Every part of the machinery is guaranteed to be strong and fine. 36 Hour's winding. Guaranteed for 3 years. Buyers beware of Imitation *"B" Time Pieces.* When buying one, please see that it is made in Germany and the "B" mark carefully. Re. 1-12-0 each. Alarm Time Pieces Rs. 2-8-0 each. Postage etc., extra.

*The Time Piece Seller.*

**30, Garanhalta Street,**

*CALCUTTA.*

*N. B.*—All correspondence should be made in English.

**COPY**

**"Six rupees will save hundred"**

# Trial Solicited!

**Alpaka Shari!** **Alpaka Shari!!**

Do you wish to please your lover? Then buy at once a piece of our "Alpaka Shari" It is as pure and fine as a valuable Benarashi Shari." It will save you much in giving presentations to your relatives.

We are guarantee for this Price Rs. 6 each. Postage extra.

*The Bengal Silk Agency,*

**30, Garanhata Street,**

**CALCUTTA.**

*N. B.*—All correspondence should be made in English.

# *On 1 Rupee, 224 items of Reward.*

In purchasing ointment for Ringworm or 4 small cases of Kashmere "Jarda" in one rupee, there will be rewards as follows :—

One gross of Blue Black Ink Tablet (144), one Penholder, 12 nibs, 25 pieces of Transfer pictures, 25 needles, one bundle of thread, one solid ring, Two buttons 16 packets of Tooth powder, one safety pin, one toy—wrist watch, one soap, one chest Coard of horse-race, one chess Coard of a maze, one Book on Gopal Bhar one book on Theatrical Songs.

**Sarkar Brothers,**

***2, Garanhata Street,***

*CALCUTTA,*

*N. B.*—All correspondence should be made in English.

તૈયાર છે! સત્વરે મંગાવો!

# "જૈન ગૂર્જર કવિઓ."

## આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ.

ગુર્જર સાહિત્યમાં જૈનોએ શું ફાલો આપ્યો છે તે તમારે જાણવું હોયતો આજેજ ઉપરનું પુસ્તક મંગાવો.

"જૈન ગૂર્જર કવિઓ" એટલે શું? ગુજરાતી ભાષાના આદિ કવિ કોણ? યુગ પ્રવર્તકો કોણ? જૈન રાસાઓ એટલે શું? ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ કેવી રીતે થયા?

આ પુસ્તક જૈન સાહિત્યનો મહાસાગર છે કે જેમાં રહેલા અનેક જૈન કવિ રત્નોને પ્રકાશમાં લાવી ગુર્જર ગિરાનો વિકાસક્રમ આલેખવા તેના **સંગ્રાહક અને પ્રયોજક શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇએ** અથાગ પરિશ્રમ લીધો છે. તેમાં અપભ્રંશ સાહિત્યનો તથા પ્રાચીન ગુજરાતીનો ઇતીહાસ, જૈન કવિઓ ના ઐતિહાસિક અતિ ઉપયોગી મંગલાચરણો તથા અંતિમ પ્રશસ્તિઓ, તેમજ અગ્રગણ્ય કવિઓના કાવ્યોના નમુનાઓ આપવામાં આવ્યા છે. દરેક કવિની સર્વ કૃતિઓનો—ઉલ્લેખ તથા સમય નિર્દેશ કરવામાં આવ્યા છે. **કિંમત રૂ. ૫-૦-૦. પ્રથમ ભાગ**—માત્ર જુજ પ્રતો હોઇ દરેકે પોતાનો ઑર્ડર તુરત નોંધાવી મંગાવવા વિનંતિ છે.

લખોઃ—

૨૦ પાયધુની,
ગોડીજીની માલ
ત્રીજે દાદરે,
મુંબાઈ નંબર ૩.

મકનજી જે. મ્હેતા.
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.
ઓ. રે. જનરલ સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસ.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## પાયધુની–મુંબઇ નં. ૩

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ઉપરોક્ત યોજના તેના આશયો અને પરિણામજન્ય અમલી કાર્યની જૈન સમાજ સમક્ષ ટુંકી પણ રૂપરેખા જાહેર ખબરદ્વારા અગર હેંડબીલદ્વારા રજુ કરવી એ તદ્દન બિન જરૂરીઆતવાળું ગણી શકાય. સબબ આ યોજના જૈન ભાઈઓમાં સર્વમાન્ય અને જગજાહેર જ છે. આ યોજના એ સંસ્થાનું અને સમાજનું જીવન છે. જૈન જનતાના ભવિષ્યની રેખા દોરવા હિંમત ધરનાર જો કોઈપણ યોજના હોય તો તે સુકૃત ભંડાર ફંડ એક જ છે કે જ્યાં ગરીબ અને તવંગર વચ્ચે કોઈ જાતનો અંતર રહેતો નથી અને સમાનતા, બંધુત્વ વિગેરે ભાવનાઓ ખીલવી સમાજને સુશિક્ષિત બનાવી હિતકર કાર્યો કરવા આ સંસ્થાને જોશ અને જીવન અર્પે છે. આ ફંડમાં ભરાતાં નાણાંમાંથી ખર્ચ બાદ કરી બાકીનો અડધો ભાગ કેલવણીના કાર્યમાં વપરાય છે, અને બાકીના અડધા સંસ્થાના નિભાવફંડમાં લઇ જવામાં આવે છે કે જે વડે સમસ્ત સમાજને શ્રેયસ્કર કાર્યો કરી શકાય. આપણા સમાજમાં અનેક સ્ત્રી પુરૂષો ઉચ્ચ કેળવણીથી વંચિત રહે છે તે બનવા ન પામે અને તેમને કેળવણી લેવામાં અનેક રીતે મદદરૂપ થવા આ સંસ્થા પોતાના પ્રયાસો કરી રહી છે અને તે આ ફંડની વિશાળતા ઉપર જ આધાર રાખે છે. તેથી પ્રત્યેક જૈન બંધુ વરસ દહાડામાં માત્ર ચાર આનાથી સ્વશક્તિ અનુસાર મદદ અર્પી પોતાના અજ્ઞાત બંધુઓનું જીવન કેળવણીદ્વારા સુધારી અગણિત પુણ્ય ઉપાર્જન કરી શકે છે. માટે સર્વે જૈન બંધુઓને આ ફંડમાં સારી રકમ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ચાર આના પ્રત્યેક વ્યક્તિએ દરવર્ષે આપવા એ મોટી વાત નથી. અઠવાડીયે એક પાઈ માત્ર આવે છે, પણ જો આખી સમાજ જાગૃત થાય તો તેમાંથી મોટી સંસ્થાઓ નભાવી શકાય એવી સુંદર યોજના છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ફંડને જરૂર આપ અપનાવશો અને આપની તરફના પ્રત્યેક નાના મોટા ભાઇઓ, બહેનો એનો લાભ લે, એમાં લાભ આપે એવો પ્રયત્ન કરશો. બીજી કોમો આવી રીતે નાની રકમોમાંથી મોટી સંસ્થાઓ ચલાવે છે તે આપ જાણો છો. તો આપ જરૂર પ્રયત્ન કરશો. આખી કોમની નજરે આપને કૉન્ફરન્સની જરૂરીઆત લાગતી હોય તો આ ખાતાને ફંડથી ભરપૂર કરી દેશો. સુજ્ઞને વિશેષ કહેવાની જરૂર ન જ હોય.

સેવકો,

**મકનજી જુઠાભાઈ મહેતા**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

ઓ. રે. જ. સેક્રેટરીઓ, શ્રી. જૈ. શ્વે. કૉન્ફરન્સ.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડનું
### વિશાળ કાર્યક્ષેત્ર.

૧ સદરહુ બૉર્ડ નવી તેમજ ચાલુ પાઠશાળાઓને મદદ આપી પગભર કરે છે.

૨ જે વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ વધારવા માગતા હોય પણ નાણાની સગવડ ના હોય તેમને સ્કૉલરશીપો આપી ઉચ્ચ કેળવણી અપાવે છે.

૩ બાલકો, બાલીકાઓ, સ્ત્રીઓ તેમજ પુરૂષોની હરીફાઈની ધાર્મિક પરીક્ષા દરવર્ષે ડીસેમ્બરમાં લેછે. અને લગભગ રૂ. ૧૦૦૮નાં ઇનામો દરવર્ષે વ્હેંચી આપે છે.

૪ ઉચ્ચ કેળવણી માટે ખાસ સગવડ કરી આપે છે.

૫ વાંચનમાળાઓ તૈયાર કરાવરાવે છે.

૬ બીજા પરચુરણ કામો પણ કરે છે.

આ ખાતાના લાઇફ મેમ્બરો અને સહાયક મેમ્બરોની આર્થિક મદદથી ઉપરનાં કાર્યો થાય છે. આ ખાતાને રકમો મોકલવી તે પોતાની જાતને ચેતન આપવા બરાબર છે.

—: મેમ્બરો માટે :—

લાઇફ મેમ્બર થવાને રૂ. ૧૦૦) એકી વખતે સહાયક મેમ્બર થવાને દર વર્ષે ફક્ત રૂ. પાંચ જ આપવાના છે.

૨૦ પાયધુની, મુંબઇ ૩.

ઓન. સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશનબોર્ડ.

---

**રાજા મહારાજાઓ.**

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે–ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવ એનાલાઈઝ થયેલ છે.

# બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

**ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ–કાઠીયાવાડ.**

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન–સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવે છેઃ—

(૧) હાઇસ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણથી અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

(૨) ટ્રેઇનીંગ કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.

(૩) મિડવાઇફ કે નર્સ થવા માટે.

(૪) હિસાબી જ્ઞાન, ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, વિગેરેના અભ્યાસ માટે.

(૫) કળા કૌશલ્ય એટલે ચિત્રકળા, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વિજળી ઇત્યાદીના અભ્યાસ માટે.

(૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે લિખિત કરારપત્ર કરી આપવું પડશે. કમીટીએ મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચ સહીત વગર વ્યાજે પાછી વાળવાની છે.

વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે લખોઃ—

ગોવાળીઆ ટેંકરોડ,
ગ્રાંટરોડ, મુંબઈ.

ઓનરરી સેક્રેટરી,
શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.